કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.

PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

સાપ્તાહિક

**ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો :** ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com

તા.૧૯ એપ્રિલ,૨૦૨૬ રવિવાર
કિંમત રૂા.૨/-

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૨ વર્ષોથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
-: સ્થળ :-
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

♦અંક નંબર : ૪૮♦વર્ષ : ૩૨ ♦પાના -૧૨ ♦ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ♦Regd No. G-KCH - 184-2019-2021 ♦GUJGUJ/2008/25151♦ સંવત ૨૦૮૨ ♦ વૈશાખ સુદ-૨ ♦ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ♦ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ♦ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# નારી શક્તિનું અપમાન સાંખી નહીં લેવાય : CM

## કોંગ્રેસની મહિલા વિરોધી માનસિકતા ખુલ્લી પડી, દેશની નારી શક્તિ જડબાતોડ જવાબ આપશેઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



ગાંધીનગરઃ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીએ આજે યોજાયેલી એક વિશેષ પ્રેસ કોન્ફરન્સમાં 'નારી શક્તિ વંદન અધિનિયમ' મુદ્દે વિપક્ષ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, જ્યારે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મહિલાઓને સમાન અધિકાર આપવાનું ઐતિહાસિક કાર્ય થઈ રહ્યું છે, ત્યારે કોંગ્રેસે હંમેશની જેમ નકારાત્મકતાની રાજનીતિ કરી આ પ્રક્રિયામાં રોડા નાખવાનું કામ કર્યું છે.

મુખ્યમંત્રીએ કોંગ્રેસની આકરી ટીકા કરતા કહ્યું કે, કોંગ્રેસ પક્ષની સંકુચિત માનસિકતા અને બે મોઢાની રાજનીતિ આજે દેશની જનતા સામે ખુલ્લી પડી ગઈ છે. એક તરફ કોંગ્રેસ મહિલા સશક્તિકરણના દાવા કરે છે અને બીજી તરફ જ્યારે બહેનોને સંસદ અને વિધાનસભામાં સમાન અધિકાર આપવાની તક આવે છે, ત્યારે તેનો ખુલ્લેઆમ વિરોધ કરે છે. તેમણે ઉમેર્યું કે, દેશમાં જે પણ હકારાત્મક સુધારા થાય છે, કોંગ્રેસ માત્ર વિરોધ ખાતર વિરોધ કરવાની પોતાની આદત છોડી શકતી નથી.

પ્રેસ સંબોધન દરમિયાન મુખ્યમંત્રીએ મક્કમતાથી જણાવ્યું કે, મહિલાઓના સમાન અવસર અને અધિકારોનો વિરોધ કરીને કોંગ્રેસે દેશની અડધી આબાદીનું અપમાન કર્યું છે. ગુજરાત અને દેશની બહેનો આ અપમાનનો જડબાતોડ જવાબ આપશે. બહેનોના પ્રગતિના પથમાં અવરોધ ઊભા કરનારા તત્વોને જળમૂળમાંથી ઉખેડી ફેંકવાનો

અનુસંધાન પાના નં.૪ પર

## ચૂંટણી એક્સ-રેઃ ૭૮ % મતદારોને માત્ર નેતા નહીં, 'ગ્રેજ્યુએટ એક્સપર્ટ' જોઈએ!

**મહત્તમ યુવાનો ટેક-સેવી નેતૃત્વના પક્ષમાં:મનોવૈજ્ઞાનિક સર્વે : ૫૬ % મતદારો ટિકિટ વિતરણમાં જ્ઞાતિવાદ અને પક્ષીય વફાદારીની પદ્ધતિથી અસંતુષ્ટ : શૈક્ષણિક લાયકાતને મહત્વ આપવાનો યુવા-મત ૬૪ % શહેરી લોકો માટે ટ્રાફિક, પાર્કિંગ, રખડતા પશુઓ અને શ્વાનો માથાનો દુઃખાવો, સ્થાનિક રોજગાર અને સ્ટાર્ટ-અપની અપેક્ષા**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે મતદારોનાં મનમાં પરિવર્તનની એક સુષુપ્ત લહેર જોવા મળી રહી છે. પરંપરાગત રીતે ચૂંટણીઓ જ્ઞાતિવાદ અને પક્ષીય વફાદારી પર લડાતી રહી છે, પરંતુ હાલમાં એક મનોવૈજ્ઞાનિક સર્વેમાં જણાયું કે ખાસ કરીને યુવા પેઢી હવે ચૂંટણીમાં ઉમેદવારની પસંદગી કે ચૂંટાયેલા નેતાઓની કાબેલિયતમાં ભાવનાત્મક મુદ્દાઓ કરતાં શૈક્ષણિક લાયકાત અને ટેકનોલોજિકલ સક્ષમતાને વધુ મહત્વ આપી રહી છે. કદાચ એટલે જ આ વખતે ભાજપ-કોંગ્રેસ જેવા રાજકીય પક્ષોએ ટિકિટ ફાળવતી વખતે સોશ્યલ મીડિયામાં વધુ ફોલોઅર્સ ધરાવતા દાવેદારોને અગ્રતા આપી હતી. રાજ્યના ૭૮ % મતદારો મક્કમપણે માને છે કે જો સરકારી તંત્ર ચલાવતા અધિકારી કે કર્મચારીઓ માટે શૈક્ષણિક લાયકાતની ડિગ્રી જરૂરી હોય, તો તેમને આદેશ આપતા નેતા માટે ગ્રેજ્યુએટ સુધીનો અભ્યાસ અનિવાર્ય હોવો જ જોઈએ. જનતા હવે એવા નેતા ઈચ્છે છે જે વહીવટી અને કાનૂની પ્રક્રિયા તથા ડિજિટલ ફાઈલોને જાતે સમજી શકે. જો કે, રાજકીય પક્ષો હજુ પણ જીતી શકે તેવા ઉમેદવાર તરીકે જ્ઞાતિના જોરે ટિકિટ આપે છે, પરંતુ ૫૬ % લોકો આ પદ્ધતિથી અસંતુષ્ટ છે. લોકો ઈચ્છે છે કે પ્રોફેશનલ્સ અને બુદ્ધિજીવીઓ આગળ આવે. વળી, પીઢ મતદારો માનેછે કે, ડિગ્રી કરતા જનસેવાની ભાવના વધુ મહત્વની છે, સાથે ટેકનોલોજીના સમયમાં શિક્ષણ પણ અનિવાર્ય છે. જો કે, વિકલ્પના અભાવે ઘણાખરાં લોકો ઉમેદવારને જોયા વગર પક્ષનાં પ્રતીકને મત આપે છે.

શહેરી ક્ષેત્રમાં ૪૫% મતદારોનો અનુભવ એવો છે કે સ્થાનિક સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવવાને બદલે

અનુસંધાન પાના નં.૪ પર

## સ્થાનિક ચૂંટણીમાં રેલી કરતાં રીલ્સની ચર્ચા વધુ! ઉમેદવારો લાખો ખર્ચવા તૈયાર, વોટર્સના ડેટા પર પણ નજર

**ફિલ્મી સ્ટાઈલવાળા વીડિયોથી મતદારોને આકર્ષવાની મથામણ : વોર્ડવાઈઝ મતદારોના ડેટાવાળો સોફ્ટવેર વેંચાતો લઈને ભાડૂતી માણસો દ્વારા કરાવાતા કોલ-મેસેજ : ડિજિટલ પ્રચારમાં જેટલી 'રીચ' એટલો વધુ ખર્ચ : ભદ્ર લોકો સુધી વાત પહોંચાડવાનો ભાવ ઊંચો**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીનાં ઉમેદવારો હવે પરંપરાગત સભાઓ અને રેલીઓ સાથોસાથે સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો પણ વ્યાપક ઉપયોગ કરી રહ્યા છે. ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને યુ-ટ્યુબ જેવા માધ્યમો ચૂંટણી પ્રચાર માટે મુખ્ય હથિયાર બની રહ્યાં હોવાથી કન્ટેન્ટ ક્રિએટર્સ અને ડિજિટલ માર્કેટિંગવાળાઓને કમાણીની સીઝન ખૂલી છે.

સોશિયલ મીડિયા દ્વારા પ્રચાર વધુ ઝડપથી અને ઓછી કિંમતમાં મોટી સંખ્યામાં લોકો સુધી પહોંચે છે. તેમાં ઘણાં લોકો કોમેન્ટ્સ અને મેસેજ દ્વારા સીધો પ્રતિસાદ પણ આપે છે, જેનાથી ઉમેદવાર લોકમિજાજ જાણી શકે છે. રાજકોટ-સૌરાષ્ટ્રના યુવાનોમાં પણ આ પ્રકારનો પ્રચાર લોકપ્રિય બન્યો છે. ઘણાં યુવાનો ઉમેદવારોના વીડિયો શેર કરે કરે છે અને તેમના અભિપ્રાય પણ જાહેર કરે છે. કેટલાંક ઉમેદવારો દ્વારા દસ દિવસ પ્રચાર માટે કોન્ટ્રાક્ટ રાખવામાં આવ્યો છે, જેમાં રોજના ૨થી ૫ હજાર રૂપિયા ચાર્જ લેતા કેમેરામેન ઉમેદવારની સાથે અલગ-અલગ વિસ્તારોમાં ફરીને બેથી ત્રણ કલાકનો વીડિયો શૂટ કરે છે.

ઉમેદવારની લોકો સાથેની મુલાકાત, હારતોરા સહિત જુદા-જુદા કોન્સેપ્ટ અને કન્ટેઈન મુજબ સારા શોટ મિક્સ કરવામાં આવે છે અને ૧૦ સેકન્ડ આસપાસના વીડિયોમાં ફિલ્મનાં ગીતો અને ડાયલોગ મુકવામાં આવે છે. રોજ દિવસ દરમિયાન એ અલગ-અલગ રીલ્સ ઈન્સ્ટાગ્રામ અથવા ફેસબુકમાં અપલોડ કરાતી રહેશે.

ઉમેદવારો જુદી-જુદી કંપનીઓ પાસેથી એક પ્રકારને સોફ્ટવેર ખરીદ કરે છે. આ સોફ્ટવેર ૭૦ હજાર રૂપિયાથી વધુની કિંમતનો હોય છે, જેમાં વોર્ડ પ્રમાણે મતદારોના ફોન નંબર સહિતનો ડેટા હોય છે. ત્યારબાદ દરેક વોર્ડમાં દસથી વધુ માણસોને બેસાડીને વોર્ડના મતદારોના મોબાઈલ નંબર પર કોલ, એસ.એમ.એસ, વ્હોટસ એપ મેસેજ અને પ્રચારાત્મક વીડિયો મોકલાવવામાં આવે છે. આ માણસોને

અનુસંધાન પાના નં.૪ પર

## ભારતીય જહાજો પર ફાયરિંગ બાદ ડેમેજ કંટ્રોલ! ઈરાને કહ્યું- આપણાં ૫ હજાર વર્ષ જૂના સંબંધ, જલ્દી ઉકેલ આવશે

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : હોર્મુઝ સ્ટ્રેટમાં 'જગ અર્ણવ' અને 'સનમાર હેરાલ્ડ' નામના ભારતીય ટેન્કરો પર થયેલા ફાયરિંગે દિલ્હીમાં રાજકીય ગરમાવો વધારી દીધો છે. ભારતીય વિદેશ મંત્રાલયે ઈરાનના રાજદૂત ડો. મોહમ્મદ ફથલીને સમન્સ પાઠવીને કડક શબ્દોમાં વિરોધ નોંધાવ્યો છે. ભારતે સ્પષ્ટ કર્યું છે કે જહાજો અને નાવિકોની સુરક્ષા સાથે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં.

દિલ્હીમાં જ્યારે રાજદ્વારી ખેંચતાણ ચાલી રહી હતી, ત્યારે હૈદરાબાદમાં ઈરાનના સર્વોચ્ચ નેતાના પ્રતિનિધિ ડો. અબ્દુલ મજીદ હકીમ ઈલાહીએ હવે ડેમેજ કંટ્રોલ શરૂ કર્યું છે. તેમણે દાવો કર્યો કે તેમને આવી કોઈ ફાયરિંગની ઘટનાની જાણ નથી. ઈલાહીએ ભારત અને ઈરાનના ૫ હજાર વર્ષ જૂના સંબંધોને યાદ કરતા કહ્યું કે ભારતને હોર્મુઝના માર્ગથી ઘણો ફાયદો થયો છે અને બંને દેશો વચ્ચેના સંબંધો અત્યંત મજબૂત છે. ઈરાન યુદ્ધ નહીં પણ શાંતિ ઈચ્છે છે અને આશા છે કે આ ગૂંચવણ જલ્દી ઉકેલાઈ જશે.

અનુસંધાન પાના નં.૪ પર

## ઘરમાં ઈલેક્શન કાર્ડ હશે, મતદાર યાદીમાં નામ હશે, છતાં ગુજરાતની ૭૩૧ બેઠકો પર મતદારો પોતાના મત નહિ આપી શકે

ગાંધીનગર : ગુજરાતની ચૂંટણીમાં પહેલીવાર એવું મળ્યું કે, ઘરમાં મતદાર કાર્ડ છે, મતદાર યાદીમાં નામ પણ છે, છતાં મતદારો પોતાના મતનો ઉપયોગ નહિ કરી શકે. દેશમાં લોકશાહી છે, પરંતુ રાજકારણના ખેલને કારણે પહેલીવાર ૭૩૧ બેઠકો પરના નાગરિકો પોતાના મતનો ઉપયોગ નહિ કરી શકે. જેનું મોટું કારણ એ છે કે, ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના જંગમાં પહેલીવાર ૭૩૧ બેઠકો બિનહરીફ થઈ છે.

ગુજરાતની ચૂંટણીમાં પહેલીવાર રેકોર્ડબ્રેક ૭૩૧ બેઠકો ગુજરાતમાં બિનહરીફ થઈ ગઈ છે. ભાજપ તેને પોતાની જીત ગણાવી રહ્યું છે. પરંતું આ મતદારોની હાર છે. લોકશાહીમાં મતદાન કરવાનો હક દરેક નાગરિકને છે. રાજકીયો પક્ષો કાવાદાવા કરીને ચૂંટણી જ રદ કરાવી દે છે. હવે ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં બિનહરીફ થયેલી ૭૩૧ બેઠકો પર કોઈ મતદાન નહિ થાય, એટલે નાગરિકોને પણ પોતાની મરજીનો પ્રતિનિધિ કરવાનો મોકો નહિ મળે.

ગુજરાતમાં ચૂંટણીઓ બિનહરીફ કરવાનો નવો ટ્રેન્ડ શરૂ થઈ ગયો છે. પરંતુ ગુજરાત સ્થાનિક ચૂંટણીઓમાં ૭૩૧ બેઠકો બિનહરીફ થવું એ પણ લોકશાહીનું હનન છે. કારણ કે, લાખો મતદારો પોતાના મતાધિકારથી વંચિત રહી જશે. રાજકીય પક્ષોના ખેલમાં મતદારોનો શું વાંક ગણી શકાય. ચૂંટણી જ ન થાય, તો ચૂંટણી કેવી હોય છે તેનાથી નવી પેઢી અજાણ રહી જશે. હાલ સત્તાપક્ષ તો પોતાની આ જીતને ગર્વથી વધાવી રહ્યું છે, પરંતુ મતદારોનું કોઈ વિચારતું નથી. હવે જનતામાં

અનુસંધાન પાના નં.૪ પર

## મહિલા વિરોધી કોંગ્રેસને ઓળખીને જાકારો આપો : ભુજમાં ભાજપ પ્રદેશ મહામંત્રી અજય બ્રહ્મભટ્ટનો હુંકાર

**કચ્છઉદયને શ્રી બ્રહ્મભટ્ટ એ આપેલી મુલાકાતમા કોંગ્રેસની માનસિકતા પર કર્યા પ્રહાર તથા ભાજપનો વિજય સંકલ્પ અને જનતાની ભાગીદારી પર વ્યક્ત કર્યો વિશ્વાસ**

ભુજઃ કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચારમાં વેગ લાવતા ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અને કચ્છ ઝોન પ્રભારી અજય બ્રહ્મભટ્ટે ગત રોજ ભુજ ખાતે આયોજિત ભવ્ય જનસભા બાદ કચ્છદયને આપેલી ખાસ મુલાકાતમા વિપક્ષ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કાર્યકરો અને મતદારોને જણાવ્યું હતું કે, કોંગ્રેસ હંમેશા વિકાસ વિરોધી માનસિકતા ધરાવે છે અને હવે જનતાએ આ પક્ષને બરાબર ઓળખી લેવાની જરૂર છે.

અજય બ્રહ્મભટ્ટે કચ્છની પ્રજાને અપીલ કરતા કહ્યું કે, વિપક્ષ કોંગ્રેસ શહેરીકરણ અને શહેરોમાં અપાતી વિકાસલક્ષી ગ્રાન્ટનો સતત વિરોધ કરી રહી છે. ખાસ કરીને 'નારી વંદના બિલ'નો વિરોધ કરીને કોંગ્રેસે ગુજરાતની ૫૦% મહિલા શક્તિનું અપમાન કર્યું છે. તેમણે ઉમેર્યું કે, જે પક્ષ ગુજરાતના મોડેલ અને વિકાસના કામોમાં અવરોધ ઊભા કરતો હોય, તેને સત્તામાં રહેવાનો કોઈ અધિકાર નથી. કોંગ્રેસ દ્વારા અગાઉ કરવામાં આવેલા નકારાત્મક નિવેદનોનો ઉલ્લેખ કરી તેમણે જણાવ્યું કે, ગુજરાતમાં અવરોધ ઊભા કરનારા તત્વોને શોધી-શોધીને જનતાએ જાકારો આપવો જોઈએ.

કચ્છ ઉદય સાથેની ખાસ વાતચીતમાં અજય બ્રહ્મભટ્ટે એક મહત્વપૂર્ણ ખાતરી આપી હતી કે, જો ભુજ નગરપાલિકામાં તમામ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીનો વિજય થશે, તો આગામી નગરપાલિકાનું પ્રથમ બોર્ડ સીધું જનતાની વચ્ચે જઈને યોજાશે. નગરપાલિકાના તમામ



કામો જનતાના સૂચનો અને તેમની જરૂરિયાતો મુજબ જ કરવામાં આવશે.

વધુમાં, તેમણે ખાતરી આપી હતી કે ભુજના અટકેલા કે જરૂરી વિકાસકામો માટે તેઓ પોતે રાજ્ય સરકાર કક્ષાએ અસરકારક રજૂઆતો કરી ભંડોળ મેળવશે.

આ પ્રસંગે તેમણે ઉપસ્થિત મહિલાઓને હાકલ કરી હતી કે, તેઓ ઘરે-ઘરે જઈને ભાજપ ની વિકાસની નીતિઓ પહોંચાડે અને કોંગ્રેસના મહિલા વિરોધી અભિગમને ખુલ્લો પાડે. આગામી ચૂંટણીમાં ભાજપને ભવ્ય બહુમતી અપાવી વિકાસના મેન્ડેટને મજબૂત કરવા તેમણે આહવાન કર્યું હતું.

## પાકિસ્તાન પર આંધળો વિશ્વાસ અમેરિકા પર ભારે પડશે! ટ્રમ્પનો 'ફેવરિટ' જનરલ મુનીર જ બન્યો મોટો ખતરો

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ જેમને પોતાના 'ફેવરિટ ફિલ્ડ માર્શલ' ગણાવે છે, તે પાકિસ્તાની આર્મી ચીફ જનરલ આસિમ મુનીર હવે અમેરિકાની સુરક્ષા એજન્ડામાં શંકાના ઘેરામાં આવ્યા છે. ફોક્સ ન્યૂઝના રિપોર્ટ અનુસાર, જનરલ મુનીરના ઈરાનની કટ્ટરપંથી સેનાૌ'ઈચ્છ સાથેના જૂના સંબંધો અમેરિકા માટે ચિંતાનો વિષય બન્યા છે.

જનરલ મુનીર વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે મધ્યસ્થી તરીકે કામ કરી રહ્યા છે. પરંતુ ટીકાકારોનું કહેવું છે કે ઈરાનના કમાન્ડરો સાથેના તેમના અંગત સંબંધો આ મધ્યસ્થીને જોખમી બનાવી શકે છે. નિવૃત્ત જનરલ અહેમદ સઈદના જણાવ્યા મુજબ, મુનીરના સંબંધો પૂર્વ કમાન્ડર કાસીમ સોલેમાની અને વર્તમાન ૈ'ઈચ્છ કમાન્ડર હોસૈન સલામી સાથે રહ્યા છે.

અમેરિકાના સંરક્ષણ નિષ્ણાતો માને છે કે ભૂતકાળમાં અફઘાનિસ્તાન મુદ્દે પાકિસ્તાને જે રીતે બેવડી રમત રમી હતી, તે જોતા જનરલ મુનીર પર આંધળો વિશ્વાસ કરવો અમેરિકાના હિતમાં નથી. જો ઈરાન અને પાકિસ્તાન વચ્ચે આર્મી લેવલ પર જોડાણ વધે, તો તે મધ્ય પૂર્વ અને દક્ષિણ એશિયાની સુરક્ષા માટે એક નવો પડકાર બની શકે છે. ખાસ કરીને હોર્મુઝમાં ભારતીય જહાજો પર થયેલા તાજેતરના હુમલાઓ વચ્ચે આ અહેવાલ ઘણો મહત્વનો છે.

## તિકડમ !
– દેવેન વ્યાસ



**હવે આ આસામ અને પ.બંગાળમાં આપણા પક્ષનું ધોવાણ થશે તો આપણે ક્યાંય મોઢું બતાવવા જેવા પણ નહીં રહીએ !**

## આજથી ખુલ્યા ગંગોત્રી-યમુનોત્રી ધામના કપાટ

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : ઉત્તરાખંડની પવિત્ર ભૂમિ પર આજે આસ્થાનો સૂર્યોદય થયો છે. અક્ષય તૃતીયાના શુભ પર્વ નિમિત્તે વિશ્વ પ્રસિદ્ધ ચારધામ યાત્રા ૨૦૨૬ નો વિધિવત પ્રારંભ થઈ રહ્યો છે. આજે સવારે વૈદિક મંત્રોચ્ચાર અને શંખનાદ વચ્ચે ગંગોત્રી અને યમુનોત્રી ધામના કપાટ શ્રદ્ધાળુઓ માટે ખોલી દેવામાં આવ્યા છે. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી પોતે હાજર રહ્યા છે.પરંપરા મુજબ, ચારધામ યાત્રાની શરૂઆત યમુનોત્રી ધામથી કરવામાં આવે છે. યમુના નદીના ઉદ્ગમ સ્થાન ગણાતા યમુનોત્રી દેવીના મંદિરને ફૂલોથી ભવ્ય રીતે શણગારવામાં આવ્યું છે. ત્યારબાદ, પવિત્ર ગંગા નદીના ઉદ્ગમ સ્થાન ગંગોત્રી ધામના દ્વાર પણ ભક્તો માટે ખોલવામાં આવ્યા છે. તાજેતરમાં થયેલી હિમવર્ષાને કારણે આ બંને ધામોની આસપાસની ટેકરીઓ બરફની સફેદ ચાદરથી ઢંકાઈ ગઈ છે, જે ભક્તો માટે અલૌકિક દ્રશ્ય રજૂ કરે છે.

## આજે વહેલી સવારથી બંગાળમાં EDનો સપાટોઃ કોલકાતામાં ઉચ્ચ પોલીસ અધિકારી અને ઉદ્યોગપતિના ઠેકાણે દરોડા

કોલકાતાઃ પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં આજે વહેલી સવારથી જ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એક્શન મોડમાં જોવા મળી રહ્યું છે. કેન્દ્રીય તપાસ એજન્સીએ કોલકાતા પોલીસના ડેપ્યુટી કમિશનર અને એક જાણીતા ઉદ્યોગપતિ સાથે જોડાયેલા ત્રણ સ્થળો પર એકસાથે દરોડા પાડ્યા છે. આ કાર્યવાહીને પગલે બંગાળના રાજકીય અને વહીવટી વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.




મળતી માહિતી મુજબ, ઈડીની ટીમો કોલકાતા પોલીસના ડેપ્યુટી કમિશનર શાંતનુ સિંહા બિસ્વાસ અને 'સન એન્ટરપ્રાઈઝ'ના મેનેજિંગ ડિરેક્ટર જોય કામદાર સાથે જોડાયેલા ઠેકાણાઓ પર સર્ચ ઓપરેશન ચલાવી

અનુસંધાન પાના નં.૪ પર

## એનરિચ્ડ યુરેનિયમ દેશની બહાર નહીં જાયઃ ઈરાન

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ઈરાને અમેરિકાના પ્રેસિડન્ટ ડોનલ્ડ ટ્રમ્પના એ દાવાને ફગાવી દીધો હતો કે ઈરાન એના એનરિચ્ડ યુરેનિયમનો જથ્થો અમેરિકાને આપવા માટે સંમત થયું છે. શુક્રવારે મોડી રાત્રે ઈરાનના વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે ઈરાન એના સમૃદ્ધ યુરેનિયમના ભંડારને ક્યાંય ટ્રાન્સફર કરશે નહીં.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બકાઈએ સરકારી ટેલિવિઝનને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું કે ઈરાનનું સમૃદ્ધ યુરેનિયમ એના નિયંત્રણમાં છે અને એને વિદેશમાં ખસેડવામાં આવશે નહીં. ટ્રમ્પે એવો પણ દાવો કર્યો હતો કે ઈરાન એના પરમાણુ કાર્યક્રમને સ્થગિત કરવા માટે સંમત થયું છે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....
વૈશાખ સુદ-૦૨, તા.૧૯ એપ્રિલ, રવિવાર

## વૈશ્વિક અર્થતંત્રનું બદલાતું સંતુલનઃ ઉભરતા ભારતનો ઉદય

વર્તમાન સમયમાં વૈશ્વિક અર્થતંત્ર એક મહત્વપૂર્ણ વળાંક પર ઊભું છે. દાયકાઓ સુધી પશ્ચિમી દેશોના દબદબા હેઠળ રહેલું આર્થિક સંતુલન હવે ધીમે ધીમે પૂર્વ તરફ સરકી રહ્યું હોય તેવું જણાય છે. યુનાઈટેડ સ્ટેટ્સ અને યુરોપ જેવા વિકસિત અર્થતંત્રો જ્યારે માળખાગત અને આંતરિક પડકારોનો સામનો કરી રહ્યા છે, ત્યારે ભારત જેવા દેશો વૈશ્વિક વૃદ્ધિના નવા એન્જિન તરીકે ઉભરી રહ્યા છે.એક સમયે અજેય ગણાતું અમેરિકાનું અર્થતંત્ર અત્યારે અનેક મોરચે લડી રહ્યું છે. વધતો જતો ફુગાવો, દેવાનો બોજ અને આંતરરાષ્ટ્રીય સપ્લાય ચેઈનમાં આવતા અવરોધોએ વિકસિત દેશોની ગતિ ધીમી પાડી છે. આ ભૌગોલિક-રાજકીય અનિશ્ચિતતાએ રોકાણકારોને હવે નવા અને સુરક્ષિત બજારો તરફ જોવા મજબૂર કર્યા છે.આ બદલાતા વૈશ્વિક પરિદ્રશ્યમાં ભારતની સ્થિતિ અત્યંત મજબૂત દેખાય છે. ભારત હાલમાં વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું મોટું અર્થતંત્ર છે. વિશ્વ હવે 'ચાઈના પ્લસ વન' વ્યૂહરચના અપનાવી રહ્યું છે, જેમાં ભારત એક સબળ વિકલ્પ તરીકે ઉભર્યું છે. જોકે, આ સફર પડકારો વગરની નથી. ભારત માટે હજુ પણ કૌશલ્ય વિકાસ, કૃષિ ક્ષેત્રમાં સુધારા અને ટકાઉ ઊર્જા તરફનું સંક્રમણ એ મોટા લક્ષ્યો છે.

વૈશ્વિક આર્થિક શક્તિનું કેન્દ્ર બદલાવું એ કુદરતી પ્રક્રિયા છે. યુનાઈટેડ સ્ટેટ્સ હજુ પણ એક મોટી શક્તિ છે, પરંતુ ભારતની પ્રગતિ એ સાબિત કરે છે કે ૨૧મી સદી એશિયાની અને ખાસ કરીને ભારતની રહેવાની છે. જો આ ગતિ જળવાઈ રહેશે, તો આગામી દાયકાઓમાં ભારત માત્ર એક બજાર જ નહીં, પણ વૈશ્વિક નીતિ નિર્ધારક તરીકેની ભૂમિકા ભજવશે.

## અંજારના સ્વ. નિતેશ વિસરિયાના પરિવારને ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા ૫૦,૦૦૦ની મરણોત્તર સહાય અર્પણ



અંજાર - કચ્છઉદય : અંજાર શહેરના ફોટોગ્રાફર અને વિડિયોગ્રાફર એસોસિએશનના સભ્ય નિતેશ વિસરિયાના અકાળે અવસાન બાદ તેમના પરિવારની વહારે ફોટોગ્રાફર આલમ આગળ આવ્યું છે. સ્વ. નિતેશભાઈ પોતાના પરિવારમાં પાછળ ધર્મપત્ની અને ચાર તથા સાત વર્ષની બે માસૂમ દીકરીઓને વિલાપ કરતા છોડી ગયા છે. આ કપરી પરિસ્થિતિમાં પરિવારને આર્થિક ટેકો મળી રહે તેવા ઉમદા હેતુથી સીજીપીટીઆઈ એસોસિએશનમાં મરણોત્તર સહાય માટે અરજી કરવામાં આવી હતી. આ અરજીને ગંભીરતાથી લઈને સંસ્થા દ્વારા તાત્કાલિક ધોરણે ૫૦,૦૦૦ રૂપિયાની સહાય મંજૂર કરવામાં આવી છે.

આ સહાય મંજૂર કરાવવામાં સીજીપીટીઆઈના કચ્છના સભ્યો પ્રકાશ ગાંધી, અજય પારેખ, ચત્રભુજ દામાણી, મનોજ વરુ અને વિનય ઠાકર દ્વારા વિશેષ પ્રયાસો કરવામાં આવ્યા હતા. તેમના સતત ફોલોઅપને કારણે સંસ્થા દ્વારા આર્થિક મદદનો આંકડો ત્વરિત મંજૂર થયો હતો. અંજાર એસોસિએશનના હોદ્દેદારોએ આ સમગ્ર પ્રક્રિયામાં સક્રિય ભૂમિકા ભજવી હતી જેથી એક કર્મઠ સભ્યના પરિવારને યોગ્ય સમયે ન્યાય અને મદદ મળી શકે. તાજેતરમાં અંજાર એસોસિએશનના પ્રમુખ હરેશ મઢવી, મંત્રી વિષ્ણુ દવે, બાબુ પારિયા, મિલન સાધુ અને દિવ્યંત ખાંડેકા તેમજ સિનિયર ફોટોગ્રાફર વિનેશ ઠક્કર, અંબાલાલ પરમાર, જયેન્દ્ર મહેતા, પ્રવીણ વરુ અને મોહન માતંગ સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં સ્વ. નિતેશ વિસરિયાના નિવાસસ્થાને જઈને તેમના પરિવારજનોને આ સહાયનો ચેક સુપરત કરવામાં આવ્યો હતો. એસોસિએશનના હોદ્દેદારોએ આ તકે પરિવારને સાંત્વના પાઠવતા જણાવ્યું હતું કે સંસ્થા હંમેશા પોતાના સભ્યોના સુખ-દુઃખમાં સાથે ઊભી છે. આ માનવતાવાદી અભિગમની સમગ્ર પંથકમાં પ્રશંસા થઈ રહી છે.

## વિકૃત જેહાદી માનસિકતા વિરૂદ્ધ બજરંગ દળનું વિરોધ પ્રદર્શન



ભુજ - કચ્છઉદય : દેશમાં વધતી જતી વિકૃત માનસિકતા, ગેરકાયદે દબાણો તથા સમાજમાં અશાંતિ ફેલાવવાના આયોજનબદ્ધ ષડયંત્રો સામે કડક કાર્યવાહીની માંગ સાથે શનિવારે ભુજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા પૂતળા દહન કરીને વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. પ્રદર્શન દરમિયાન કાર્યકરોએ ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે અસામાજિક તત્વો વિરુદ્ધ આક્રોશ વ્યક્ત કર્યો હતો. આગેવાનો દ્વારા જણાવાયું હતું કે દેશની એકતા અને અખંડિતતાને નુકસાન પહોંચાડતા આવા તત્વો સામે કાયદેસર કડક પગલાં લેવાં અત્યંત જરૂરી છે, જેથી સમાજમાં શાંતિ અને વ્યવસ્થા જળવાઈ રહે. આ કાર્યક્રમમાં પશ્ચિમ કચ્છ જિલ્લાના સંયોજક કરણસિંહ જાડેજા, વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા મંત્રી નાજાભાઈ ભરવાડ, દિવ્યેશ મારાજ, કેતકીબેન વ્યાસ, પ્રવીણભાઈ આહીર, ઓમ આહીર, નાનજીભાઈ દવે તથા જયેશભાઈ કોઠારી સહિત કાર્યકરો ઉપસ્થિત રહી એકમતથી પોતાની માંગણીઓ રજૂ કરી હતી.

## મેઘપર (બોરીચી)ના શખ્સને પાસામાં મોકલાયો



ભુજ - કચ્છ ઉદય : અંજાર તાલુકાના મેઘપર (બોરીચી)માં રહેતા આનંદ શિવજીભાઈ સંઘાર સામે દારૂના છ જેટલા ગુના નોંધાયેલા હોઈ આરોપીને પાસામાં મોકલવા માટે એલસીબી દ્વારા દરખાસ્ત કરવામાં આવી હતી. કલેક્ટરે મંજૂરી આપતા ગાંધીધામ એલસીબીએ તેની અટકાયત કરી પાસા તળે સુરત જેલ હવાલે કર્યો છે.

# મોથાળા જિ.પં. ભાજપના ઉમેદવાર કમા સુરા રબારી માટે ધારાસભ્ય પી.એમ.જાડેજાનો વ્યાપક લોકસંપર્ક

### ડુમરા, ખીરસરા-કોઠારા, મોથાળા તા.પં., નરેડી, વરાડીયા અને વિંઝાણ તાલુકા પંચાયત સાથે મોથાળા જિલ્લા પંચાયત બેઠક પર કમળ સોળે કલાએ ખીલવા સાથે જીતનો વિશ્વાસ વ્યકત કરતા પ્રધ્યુમનસિંહ જાડેજા

નલિયા : અબડાસાના સતત સક્રિય ધારાસભ્ય પી.એમ. જાડેજાએ ગઈકાલે મોથાળા જીલ્લા પંચાયત સીટનો વ્યાપક જનસંપર્ક કરી જીલ્લા પંચાયત સાથે તમામ તાલુકા પંચાયત બેઠકો પર કમળ સોળે કલાએ ખીલવા સાથે જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

અબડાસા ધારાસભ્ય પી. એમ.જાડેજાએ મોથાળા સીટ અને તેની અંદર આવતી ડુમરા, ખીરસરા-કોઠારા, મોથાળા, નરેડી, વરાડીયા અને વિંઝાણ તાલુકા પંચાયત બેઠકોનો વ્યાપક પ્રવાસ કર્યો હતો.તેમણે સરકાર દ્વારા અબડાસાના છેવાડાના ગામોના રોડ-રસ્તા અને નાગરીકો સુવિધાઓ માટે અબજોની ગ્રાંટ થકી વિકાસ કામો થયા છે અને થઈ રહ્યા છે તેમ જણાવી લોકો હવે કામને જોઈ મત આપતા હોઈ કોંગ્રેસની માત્ર ચુંટણી વખતે વિરોધ કરવાની નીતીને જાકારો આપશે તેમ જણાવી મોથાળા સીટના જી.પં.ઉમેદવાર કમાભાઈ સુરાભાઈ રબારી, ડુમરા સીટના રાજેશ્રીબેન કલ્યાણભાઈ ગઢવી, ખીરસરા-કોઠારા સીટનાક શફીનાબેન અબ્દુલ સુમરા, મોથાળા તા.પં.સીટના કનૈયાગર નારાણગર ગોસ્વામી, નરેડી સીટના પરેશસિંહ બનુભા જાડેજા, વરાડીયા સીટના હીરબાઈ ડાડાભાઈ, વિંઝાણ સીટના સાજીયાબેન હમીદ હિંગોરાની જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.ગ્રામજનોએ ધારાસભ્ય દ્વારા થયેલા અને થઈ રહેલા કામો કોઈ પણ જાતના ભેદભાવ વગર કરતા હોઈ ધારાસભ્યને ભાજપની જીતનો વિશ્વાસ અપાવ્યો હતો. મોથાળા ખાતે પ્રચાર કાર્યાલયનું ધારાસભ્યના હસ્તે રીબીન કાપી ઉદ્દઘાટન કરાયું હતું.

પ્રચારમાં ધારાસભ્ય સાથે જી.પં.મોથાળા સીટના ઉમેદવાર કમાભાઈ સુરાભાઈ રબારી, જીલ્લા ભાજપ કિશાન મોરચાના વિક્રમસિંહ જાડેજા, જેમલભાઈ રબારી, તાલુકા ભાજપ પ્રમુખ જયદિપસિંહ જાડેજા, શંભુભાઈ ભાનુશાલી, મહેશભાઈ ભાનુશાલી, મુળરાજભાઈ ગઢવી, લઘુમતિ મોરચા પ્રમુખ યાકુબભાઈ હિંગોરા, આમદભાઈ જત, જટુભા સોઢા, મોથાળા સરપંચ વિનેક ડાભી, તાલુકા યુવા ભાજપ પ્રમુખ હર્ષરાજસીંહ જાડેજા, ચકુભા જાડેજા, વમોટીના મહેન્દ્રસિંહ જાડેજા, શીવજી કાનજી મહેશ્વરી, કિશાન મોરચાના વિપુલ ભાનુશાલી, અનિલભાઈ ભાનુશાલી, પિયુષભાઈ ભાનુશાલી, પરષોત્તમભાઈ મારવાડા, સામતભાઈ ગોરડીયા, જયદેવસિંહ જાડેજા, નરેડી સરપંચ જુસબભાઈ રાયમા, નથુભાઈ રબારી, મહેન્દ્રભાઈ ગજરા સાથે વિવિધ ગામોના અગ્રણીઓ, સરપંચો અને ભાજપ અગ્રણીઓ અને કાર્યકરો જોડાયા હતા. ગામે-ગામ ઉત્સાહ જોઈ ધારાસભ્ય દ્વારા આનંદ વ્યક્ત કરાયો હતો.






























## માંડવીના રાજડા ગામના બહુચર્ચિત જમીન કૌભાંડમાં અદાલતનો સીમાચિહ્નરૂપ ચુકાદો

**તત્કાલીન સર્કલ ઓફિસર અને જમીન પચાવી પાડનાર મહિલાને ત્રણ વર્ષની કેદની સજા ફટકારતી ભુજની અદાલત**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના રાજડા ગામે આચરાયેલા કરોડોની કિંમતી સરકારી જમીનના કૌભાંડમાં ૧૬ વર્ષની લાંબી કાયદાકીય લડત બાદ અદાલતે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. ભુજની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એચ. જે. તન્નાની કોર્ટે આ જમીન કૌભાંડમાં સંડોવાયેલા જે-તે સમયના સર્કલ અધિકારી સુંદરજી લખમશી સોની અને ગેરકાયદેસર રીતે જમીન પોતાના નામે કરાવનાર મહિલા હુરબાઈ અલીમામદ ચાકીને વિવિધ કલમો હેઠળ દોષિત ઠેરવી ત્રણ-ત્રણ વર્ષની સાદી કેદની સજા અને રોકડ દંડ ફટકાર્યો છે.

આ ચકચારી કેસની વિગતો મુજબ, વર્ષ ૨૦૦૪થી ૨૦૦૮ના સમયગાળા દરમિયાન રાજડા ગામની સીમમાં આવેલી સર્વે નંબર ૧૧૬ની ૭ એકર અને ૩૦ ગુંઠા જેટલી કિંમતી જમીન પચાવી પાડવા માટે ગુનાહિત કાવતરું ઘડવામાં આવ્યું હતું. આ જમીન અગાઉની વેચાણ નોંધો વખતે આરોપી હુરબાઈ ખેડૂત ખાતેદાર ન હોવાને કારણે નામંજૂર કરવામાં આવી હતી. જોકે, સરકારી જમીન પચાવી પાડવાના ઈરાદે આરોપી મહિલાએ પોતાના દૂરના કાકા જકરિયા ભચુ ચાકીની ખેડૂત ખાતાવહી રજૂ કરી તેમને પોતાના પિતા હોવાનું ખોટું દર્શાવ્યું હતું. અગાઉ આ જમીન શ્રીસરકાર હસ્તક દાખલ કરવામાં આવી હોવા છતાં, આરોપીઓએ સત્તાવાર રેકોર્ડમાં ચેડાં કરી નવી નોંધો દાખલ કરાવી હતી. આ કૌભાંડમાં આરોપી હુરબાઈના પતિ અલીમામદ ચાકીએ તત્કાલીન તલાટી અમૃતલાલ નાઈ સાથે મળીને ગામના હક્કપત્રકે ખોટી નોંધો ઊભી કરી હતી. આ ગેરકાયદેસર પ્રક્રિયામાં સર્કલ ઓફિસર સુંદરજી સોનીએ પણ કોઈ પણ પ્રકારની ખરાઈ કર્યા વગર અથવા કાગળો ચકાસ્યા વિના જ સત્તાનો દુરુપયોગ કરીને નોંધો પ્રમાણિત કરી દીધી હતી. આમ, તમામ આરોપીઓએ પરસ્પર મિલીભગતથી કિંમતી સરકારી જમીન ખાનગી વ્યક્તિના નામે ચડાવી દઈ સરકાર સાથે છેતરપિંડી આચરી હતી. આ મામલે વર્ષ ૨૦૧૦માં તત્કાલીન મામલતદાર ટી. કે. ડોડિયાએ માંડવી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ ડી. સી. ઠાકોરે ધારદાર દલીલો રજૂ કરી હતી કે આરોપીઓએ પૂર્વઆયોજિત કાવતરું રચીને સરકારી તિજોરીને નુકસાન પહોંચાડ્યું છે. નોંધનીય છે કે, ટ્રાયલ દરમિયાન આરોપી તલાટી અને હુરબાઈના પતિનું અવસાન થતાં તેમની સામેનો કેસ બંધ કરવામાં આવ્યો હતો. અદાલતે બંને પક્ષોની દલીલો અને પુરાવાઓને ગ્રાહ્ય રાખી આરોપી હુરબાઈ અને સુંદરજી સોનીને કલમ ૪૬૫, ૪૬૭ અને ૪૬૮ હેઠળ દોષિત જાહેર કર્યા હતા. કોર્ટે કલમ ૪૬૭ના મુખ્ય ગુનામાં ૩ વર્ષની કેદ અને ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ, જ્યારે અન્ય કલમોમાં પણ કેદ અને દંડની સજા ફટકારી છે. જો આરોપીઓ દંડની રકમ ન ભરે તો તેમને વધુ કેદની સજા ભોગવવી પડશે તેવો સ્પષ્ટ આદેશ પણ અદાલતે કર્યો છે.

## નલિયા જિ.પં. ભાજપના ઉમેદવાર મહાવીરસિંહ જાડેજાએ જખૌ તા.પં. સીટનો કર્યો લોકસંપર્ક



નલિયા : નલિયા જી.પં. સીટના ભાજપના લોકપ્રિય ઉમેદવાર મહાવીરસિંહ જાડેજાએ જખૌ તા.પં.સીટ હેઠળના ગામોનો પ્રવાસ કરી વ્યાપક લોકસંપર્ક કર્યો હતો.

નલિયા જિલ્લા પંચાયત સીટના ભાજપના ઉમેદવાર મહાવીરસિંહ જાડેજાએ જખૌ તાલુકા પંચાયત સીટના રીટાબેન તરૂણગર ગોસ્વામી સાથે જખૌ સીટ હેઠળના ગામડાઓમાં લોકોને મળી તેમની વાત રજુ કરી હતી.સરપંચથી સાંસદ સુધી ભાજપની સરકારમાં સામાન્ય અને છેવાડાના માનવી માટે થઈ રહેલા કાર્યોની તેમણે યાદી આપી કોંગ્રેસના નકારાત્મક પ્રચારને અવગણી સાચા વિકાસ માટે ભાજપને મત આપવા અપીલ કરી હતી.ધારાસભ્ય દ્વારા આ વિસ્તારાના કાર્યો કોઈ પણ જાતના નાત-જાતના ભેદભાવ વગર કરાયા છે અને અને કામો પ્રગતિમાં છે ત્યારે આજે પ્રજા બધુ જાણે છે તેમ જણાવી વિકાસ માટે મત આપવા લોકોને અપીલ કરી હતી.

પ્રવાસમાં મહાવીરસિંહ જાડેજા સાથે નલીયા સીટના ઈન્ચાર્જ વિક્રમસિંહ જાડેજા, જખૌ તા.પં.સીટના રીટાબેન તરૂણગર ગોસ્વામી, મામદભાઈ સંઘાર, સુરૂભા જાડેજા, મયુરસિંહ જાડેજા, ચકુભા જાડેજા, લાખાજી અબડા, મુસા ચલાંગા, હાજી જુમા વાઘેર, મુબારકભાઈ કેર, સીધીક ગજણ, હાજી સીધીક વાઘેર, હરીસીંહ અબડા,મુસા સંઘાર, અભુભાઈ સંભાર, અલીભાઈ કોરેજા, મામદ શેઠ વાઘેર, ઈસ્માઈલ કેર, અબ્દુલ સુમરા, જયદીશ જોષી, હરેશ ભાનુશાલી, કરશનજી અબડા, જીવરામ ભાનુશાલી, સાલેભાઈ વાઘેર, અલ્તાફ વાઘેર, આમધ વાઘેર, નોંઘણજી અબડા, આધમ ઉઠાર, કાસમ દરાડ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભુજના રિજનલ સાયન્સ સેન્ટર ખાતે રેસીડેન્સીયલ સમર કેમ્પ યોજાશે

ભુજ - કચ્છઉદય : રિજનલ સાયન્સ સેન્ટર ભુજ દ્વારા આવનારી ઉનાળાની રજાઓને ધ્યાનમાં રાખીને ધોરણ ૬ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે "રેસિડેન્શિયલ સમર સાયન્સ કેમ્પ - ૨૦૨૬"નું આયોજન કરવામાં આવ્યું છે. આ સમર કેમ્પ પાંચ અલગ-અલગ વિષયો હેઠળ ૩ દિવસ અને ૨ રાતના રેસિડેન્શિયલ પ્રમાણે યોજાશે. જેમાં ૧ મે થી ૩ મે દરમિયાન "વૈજ્ઞાનિક કેવી રીતે બનવું?", ૬ મે થી ૮ મે દરમિયાન "સ્પેસ સમર કેમ્પ", ૧૪ મે થી ૧૬ મે દરમિયાન "મશીન એન્જિનિયરિંગ", ૨૧ મે થી ૨૩ મે દરમિયાન "આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને રોબોટિક્સ" તેમજ ૨૮ મે થી ૩૦ મે દરમિયાન "એક્સપ્લોરિંગ નેચર" જેવા વિષયો આવરી લેવામાં આવ્યા છે. દરેક સત્રમાં વિદ્યાર્થીઓને વિષય અનુસાર પ્રયોગો, વર્કશોપ, ક્વિઝ, પ્રેઝન્ટેશન, નેચર વોક અને રાત્રે આકાશ નિરીક્ષણ જેવી રસપ્રદ પ્રવૃત્તિઓમાં જોડાવાની તક મળશે. કેમ્પનો સમયગાળો ૩ દિવસ અને ૨ રાતનો રહેશે.

## ભચાઉમાં જુગાર રમતી સાત મહિલાઓ પકડાઈ

ભચાઉ - કચ્છ ઉદય : શહેરમાં સર્વોદય સોસાયટી પાસે ડુંગરવાળા હનુમાન મંદિરની પાછળ બાવળોની ઝાડીમાં જુગાર રમતી મહિલાઓ પકડાઈ હતી. જેમાં ઉર્મિલાબેન જગમાલભાઈ કોલી, કુંવરબેન દેવાભાઈ બારૂપાર, વૈશાલીબેન રતીલાલ ચાવડા, ગલાલબેન રૂપાભાઈ કોલી, જયશ્રીબેન વશરામભાઈ માયાણી, રાધાબેન બાબુભાઈ કોલી, મંજુબેન નાનજીભાઈ ચૌહાણનો સમાવેશ થાય છે. રોકડા રૂા.૫૧૦૦ કબજે કરવામાં આવ્યા હતા.

## કાસેઝની કંપનીમાં લાગેલી આગ બાબતે ૧૪ દિવસ બાદ જાણવા જોગ નોંધાઈ

ગાંધીધામ - કચ્છ ઉદય : કાસેઝમાં પ્લોટ નં.૨૩૧/એ, ૨૩૨ થી ૨૩૬ વચ્ચે આવેલ ટેક્સવુલ સ્પીનર એન્ડ ક્લોથીન નામની કંપનીમાં ગત ૪/૪ ના આગ લાગી હતી. આગમાં કંપનીમાં આવેલ ત્રણ રેગ મશીન, બે ટીચર મશીન, સાત કટર મશીન, એક હાઈડ્રો મશીન, ૨૫૦૦ કિલો ડાઈન કલર, ત્રણ એસી, એક એલઈડી, કોમ્પ્યુટર, લેપટોપ, બે પંચીગ મશીન, ૧૯૨ મીટર વાયર અન્ય સ્પેરપાર્ટ તેમજ કાચો માલ, એક્સપોર્ટનો માલ, પતરાનો શેડ વગેરે સામાન બળી જતા આર્થિક નુકસાન થયું હતું. જેથી બી-ડિવિઝનમાં જાણવા જોગ દાખલ કરાવી હતી.

## અંજાર અને મેઘપર (કુંભારડી) પાસે અકસ્માત સર્જાયા

ભુજ - કચ્છ ઉદય : પૂર્વ કચ્છના અંજાર અને મેઘપર (કુંભારડી) પાસે અકસ્માત સર્જાયા હતા. અંજાર પોલીસમાંથી મળતી વિગતો મુજબ અંજાર - ભુજ હાઈવે રોડ પર સાપેડાથી થોડેક આગળ અંજાર બાજુ આ બનાવ બન્યો હતો.

ફરિયાદી પ્રકાશભાઈ ગાંગજીભાઈ ઠક્કરના જણાવ્યા પ્રમાણે બાઈક નં.જીજે૧૨ - બીએમ - ૫૬૮૮ ના ચાલકે પૂર ઝડપે બાઈક ચલાવી ફરિયાદીના દીકરા હિરેનની બાઈકને સામેથી ભટકાવી ફ્રેક્ચર સહિતની ઈજાઓ પહોંચાડી હતી. જેથી અંજાર પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો. આ તરફ ગાંધીધામ - મુન્દ્રા હાઈવે રોડ પર મકલેશ્વર મંદિરની સામે મેઘપર (કુંભારડી)માં બીજો બનાવ બન્યો હતો. ફરિયાદી મૂળ દાહોદના હાલે ગળપાદર રહેતા દિનેશભાઈ પૂંજાભાઈ હઠીલાએ જણાવ્યું કે, બલકર નં.જીજે૧૨ - એએમ - ૧૨૫૮ નો ચાલક ધર્મેન્દ્ર ગૌન્ડ પોતાના કબજાનું વાહન લઈને જતો હતો. તેમાં ફરીયાદીની દીકરી રેણુકા અને જિગરને બેસાડ્યા હતા. વીડી ગામ પ્લાન્ટ ખાતે જતા હતા ત્યારે ચાલકે બેદરકારીથી ગાડી ચલાવી આગળ જતી ટ્રકમાં ગાડી ભટકાવતા ધર્મેન્દ્રને પગ અને માથામાં તેમજ રેણુકાને જમણા પગમાં ગંભીર ઈજાઓ થતા ઢીંચણ પાસે પગ કાપવાની ફરજ પડી હતી. ડાબા પગમાં ફ્રેક્ચર થયું હતું. જેથી અંજાર પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો છે.

## અંજારમાં મહિલાના ગળામાંથી ૫૦ હજારની ચેઈન ઝુંટવાઈ

અંજાર - કચ્છ ઉદય : શહેરના ૧૨ મીટર રોડ પર સૂર્યા સ્ટોર પાસે મહિલાના ગળામાંથી ચેઈનની ચીલ ઝડપ થઈ હતી. લતાબેન કરશનભાઈ ચોટારાએ જણાવ્યું કે, તેમના ગળામાં પહેરેલી ૨૫ ગ્રામની ૫૦ હજારની ચેઈન ઝુંટવીને કોઈ અજાણ્યો ઈસમ ભાગી ગયો હતો જે અંગે અંજાર પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો છે.

હાઈબોન્ડ સિમેન્ટ
બી. કે. ટી. ટાયર્સ
સ્મશાનગૃહ માટે જલાઉ લાકડા કટિંગ કરેલા
સિમેન્ટ બ્લોક બનાવવાના પાટલા તૈયાર મળશે
સમગ્ર કચ્છમાં જથ્થાબંધ ભાવે
M.9824233347
M.9898999523

**એચ.બી.વાઘેલા, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, રાપરની કોર્ટમાં**

ડાભુંડા રોડ, રાપર-કચ્છ. જન્મ નોંધણી અરજી રજિ. નં.૮૨/૨૦૨૬

**જાહેર નોટીસ**

શ્રી જીગરભાઈ હીરાભાઈ કોલી, રહે.ઉમૈયા, તા.રાપર-કચ્છ. ....અરજદાર
વિરૂદ્ધ
જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, ઉમૈયા ગ્રામ પંચાયત, તા.રાપર .... સામાવાળા

**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી જીગરભાઈ હીરાભાઈ કોલી, રહે.ઉમૈયા, તા.રાપર વાળાએ તા.૨૦/૦૧/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના બહેન કોલી જીજ્ઞાબેનનો જન્મ મોજે-ઉમૈયા, તા.રાપર-કચ્છ મુકામે તા. ૦૮/૦૮/૨૦૦૧ના રોજ થયેલ છે, પરંતુ તેમની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજેઃ ઉમૈયા ગ્રામ પંચાયત, તા.રાપર-કચ્છના વર્ષ ૨૦૦૧ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહુ જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં. ૮૨/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તા. ૦૫/૦૨/૨૦૨૬ (કોર્ટનો સિક્કો)

(એચ.બી.વાઘેલા)
મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રાપર-કચ્છ

**એચ.બી.વાઘેલા, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, રાપરની કોર્ટમાં**

ડાભુંડા રોડ, રાપર-કચ્છ. જન્મ નોંધણી અરજી રજિ. નં.૮૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

શ્રી પેમજીભાઈ મેઘાભાઈ કોલી, રહે.કલ્યાણપર, તા.ભચાઉ-કચ્છ. ....અરજદાર
વિરૂદ્ધ
જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, ભીમાસર ગ્રામ પંચાયત, તા.રાપર .... સામાવાળા

**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી પ્રેમજીભાઈ મેઘાભાઈ કોલી, રહે.કલ્યાણપર (ખડીર), તા.ભચાઉ વાળાએ તા.૩૧/૦૧/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પુત્ર કોલી કરણભાઈ પ્રેમજીભાઈનો જન્મ મોજે-ભીમાસર, તા.રાપર-કચ્છ મુકામે તા.૧૫/૧૧/૨૦૧૨ના રોજ થયેલ છે, પરંતુ તેમની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજેઃભીમાસર ગ્રામ પંચાયત, તા.રાપર-કચ્છના વર્ષ ૨૦૧૨ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહુ જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં. ૮૭/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તા. ૦૫/૦૨/૨૦૨૬ (કોર્ટનો સિક્કો)

(એચ.બી.વાઘેલા)
મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રાપર-કચ્છ

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યું. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

## ‘કમળ ખીલશે, વિકાસ જીતશે’

# ગાંધીધામના પડાણા ખાતે વોર્ડ નંબર-૦૪ના ભાજપ ચૂંટણી કાર્યાલયનું ભવ્ય ઉદ્ઘાટન સંપન્ન : કાર્યકરોમાં ભારે ઉત્સાહ



ગાંધીધામ: આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચારના શ્રીગણેશ કરતા ગાંધીધામ મનપાના વોર્ડ નંબર ૦૪માં ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી કાર્યાલયનું આજરોજ પડાણા ખાતે ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ કાર્યકરો અને સ્થાનિક લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને કેસરીયો માહોલ છવાઈ ગયો હતો. તારીખ ૧૯/૦૪/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે શાસ્ત્રોક્ત વિધિ અને પક્ષના જયઘોષ સાથે આ મધ્યસ્થ કાર્યાલયને જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

આ ઉદ્ઘાટન પ્રસંગે વોર્ડ નંબર ૦૪ના ઉમેદવારો સર્વશ્રી કેશવજી પરમાર, જયશ્રીબા નરેન્દ્રસિંહ જાડેજા, ધનજીભાઈ હુંબલ અને રૂપલબેન મ્યાત્રાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમ દરમિયાન પક્ષના વરિષ્ઠ હોદ્દેદારો અને સ્થાનિક અગ્રણીઓએ પ્રાસંગિક ઉદબોધન આપતા જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી હંમેશા વિકાસના મુદ્દા પર ચૂંટણી લડે છે અને આ વખતે પણ ‘કમળ ખીલશે, વિકાસ જીતશે’ ના સંકલ્પ સાથે જંગી બહુમતીથી વિજય પ્રાપ્ત થશે.કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે પડાણા અને આસપાસના વિસ્તારના રહેવાસીઓ, વેપારી મિત્રો અને મોટી સંખ્યામાં પક્ષના પાયાના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. ઉપસ્થિત જનમેદનીએ ઉમેદવારોને અભૂતપૂર્વ સમર્થન આપવાની ખાતરી આપી હતી. આ કાર્યાલય હવે આગામી દિવસોમાં વોર્ડના વિકાસના કામો અને ચૂંટણીલક્ષી રણનીતિનું મુખ્ય કેન્દ્ર બનશે. કાર્યક્રમના અંતે સ્થાનિક અગ્રણીઓએ તમામ મતદાતાઓ અને કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ ઉદ્ઘાટન પ્રસંગે દેવેન્દ્રસિંહ જાડેજા , ઘેલાભાઈ માજી સરપંચ, ઉત્તમભાઈ માજી સરપંચ,વાઘજીભાઈ માજી સરપંચ, પંકજભાઈ ઠક્કર માજી પ્રમુખ, બાબુભાઈ ગુજરિયા, અરજણભાઈ દેવરાજભાઈ મરંડ, પ્રવિણસિંહ જાડેજા માજી ચેરમેન, નરેન્દ્રસિંહ જાડેજા માજી સરપંચ, શામજીભાઈ નારણભાઈ હુંબલ માજી ચેરમેન, નીલેશભાઈ હુંબલ, વિજય વીરડાકેશવજી પરમાર ઉમેદવાર,જયશ્રીબા નરેન્દ્રસિંહ જાડેજા ઉમેદવાર,ધનજીભાઈ હુંબલ ઉમેદવાર , રૂપલબેન મ્યાત્રા ઉમેદવાર સહિતના દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા.

# ગાંધીધામ મહાનગરપાલિકાની પ્રથમ ચૂંટણીમાં ભાજપનો કેસરિયો લહેરાશે

**મહાનગરના વોર્ડ નંબર ૧૧ના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીનો હુંકાર ; વિકાસના મુદ્દે જનતા ભાજપની પડખે હોવાનો માલતીબેનનો વિશ્વાસ : જંગી બહુમતી સાથે તમામ બેઠકો પર જીતનો દાવો**

**વોર્ડ નંબર ૧૧ના ઉમેદવારો ઘેલાભાઈ નથુભાઈ ભરવાડ, તેજસભાઈ પ્રભુલાલ શેઠ, દીપિકાબેન મિતુલ નાયક અને પૂજાબેન વિનોદભાઈ લાલવાણીએ વિજયનો વ્યક્ત કર્યો વિશ્વાસ**





ગાંધીધામ – કચ્છઉદય ; કચ્છના ઔદ્યોગિક હબ એવા ગાંધીધામને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ હવે આ નવરચિત મહાનગરપાલિકાની પ્રથમ ઐતિહાસિક ચૂંટણીનો જંગ બરાબરનો જામ્યો છે. આ ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરતા ગત સાંજે ગાંધીધામના લીલાશાહ સર્કલ પાસે આવેલ પ્લોટ નંબર ૬૦૩ ખાતે વોર્ડ નંબર ૧૧ ના ભાજપના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ગાંધીધામના લોકપ્રિય ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીના હસ્તે આ કાર્યાલય ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ પ્રસંગે માલતીબેન મહેશ્વરીએ કાર્યકરોને સંબોધતા અત્યંત આત્મવિશ્વાસ સાથે જણાવ્યું હતું કે, સમગ્ર ગાંધીધામ મહાનગરમાં અત્યારે માત્ર અને માત્ર ભાજપ તરફી માહોલ જોવા મળી રહ્યો છે અને જનતાનો જોશ જોતા સ્પષ્ટ જણાય છે કે ભારતીય જનતા પાર્ટીના તમામ ઉમેદવારો આ વખતે રેકોર્ડબ્રેક જંગી લીડ સાથે વિજયી બનશે. પોતાના સંબોધનમાં માલતીબેન મહેશ્વરીએ વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ડબલ એન્જિનની સરકારે ગાંધીધામને જે વિકાસની ભેટ આપી છે તેને લોકો ભૂલ્યા નથી. નગરપાલિકામાંથી મહાનગરપાલિકામાં રૂપાંતરણ થતા જ શહેરના આંતરમાળખાકીય વિકાસને નવી ગતિ મળી છે. ગાંધીધામના નાગરિકો સુખાકારી અને સુવિધાઓ ઈચ્છે છે જે માત્ર ભાજપ જ પૂરી કરી શકે છે. તેમણે વિરોધ પક્ષો પર આડકતરો પ્રહાર કરતા કહ્યું હતું કે, ભાજપનો કાર્યકર ચૂંટણી માટે ક્યારેય તૈયાર જ હોય છે કારણ કે તે સતત જનસેવા સાથે જોડાયેલો રહે છે. વોર્ડ નંબર ૧૧ ના ચારેય ઉમેદવારો ઘેલાભાઈ નથુભાઈ ભરવાડ, તેજસભાઈ પ્રભુલાલ શેઠ, દીપિકાબેન મિતુલ નાયક અને પૂજાબેન વિનોદભાઈ લાલવાણીની ટીમને આશીર્વાદ આપતા તેમણે જણાવ્યું હતું કે આ ટીમ લોકસેવા માટે કટિબદ્ધ છે અને જનતા તેમને ભવ્ય વિજય અપાવશે.

આ ઉદ્ઘાટન પ્રસંગે પ્રેરક ઉપસ્થિતિ તરીકે નર-નારાયણેશ્વર મંદિરના પૂજારી ગયાપ્રસાદજી શુક્લા ઉપસ્થિત રહ્યા હતા. મધ્યસ્થ કાર્યાલયના ઉદ્ઘાટન સમયે કચ્છ જિલ્લા ભાજપ મહામંત્રી ધવલભાઈ આચાર્ય, ચૂંટણી સહ ઈન્ચાર્જ મધુકંત શાહ અને બાબુભાઈ ગુજરીયા સહિતના દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા. ઉપરાંત ગાંધીધામ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ પરમાર અને ગાંધીધામ તાલુકા ભાજપ પ્રમુખ દેવેન્દ્રસિંહ જાડેજાની આગેવાનીમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને સ્થાનિક મતદારો ઉમટી પડ્યા હતા. સમગ્ર વિસ્તારમાં ‘કમળ ખીલશે અને વિકાસ જીતશે’ના નારાથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ઉદ્ઘાટન બાદ ભાજપના ઉમેદવારોએ ડોર-ટુ-ડોર પ્રચાર તેજ કર્યો છે અને આગામી દિવસોમાં ગાંધીધામ મનપાની પ્રથમ ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાશે તેવા મક્કમ નિર્ધાર સાથે કાર્યકરો મેદાનમાં ઉતરી પડ્યા છે.

આ ઉદ્ઘાટન પ્રસંગે માલતીબેન મહેશ્વરી, મોમાભાઈ ગઢવી, મધુકાંત શાહ, મહેશ પૂજ, કરસન ઠક્કર, તેજા કાનગડ, બળવંત ઠક્કર, હિરેન મહેતા, ચકુ ભાઈ ભરવાડ, પ્રેમજી ભાઈ સથવારા, દેવેન્દ્ર જાડેજા,રોહિત શાહ, જીતેન્દ્ર ખંડોર, લક્ષ્મણ આહીર, મયુર આહીર, હર્ષદ શાહ, પ્રવીણ ઠક્કર, કુલદીપ ગઢવી, મનોજ તન્ના, અરવિંદ સોલંકી, પ્રમુખ યુવા મોરચા સાગર શુક્લ હાજર રહ્યા હતા.

# ગાંધીધામ મહાનગરપાલિકાની પ્રથમ ચૂંટણીમાં ભાજપનો જવલંત વિજય નિશ્ચિત : માલતીબેન મહેશ્વરી

**ગાંધીધામમાં જોવા મળ્યો કેસરીયો માહોલ : વોર્ડ નંબર ૧૨ માં ભાજપના ઉમેદવારોના ચૂંટણી કાર્યાલયનું ભવ્ય ઉદઘાટન સંપન્ન : વોર્ડ નંબર ૧૨ ના ઉમેદવારો અનીતાબેન શંકરભાઈ દક્ષિણી, કમલેશભાઈ નારાયણભાઈ પરીચાણી, મહેશભાઈ માણશીભાઈ ગઢવી અને સપનાબેન જયંતિભાઈ બજાણીયાએ મતદારોનો વિશ્વાસ સંપાદિત કરવાની આપી ખાતરી**





ગાંધીધામ – કચ્છઉદય : કચ્છના આર્થિક પાટનગર સમાન ગાંધીધામમાં આગામી મહાનગરપાલિકાની ચૂંટણીઓને લઈને રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. આ અંતર્ગત ગઈકાલે સાંજે ગાંધીધામના વોર્ડ નંબર ૧૨ માં ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી મધ્યસ્થ કાર્યાલયનું ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીના હસ્તે શાસ્ત્રોક્ત વિધિ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં ઉદઘાટન કરવામાં આવ્યું હતું. પંજાબ એન્ડ સિંધ બેંકની બાજુમાં આવેલા પ્લોટ નંબર ૩૩૩ ખાતે આયોજિત આ સમારોહમાં ભાજપના કાર્યકરો અને સ્થાનિક રહીશો મોટી સંખ્યામાં ઉમટી પડતા સમગ્ર વિસ્તાર કેસરીયા રંગે રંગાયો હતો અને ચૂંટણી પૂર્વે જ ભાજપનું શક્તિ પ્રદર્શન જોવા મળ્યું હતું.કાર્યાલયના ઉદઘાટન બાદ ઉપસ્થિત જનમેદનીને સંબોધતા ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ તમામ ચાર ઉમેદવારોની જીત પ્રત્યે ભારે આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે ગાંધીધામ મહાનગરપાલિકાની આ પ્રથમ ઐતિહાસિક ચૂંટણી છે અને લોકોમાં ભાજપ તરફી અભૂતપૂર્વ જનજુવાળ જોવા મળી રહ્યો છે. છેવાડાના માનવી સુધી પહોંચેલી વિકાસની યોજનાઓ અને ડબલ એન્જિન સરકારની કાર્યપદ્ધતિને કારણે જનતાએ ફરી એકવાર કમળ પર ભરોસો મૂકવાનું નક્કી કરી લીધું છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ગાંધીધામનો સર્વાંગી વિકાસ એ ભાજપની પ્રાથમિકતા રહી છે અને આ ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય એ વિકાસની રાજનીતિ પર મહોર મારશે.

આ પ્રસંગે ધાર્મિક અને રાજકીય મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી. તુલસીધામ મંદિરના મહંત સ્વામી દર્શનદાસ ઉદાસી અને પ્રેમ પ્રકાશ આશ્રમના મહંત કમલસાંઈએ દીપ પ્રાગટ્ય કરી વિજયી આશીર્વાદ પાઠવ્યા હતા. અતિથિ વિશેષ તરીકે કચ્છ જિલ્લા ભાજપના મહામંત્રી ધવલભાઈ આચાર્ય, ચુંટણી સહ ઈન્ચાર્જ મધુકંત શાહ અને બાબુભાઈ ગુજરીયાએ હાજરી આપી કાર્યકરોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સંગઠન મોરચે શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ પરમાર અને તાલુકા ભાજપ પ્રમુખ દેવેન્દ્રસિંહ જાડેજાએ આગામી દિવસોમાં ઘરે-ઘરે જઈને જનસંપર્ક તેજ કરવા હાકલ કરી હતી.વોર્ડ નંબર ૧૨ ના પેનલ ઉમેદવારો અનીતાબેન શંકરભાઈ દક્ષિણી, કમલેશભાઈ નારાયણભાઈ પરીચાણી, મહેશભાઈ માણશીભાઈ ગઢવી અને સપનાબેન જયંતિભાઈ બજાણીયાએ આ તકે મતદારોનો વિશ્વાસ સંપાદિત કરવાની ખાતરી આપી હતી. કાર્યક્રમના અંતે ‘કમળ ખીલશે, વિકાસ જીતશે’ ના નારાઓથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આ કાર્યાલય હવે વોર્ડના કાર્યકરો માટે વ્યૂહરચના ઘડવાનું મુખ્ય કેન્દ્ર બનશે, જ્યાંથી આગામી દિવસોમાં વોર્ડના ખૂણે ખૂણે પ્રચારની ધૂરા સંભાળવામાં આવશે. ગઈકાલના આ કાર્યક્રમથી ભાજપના કાર્યકરોમાં નવો ઉત્સાહ જોવા મળ્યો હતો અને ચૂંટણી જંગ જીતવા માટેનો રોડમેપ સ્પષ્ટ થયો હતો.

આ ઉદ્ઘાટન પ્રસંગે દેવેન્દ્રસિંહ જાડેજા , ઘેલાભાઈ માજી સરપંચ, ઉત્તમભાઈ માજી સરપંચ,વાઘજીભાઈ માજી સરપંચ, પંકજભાઈ ઠક્કર માજી પ્રમુખ, બાબુભાઈ ગુજરિયા, અરજણભાઈ દેવરાજભાઈ મરંડ, પ્રવિણસિંહ જાડેજા માજી ચેરમેન, નરેન્દ્રસિંહ જાડેજા માજી સરપંચ, શામજીભાઈ નારણભાઈ હુંબલ માજી ચેરમેન, નીલેશભાઈ હુંબલ, વિજય વીરડાકેશવજી પરમાર ઉમેદવાર,જયશ્રીબા નરેન્દ્રસિંહ જાડેજા ઉમેદવાર,ધનજીભાઈ હુંબલ ઉમેદવાર , રૂપલબેન મ્યાત્રા ઉમેદવાર સહિતના દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા. આજના કાર્યક્રમમાં ગાંધીધામના લોકલાડીલા ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીજી, મોમાભાઈ ગઢવી, દેવેન્દ્રસિંહ જાડેજા, બાબુભાઈ ગુજરીયા, મધુકાન્તભાઈ શાહ, નારીભાઈ પરીયાણી, કાનજીભાઈ ભર્યા, તેજસભાઈ શેઠ, પરમાનંદભાઈ, પંકજભાઈ ઠક્કર, વોર્ડ નંબર ૧૨ ના ચૂંટણી ઈન્ચાર્જ રામકરણભાઈ તિવારી ભૈયાજી, સરિતાબેન ભટ્ટર, વોર્ડ ૧૨ ના ઉમેદવારો અનિતાબેન દક્ષિણી, કમલેશભાઈ પરીયાણી, મહેશભાઈ ગઢવી, સપનાબેન બજાણીયા, દીપકભાઈ સોલંકી, પરેશભાઈ દયા, મિતભાઈ ચૌધરી, ઉમેશભાઈ તન્ના, ગોવિંદભાઈ કેલા, પરેશભાઈ દયા, સોમાભાઈ વાઘેલા, ભીમાભાઈ વાઘેલા, પ્રથમ લાલવાની, દેવભાઈ દલાણી, લીલાબેન ઠક્કર, નિહાળભાઈ ઠક્કર, રમેશભાઈ મજેઠીયા, મોહનભાઈ ધારશી, ગંગારામભાઈ ભાનુશાલી, ઘેલાભાઈ ભરવાડ, ગોવિંદભાઈ નિજાર, પ્રભુલાલ ઠક્કર, શંકરભાઈ દક્ષિણી, દિનેશભાઈ લાલવાણી, દીપકભાઈ ખારવા, સહિતના દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા.

# ભુજની કેન્દ્ર વિદ્યાલય ધોરણ ૧૦નું સો ટકા પરિણામ આવતાં દેશમાં ગૌરવ વધ્યું

**વિદ્યાર્થીઓ વધારાના વિષય આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ગુણ ઉમેર્યા વગર જ પાસ થતાં શાળા પરિવાર અને આર્મી કેન્ટમાં ખુશીનો માહોલ : મૂળભૂત સુવિધાઓથી વંચિત અને અડધાથી ઓછા સ્ટાફ વચ્ચે મેળવાયેલી સિદ્ધિ : આર્મીના સ્ટેશન કમાન્ડર બ્રિગેડિયરે વિદ્યાલયની સિદ્ધિ બિરદાવી**

ભુજ - કચ્છઉદય : તાજેતરમાં, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, નવી દિલ્હી દ્વારા જાહેર કરાયેલ ધોરણ ૧૦ની પરીક્ષાના પરિણામોમાં શ્રી કેન્દ્રીય વિદ્યાલય નંબર ૨, આર્મી, ભુજનું સો ટકા આવતાં વાલીઓ, વિદ્યાર્થીઓ અને આર્મી કેન્ટમાં આનંદ ફેલાયો છે.

આચાર્ય એચ.આર. ચૌધરીએ જણાવ્યું હતું કે ૬૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી બધાયને વધારાના વિષય, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ગુણ ઉમેર્યા વિના પાસ જાહેર કરવામાં આવ્યા હતા, જેના કારણે તેઓ આ સિદ્ધિ મેળવનારી ભારતની ખૂબ જ ઓછી શાળાઓમાંની એક ભુજની શાળા કેન્દ્રીય વિદ્યાલય નંબર ૨ બની ગઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શાળામાં અડધાથી વધુ જગ્યાઓ ખાલી હોવા છતાં અને ઘણી મૂળભૂત સુવિધાઓથી વંચિત હોવા છે. આમ છતાં પણ ૧૦૦% પરિણામ પ્રાપ્ત કરવુંએ કોઈ મોટી સિદ્ધિથી ઓછું નથી. શાળાના મિસ સાફિયા સુલતાનાએ ૯૩.૫% ગુણ સાથે પ્રથમ સ્થાન મેળવ્યું. શાળા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ અને આર્મી ભુજના સ્ટેશન કમાન્ડર, બ્રિગેડિયર નીરજ ખજુરિયા અને નામાંકિત અધ્યક્ષ લેફ્ટનન્ટ કર્નલ નૈમિસ બડવાએ તમામ વિદ્યાર્થીઓને અને સ્ટાફને અભિનંદન પાઠવી ભવિષ્યની કારકિર્દી માટે શુભેચ્છા આપી હતી.

# કેન્દ્રીય વિદ્યાલય ભુજના યજમાનપદે પહેલીવાર યોજાઈ રાજ્ય કક્ષાની ફૂટબોલ સ્પર્ધા

**ગુજરાતના ૨૨૪ સ્પર્ધકોએ ભાગ લીધો: ભુજ આર્મી દ્વારા કરવામાં આવેલી સુંદર વ્યવસ્થાથી ગુજરાતની કેન્દ્રીય વિદ્યાલયો પ્રભાવિત : કેન્દ્રીય વિદ્યાલય વડોદરા રાજ્યમાં પ્રથમ, અંકલેશ્વર દ્વિતીય અને કેન્દ્રીય વિદ્યાલય એરફોર્સ ભુજ સમગ્ર રાજ્યમાં તૃતીય ક્રમે વિજેતા બની**





ભુજ - કચ્છઉદય : ૧૬ અને ૧૭ એપ્રિલના કેન્દ્રીય વિદ્યાલય સંગઠન (અમદાવાદ વિભાગ) દ્વારા અંડર-૧૭ (બોયઝ) ફૂટબોલ સ્પર્ધાનું આયોજન કેન્દ્રીય વિદ્યાલય નંબર ૨, આર્મીકેન્ટ ભુજ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાત રાજ્યના વિવિધ કેન્દ્રીય વિદ્યાલયોના ૨૨૪ સ્પર્ધકોએ ૩૫ એસ્કોર્ટ શિક્ષકો સાથે ભાગ લીધો હતો.

આચાર્ય એચ.આર. ચૌધરીએ જણાવ્યું હતું કે ભુજ શહેરમાં પહેલીવાર આટલી મોટી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૭ એપ્રિલના ફાઈનલ મેચમાં કેન્દ્રીય વિદ્યાલય નંબર ૩ એરફોર્સ મકરપુરા, વડોદરાની ટીમે કેન્દ્રીય વિદ્યાલય, ઓએનજીસી અંકલેશ્વરને ૩-૦ થી હરાવીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું. કેન્દ્રીય વિદ્યાલય અંકલેશ્વરને બીજું સ્થાન અને શ્રી કેન્દ્રીય વિદ્યાલય એરફોર્સ ભુજને ત્રીજું સ્થાન મળ્યું હતું. આ સ્પર્ધામાં ભાગ લેનારાઓ માટે રહેવા, પીવાનું પાણી, તબીબી સુવિધાઓ, સ્થાનિક પરિવહનની વ્યવસ્થા યજમાન શાળા ભુજની કેન્દ્રીય વિદ્યાલયની વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ અને આર્મી ભુજના સ્ટેશન કમાન્ડર બ્રિગેડિયર નીરજ ખજુરિયાના માર્ગદર્શન અને સહયોગથી પૂરી પાડવામાં આવી હતી, જેની ખૂબ પ્રશંસા થઈ હતી. આ સ્પર્ધા ૧૬ એપ્રિલના કેન્દ્રીય વિદ્યાલય સંગઠન પ્રાદેશિક કાર્યાલય, અમદાવાદ વિભાગના ડેપ્યુટી કમિશનર ધર્મેન્દ્ર પાટલેના અભિનંદન સંદેશ સાથે શરૂ થઈ હતી. વિદ્યાલય વ્યવસ્થાપન સમિતિના નામાંકિત અધ્યક્ષ લેફ્ટનન્ટ કર્નલ નૈમિસ બડવાએ કેન્દ્રીય વિદ્યાલય સંગઠન તરફથી પ્રાપ્ત મેડલ અને પ્રમાણપત્રોનું વિતરણ કરાયું હતું. રાષ્ટ્રીય સ્તર માટે પસંદ થયેલી ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ભુજની સંસ્થા દ્વારા સાહિત્ય ગોષ્ટી યોજાઈ

ભુજ - કચ્છઉદય : કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા દ્વારા સભ્યોની સાહિત્ય ગોષ્ટી કાર્યક્રમ બેઠક દિલીપ આચાર્યના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતી, જેમાં મંત્રી જ્યોતિબેન ગોહિલે આવકાર પ્રવચન કરતા શબ્દીક સ્વાગત કરેલ હતું. આ પ્રસંગે મદન ભટ્ટ, મગનભાઈ ઠક્કર, પ્રતિક જોશી, વિનોદ ગોર, કનૈયાલાલ અબોટી, ચંદુલાલ ગોર, પ્રવીર ધોળકિયા, કેશવજી લોન્ચ વિગેરે હાજર રહેલ હતા. ઉષા દાવડા, વિનોદ વ્યાસ, ખુશ્બુ સરવૈયા સહીત ગ્રુપ સભ્યો સહયોગથી રચના રજૂ કરેલ હતી. સંચાલન અને આભારવિધિ જ્યોતિ ગોહિલએ કરી હતી.

# ગાંધીધામ મહાનગરપાલિકા વોર્ડ નંબર ૧૦માં ભાજપનો ઝંઝાવતી પ્રચાર : જનતાનો મળી રહ્યો છે અભૂતપૂર્વ પ્રતિસાદ

**વિકસિત ભારત અને આધુનિક ગાંધીધામના સંકલ્પ સાથે જન સુખાકારીના કામોની ઉમેદવારો દિવ્યા જીતેન્દ્ર નાથાણી, ધર્મેન્દ્ર રાયશી મેઘાણી, મોહનલાલ ગોવિંદજી ગોરી અને હસ્તાબેન શૈલેષભાઈ સથવારાએ આપી ખાતરી**



તસવીર : યોગેશ લીંબાચીયા







ગાંધીધામ – કચ્છઉદય : ગાંધીધામ મહાનગરપાલિકાની પ્રથમ ઐતિહાસિક ચૂંટણીનો પ્રચાર હવે તેના અંતિમ તબક્કા તરફ આગળ વધી રહ્યો છે ત્યારે ગાંધીધામના આર્થિક અને સામાજિક રીતે મહત્વના એવા વોર્ડ નંબર ૧૦ માં ભારતીય જનતા પાર્ટી દ્વારા અત્યંત સઘન અને પ્રચંડ પ્રચાર અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત' ના સંકલ્પને સ્થાનિક સ્તરે સાકાર કરવાના ઉમદા હેતુ સાથે ભાજપની પેનલના ચારેય ઉમેદવારો દિવ્યા જીતેન્દ્ર નાથાણી, ધર્મેન્દ્ર રાયશી મેઘાણી, મોહનલાલ ગોવિંદજી ગોરી અને હસ્તાબેન શૈલેષભાઈ સથવારા દ્વારા વોર્ડના ખૂણે ખૂણે જનસંપર્ક તેજ કરવામાં આવ્યો છે. આ ઉમેદવારો દ્વારા કરવામાં આવી રહેલા ડોર-ટુ-ડોર પ્રચારમાં જનતા દ્વારા પુષ્પવર્ષા અને વિજય તિલક સાથે પ્રચંડ જન સમર્થન મળી રહ્યું હોવાનું ચિત્ર સ્પષ્ટપણે ઉપસી રહ્યું છે.

ચૂંટણી પ્રચાર દરમિયાન ઉમેદવારોએ મતદારો સાથે સીધો સંવાદ સાધતા જણાવ્યું હતું કે ગાંધીધામના સર્વાંગી વિકાસ માટે છેલ્લા બાર વર્ષમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા જે વિકાસની ગંગા વહાવવામાં આવી છે તેને સ્થાનિક સ્તરે વધુ વેગવંતી બનાવવી એ અમારી પ્રાથમિકતા છે. ઉમેદવારોએ વિશ્વાસ અપાવ્યો હતો કે ગાંધીધામ હવે મહાનગરપાલિકામાં રૂપાંતરિત થઈ ચૂક્યું છે ત્યારે શહેરના વિકાસમાં જે પણ ખૂટતી કડીઓ છે તેની પૂર્તતા કરવામાં આવશે. ખાસ કરીને આધુનિક ડ્રેનેજ સિસ્ટમ, રસ્તાઓનું નવીનીકરણ, પીવાના પાણીની સુવિધા અને પર્યાવરણલક્ષી બગીચાઓના નિર્માણ જેવા જન સુખાકારીના કાર્યો માટે ભાજપની આખી પેનલ સતત સક્રિય રહીને જનતાના પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ લાવવા કટિબદ્ધ રહેશે તેવી નેમ વ્યક્ત કરવામાં આવી છે.

વિકાસના મજબૂત નિર્ણય અને લોકશાહીના પર્વને ઉજવવા માટે આગામી તારીખ ૨૬ એપ્રિલ ૨૦૨૬, રવિવારના રોજ સવારના ૭ થી સાંજના ૬ કલાક સુધી મતદાન યોજાનાર છે. ભાજપના ઉમેદવારોએ મતદારોને નમ્ર અપીલ કરી છે કે ગાંધીધામના જવલંત ભવિષ્ય માટે અને વિકાસની ગતિને અવિરત રાખવા માટે 'કમળ' ના નિશાન પર બટન દબાવી પેનલ ટુ પેનલ મતદાન કરી ભવ્ય બહુમતીથી વિજયી બનાવે. શહેરના હિતમાં અને સુશાસનના સાતત્ય માટે જનતા આ વખતે ફરી એકવાર ભાજપ પર જ ભરોસો મૂકશે તેવો અટલ વિશ્વાસ ચૂંટણી કાર્યાલય દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. પ્રચાર અભિયાનમાં કાર્યકરોનો ઉત્સાહ અને જનતાનો પ્રતિસાદ જોતા વોર્ડ નંબર ૧૦ માં કેસરીયો લહેરાશે તેવું રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે.

આ ઉદ્ઘાટન પ્રસંગે માલતીબેન મહેશ્વરી, મોમાયાભા ગઢવી, દેવેન્દ્રસિહ જાડેજા, બલવંત ભાઈ ઠક્કર, ગંગારામ ભાઈ ભાનુશાલી, વસંતભાઈ ચાંદ્રા,ભારત નગર વેપારી એસોસિયેશન ના પ્રમુખ ત્રીલોક ભાઈ મંગલાની,ધર્મ ગુરુ દામજીભાઈ માતંગ, નાગશી દાદા ચુટણી ઈન્ચાર્જ, તુલસીભા ગઢવી, સુરેશ ભાઈ મારાજ હાજર રહ્યા હતા.

## પહેલા પાનાથી...

### નારી શક્તિનું અપમાન

સમય પાકી ગયો છે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે, નારી શક્તિ વંદન અધિનિયમ એ માત્ર બિલ નથી, પરંતુ કરોડો બહેનોના સપના અને આત્મસન્માનની વાત છે. આ ઐતિહાસિક સુધારામાં અવરોધ ઊભો કરીને કોંગ્રેસે સાબિત કરી દીધું છે કે તેને દેશના વિકાસ કે મહિલાઓના ઉત્થાનમાં કોઈ રસ નથી. તેમણે રાજ્યની તમામ મહિલાઓને આહવાન કર્યું હતું કે, આવી જનવિરોધી અને મહિલા વિરોધી વિચારધારા ધરાવતા પક્ષને ઓળખીને યોગ્ય પાઠ ભણાવે.

### ચૂંટણી એક્સ-રે:

નેતાઓ હંગામી પેચવર્કમાં માને છે. ખાસ કરીને ૬૪ % લોકો માટે ટ્રાફિક, પાર્કિંગ, સ્ટ્રીટલાઈટ, રખડતા પશુઓ અને શ્વાનો સૌથી મોટો માથાના દુઃખાવા સમાન પ્રશ્ન છે. હવે યુવા મતદાર અત્યંત અપેક્ષાવાદી છે. ૭૨% લોકો ઈચ્છે છે કે સ્થાનિક પાલિકા સ્તરે જ સ્ટાર્ટ-અપ ઈન્ક્યુબેશન સેન્ટર્સ બને. જો કે, ટેકનોલોજીના મામલે નેતાઓ અને જનતા વચ્ચે મોટો તફાવત છે. ૭૫% યુવાનો માને છે કે તેમના નેતાઓ આટફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) કે સ્માર્ટ ગવર્નન્સની ભાષા સમજતા નથી. તેઓ માત્ર સોશિયલ મીડિયા પર ફોટા મૂકવા પૂરતા ડિજિટલ છે, જે યુવા પેઢી સાથેના તાલમેલમાં મોટી અડચણ છે.

### સ્થાનિક ચૂંટણીમાં રેલી

કલાક મુજબનું મહેનતાણું તેમજ જમવાનું, ચા-નાસ્તો સહિતનો ખર્ચ ઉમેદવાર ચૂકવે છે. આ પ્રચાર મતદાનના આગલા દિવસ સુધી ચાલે છે.

ઉમેદવારો દ્વારા ડિજિટલ માર્કેટીંગવાળા સાથે દસ દિવસ માટે કોન્ટ્રાક્ટ રાખવામાં આવે છે, જે માટે ૨૫ હજારથી ૧.૫૦ લાખ રૂપિયા સુધીનો ખર્ચ થાય છે. એક દિવસના ૫૦૦ રૂપિયામાં ૨થી ૩ હજાર લોકો સુધી, ૧ હજાર રૂપિયામાં ૬થી ૭ હજાર લોકો સુધી તેમજ ૫ હજાર રૂપિયામાં ૫૦થી ૬૦ હજાર લોકો સુધી રીલ્સ વાઈરલ થાય છે. કેટલાક ઉમેદવારો આખાં કેમ્પેઈન માટે ૨ લાખથી ૧૦ લાખ રૂપિયા કે તેથી વધુ પણ ખર્ચે છે. ખાસ કરીને તેઓ પ્રોફેશનલ ટીમ રાખે છે. ઉમેદવારનો વિસ્તાર મોટો હોય છે. એ પૈકી અમુક રીચ વિસ્તારમાં પ્રચાર કરવા માટે પ્રોફેશનલ ટીમ રાખીને વધુ રીચ અને ટાર્ગેટેડ ઓડિયન્સ વીડિયો તેમજ રીલ્સ બનાવી પ્રચાર કરાય છે. કેમ્પેઈનમાં કેમેરામેન અને તેની ટીમને દોઢ લાખથી વધુ મહેનતાણુ ચૂકવાઈ રહ્યું છે.

### ભારતીય જહાજો

વિદેશ સચિવે ઈરાનના રાજદૂત સાથેની બેઠકમાં ભારપૂર્વક જણાવ્યું છે કે અગાઉ ઈરાને ભારતીય જહાજોને સુરક્ષિત માર્ગ આપવાની ખાતરી આપી હતી, જેનું પાલન થવું જોઈએ. ભારતે હોર્મુઝના માર્ગે માલવાહક જહાજોની અવરજવર જલ્દીથી પૂર્વવત્ કરવાની માંગ કરી છે. ભારતની ૯૦ ટકા ગેસ આયાત અને મોટો તેલ પુરવઠો આ જ રસ્તેથી આવે છે. શનિવારે હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાની ગનબોટ્સે ભારતીય ધ્વજ ધરાવતા બે જહાજો પર ગોળીબાર કર્યો હતો. આ હુમલા બાદ જહાજોને યુ-ટર્ન લઈ પાછા ફરવાની ફરજ પડી હતી. ફાયરિંગનો ભોગ બનેલા બે જહાજો પૈકી એક 'વેરી લાર્જ ક્રૂડ કેરિયર' છે, જેમાં ૨૦ લાખ બેરલ જેટલો મોટો તેલનો જથ્થો ભરેલો હતો. આ ઘટનાના થોડા જ કલાકોમાં ભારત સરકારે ઈરાનના રાજદૂત મોહમ્મદ ફથલીને સમન્સ પાઠવી તેડું મોકલ્યું હતું. જે બાદ તેઓ વિદેશ મંત્રાલય સમક્ષ હાજર થયા હતા. જોકે આ ફાયરિંગમાં કોઈ જાનહાનિ થઈ નથી અને જહાજોને પણ મોટું નુકસાન પહોંચ્યું નથી.

### ઘરમાં ઈલેક્શન કાર્ડ

પોતાના મતના મૂલ્ય અને 'નોટા' ના અધિકારને લઈને ચિંતા અને આક્રોશ જોવા મળી રહ્યો છે.

બિનહરીફ વિજયી બનાવા પરન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, ચૂંટણી પરિણામો પહેલા જ જનતાએ ભાજપનો ઐતિહાસિક વિજય નક્કી કરી દીધો છે. ગુજરાતમાં ભાજપના કુલ ૭૨૦ ઉમેદવારો અત્યાર સુધીમાં બિનહરીફ વિજેતા જાહેર થયા.

વિપક્ષોને ઉમેદવારો મળતા નથી અને સમજુ લોકોએ સામેથી ફોર્મ પરત ખેંચ્યા છે. કોંગ્રેસના શાસનમાં રસ્તાના ઠેકાણા નહોતા, ત્યારે ભાજપે ગામેગામ પાકા રસ્તા બનાવ્યા. ગામડાઓમાં પણ હવે શહેરોની જેમ ૨૪ કલાક વીજળી અને ૫ યાની સુવિધાઓ મળે છે. લુખ્ખા તત્વો સામે પોલીસ એવી કડક કાર્યવાહી કરશે કે દાદાગીરી ભૂલી જશે.મહેસાણા મહાનગરપાલિકાની પ્રથમ વખત યોજાઈ રહેલી ઐતિહાસિક ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની મુદત પૂરી થતા જ હવે જંગનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. જિલ્લામાં કુલ ૮૫ બેઠકો બિનહરીફ જાહેર થયા બાદ હવે ૩૮૨ બેઠકો માટે રાજકીય પક્ષો વચ્ચે સીધો મુકાબલો શરૂ થયો છે. જોકે ચૂંટણી પ્રચારમાં નીકળેલા ઉમેદવારોને મતદારોના આકરા સવાલો અને સ્થાનિક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

વડોદરામાં કોંગ્રેસ દ્વારા લોકશાહી બચાવો ધરણાં કાર્યક્રમ યોજાયો હતો. કોંગ્રેસના AICC સેક્રેટરી રામકિશન ઓઝાએ કહ્યું કે, ભાજપે લોકશાહી પધ્ધતિથી ચૂંટણી યોજાવાના બદલે ધાકધમકીથી ફોર્મ પાછા ખેંચાવ્યા છે. ભાજપનો જો મજબૂત જનાધાર હોય તો કેમ બિનહરીફ કરવા આટલું દબાણ કર્યું. પોલીસ, પ્રશાસનનો દુરુપયોગ કરી ફોર્મ પાછા ખેંચાવ્યા છે. ભાજપની આ પધ્ધતિના વિરોધમાં અમે ધરણા કરીશું. વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોશીએ કહ્યું કે, સરકારી મશીનરીનો દુરુપયોગ કરે છે.

### આજે વહેલી સવારથી

રહી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, શાંતનુ સિંહા બિસ્વાસના બે નિવાસસ્થાનો અને જોય કામદારના એક સ્થળ પર તપાસ હાથ ધરવામાં આવી છે.

આ સમગ્ર કાર્યવાહી પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ કરવામાં આવી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સોના પપ્પુ અને જોય કામદાર કેસમાં શંકાસ્પદ નાણાકીય વ્યવહારોની કડીઓ તપાસતી વખતે પોલીસ અધિકારી શાંતનુ સિંહાનું નામ સામે આવ્યું હતું. કરોડો રૂપિયાના શંકાસ્પદ લેવડ-દેવડ અને તેના મૂળ સુધી પહોંચવા માટે ED આ દરોડા પાડી રહી છે.બંગાળમાં અગાઉ પણ અનેક મંત્રીઓ અને નેતાઓ ઈઢની રાડારમાં આવી ચૂક્યા છે, પરંતુ હવે સીધા જ ઉચ્ચ પોલીસ અધિકારીના ઘરે તપાસ પહોંચતા પોલીસ વિભાગમાં પણ ચિંતાનો માહોલ છે. દરોડા દરમિયાન મહત્ત્વના દસ્તાવેજો, ડિજિટલ પુરાવા અને નાણાકીય ટ્રાન્ઝેક્શનની વિગતો તપાસવામાં આવી રહી છે.

# નિરોણા જિ.પં. બેઠકમાં ભાજપનો ઝળહળતો વિજય થશે : દેવજી વરચંદ






**ધારાસભ્ય પી.એમ. જાડેજા સહિત હોદેદારો - કાર્યકરો રહ્યા ઉપસ્થિત : જિલ્લા પંચાયતના ઉમેદવાર ઘનશ્યામસિંહ જાડેજા, તા. પં.ના ઉમેદવારો નિરોણા જેસંગભાઈ વેલાભાઈ આહિર, બિબ્બર જસુબેન મોહનભાઈ આયર, વંગ જામકોરબા રામસંગજી જાડેજા, તલ જ્યોતિબા રણજીતસિંહ સોઢા, દેશલપર ગુતલી ઉત્પલસિંહ ફતેહસિંહ જાડેજા સહિત હોદેદારો અને કાર્યકરો રહ્યા ઉપસ્થિતમાં નિરોણા ગામે જિલ્લા પંચાયત કાર્યાલય ખુલ્લું મુકાયું**



નખત્રાણા - કચ્છઉદય : નિરોણા ગામે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત નિરોણા જિલ્લા પંચાયત સીટના કાર્યાલયનું ઉદઘાટન કરતાં જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદે કહ્યું કે, નિરોણા જિલ્લા પંચાયત અને તેના હેઠળ આવતી પાંચ તાલુકા પંચાયતમાં ભાજપનો ઝળહળતો વિજય થશે.

ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજાએ કહ્યું કે, તાલુકામાં તમામ ક્ષેત્ર ભાજપે સર્વાંગી વિકાસ કર્યો છે. લોકો ભાજપના ઉમેદવારોને જંગી બહુમતીથી જીત થશે. ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યુ કે, જિલ્લા પંચાયતના ઉમેદવાર ઘનશ્યામસિંહ જાડેજા, તા.પં.ના ઉમેદવારો નિરોણા જેસંગભાઈ વેલાભાઈ આહિર, બિબ્બર જસુબેન મોહનભાઈ આયર, વંગ જામકોરબા રામસંગજી જાડેજા, તલ જ્યોતિબા રણજીતસિંહ સોઢા, દેશલપર ગુતલી ઉત્પલસિંહ ફતેહસિંહ જાડેજાને મત આપી ભાજપને વિજય બનાવવા હાકલ કરી હતી. ભાજપે હંમેશા વિકાસને પ્રાધાન્ય આપ્યો છે તેની સાથે "સૌએ નું સાથ સૌનું વિકાસ"ની સાથે ભાજપને મત આપી ભાજપના ઉમેદવારને વિજય બનાવવા અપીલ કરી હતી.

જિલ્લા પંચાયતના ઉમેદવાર ઘનશ્યામસિંહ જાડેજાએ કહ્યું કે, મારા પર પાર્ટીએ મુકેલા વિશ્વાસને સાર્થક કરી અને નિરોણા વિસ્તારના વિકાસ માટે સદાય કટિબદ્ધ છીએ. નિરોણા તાલુકા પંચાયતના ઉમેદવારો જેસંગભાઈ વેલાભાઈ આહિર, બિબ્બર તા.પં.ના ઉમેદવાર જસુબેન મોહનભાઈ આયર, વંગ તા.પં.ના ઉમેદવાર જામકોરબા રામસંગજી જાડેજા, તલ તા.પં.ના ઉમેદવાર જ્યોતિબા રણજીતસિંહ સોઢા, દેશલપર ગુતલી તા.પં.ના ઉમેદવાર ઉત્પલસિંહ ફતેહસિંહ જાડેજા, આ અવસરે પૂર્વ સદસ્યો જિલ્લા પંચાયત કરશનજી જાડેજા, રાજેન્દ્રસિંહ જાડેજા, ભાજપ આગેવાનો વાલજીભાઈ આહિર, રવિભાઈ નામોરી, પ્રફુલ્લસિંહ જાડેજા, કનૈયાભાઈ ભાનુશાલી, હિતેશ ખંડોલ, ગોવિંદભાઈ, પ્રવીણભાઈ પટેલ, હિતેશભાઈ પાંચાણી, તા.ભા.પ્રમુખ ધર્મેશ કેસરાણી, મોહનભાઈ આહિર, નરેન્દ્રસિંહ જાડેજા, માધુભા જાડેજા સહિત આસપાસના ગામોના સરપંચો, સભ્યો, ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન હરિસિંહ રાઠોડે કર્યું હતું.

## ઉમેદવારોએ પ્રચાર વેગવંતો બનાવ્યો






નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના છારી ગામે નિરોણા જિલ્લા પંચાયત તથા તલ - દેશલપર તાલુકા પંચાયત સીટ હેઠળ આવતા છારી, ફુલાય, પૈયા, મોતીચુર, લૈયારી, તલ, તલવાંઢ, લુડબાય, ગેચડા, ધામાય અને અરલ ગામોના મુખ્ય આગેવાનો સાથે બેઠક યોજી હતી. આ પ્રસંગે નિરોણા જિલ્લા પંચાયતના ઉમેદવાર ઘનશ્યામસિંહ જાડેજા, તલ તાલુકા પંચાયતના ઉમેદવાર જ્યોતિબા રણજિતસિંહ સોઢા તથા દેશલપર તાલુકા પંચાયતના ઉમેદવાર ઉત્પલસિંહ જાડેજા સાથે ચર્ચા કરી જનસમર્થન મેળવ્યું હતું. આગેવાનો તથા કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં ભવ્ય વિજય માટેનો સંકલ્પ વધુ મજબૂત બનાવ્યો હતો.

# ભારત - રશિયા વચ્ચે ઐતિહાસિક સૈન્ય ડીલ

**૩૦૦૦ સૈનિકો, ૧૦ જેટ, ૫ યુદ્ધ જહાજો..., ભારત ક્યાં તૈનાત કરી રહ્યું છે પોતાની સેના?**

(એજન્સી દ્વારા) સમગ્ર વિશ્વ જ્યારે અવિશ્વાસ અને યુદ્ધના માહોલમાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે ભારત અને રશિયાએ દાયકાઓ જૂની મૈત્રીને નવી ઊંચાઈ પર લઈ જતો ઐતિહાસિક નિર્ણય લીધો છે. ઈરાન-હોર્મુઝના તણાવ વચ્ચે હવે ભારત અને રશિયા એકબીજાની ધરતી પર પોતાની સેના તૈનાત કરશે. આ પગલાથી અમેરિકા અને ચીન જેવા દેશોની ચિંતામાં વધારો થવો નિશ્ચિત મનાઈ રહ્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૫માં હસ્તાક્ષર કરાયેલ 'ઈન્ડો-રશિયન રેસીપ્રોકલ એક્સચેન્જ ઓફ લોજિસ્ટિક્સ એગ્રીમેન્ટ' હવે સત્તાવાર રીતે અમલમાં આવ્યો છે. આ કરાર હેઠળ બંને દેશો એકબીજાના સૈન્ય ઠેકાણાઓ પરઃ ૩૦૦૦ સૈનિકો, ૧૦ સૈન્ય વિમાનો (જેટ્સ), ૫ યુદ્ધપોતો એક જ સમયે તૈનાત કરી શકશે. આ તૈનાતી ૫ વર્ષના ગાળા માટે હશે, જેને પરસ્પર સંમતિથી વધારી શકાય છે.આર્કટિક સુધી પહોંચઃ ભારતને રશિયાના વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એવા આર્કટિક ક્ષેત્રના લશ્કરી ઠેકાણાઓ સુધી પહોંચ મળશે.સર્વિસિંગ અને લોજિસ્ટિક્સઃ રશિયન મૂળના સૈન્ય ઉપકરણોની જાળવણી અને લાંબા ગાળાની તૈનાતીમાં ભારતને મોટી સુવિધા મળશે. સંયુક્ત અભ્યાસઃ બંને દેશો વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ, તાલીમ અને માનવીય સહાયતાના કાર્યોમાં ગતિ આવશે. પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ અને હોર્મુઝ સ્ટ્રેટમાં ચાલી રહેલી દરિયાઈ જંગ વચ્ચે ભારત અને રશિયાનો આ વધતો સમન્વય અમેરિકા માટે પડકારરૂપ છે. બીજી તરફ, રશિયામાં ભારતીય સેનાની હાજરી ચીન માટે પણ રણનીતિક મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.

## ચેક રિટર્ન કેસમાં આરોપીને ૧ વર્ષની કેદ

ભુજ - કચ્છઉદય : ભુજ અદાલતે નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટ હેઠળના ચેક પરતના કેસમાં સજા ફટકારી છે. ફરિયાદી ભુજના અરવિંદ શંભુલાલ ભાનુશાલી અને આરોપી ભુજના નીતીન શંકરલાલ ભાનુશાલી પરસ્પર સંબંધો ધરાવતા હતા. આરોપીને નાણાકીય જરૂરિયાત પડતા તેમણે ફરિયાદી પાસેથી હાથ ઉછીના રૂપિયા ૬,૫૦,૦૦૦ ની રકમ લીધી હતી. રકમના બદલામાં આરોપીએ ફરિયાદીને ૪ ચેક આપ્યા હતા. ફરિયાદીએ જ્યારે આ ચેકો પોતાના બેંક ખાતામાં જમા કરાવ્યા ત્યારે પુરતું ફંડ નથી તેવા શેરા સાથે ચેકો પરત ફર્યા હતા ચેક પરત ફરતા ફરિયાદીએ એડવોકેટ મારફતે ભુજની નામદાર અધિક જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની અદાલતમાં ફોજદારી કેસ દાખલ કર્યા હતા. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આરોપીનો બચાવ ગ્રાહ્ય રાખ્યો ન હતો અને ફરિયાદી પક્ષની દલીલોને માન્ય રાખી આરોપીને એક વર્ષની સાદી કેદ તથા ચેકની મૂળ રકમ રૂ. ૬.૫૦ લાખ સામે કુલ રૂપિયા ૧૨,૩૫,૦૦૦ વળતર પેટે ફરિયાદીને ચૂકવવાનો આદેશ કર્યો હતો જો આરોપી વળતરની રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય, તો વધુ ૨ માસની કેદની સજા ભોગવવી પડશે. આ કેસમાં ફરિયાદી પક્ષે એડવોકેટ અવનીશ જે. ઠક્કર તથા સલીમ એસ. ચાકીએ હાજર રહીને દલીલો કરી હતી.

## જગદીશભાઈ વિશ્વકર્માએ સુરત મહાનગરના ઉત્રાણ ખાતે વડાપ્રધાનશ્રીના રાષ્ટ્રજોગ સંબોધનને નિહાળ્યું



સુરત : ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ સુરત મહાનગરના ઉત્રાણ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્રજોગ સંબોધનને નિહાળ્યું હતું. આ પૂર્વે તેઓએ વિકાસ સંકલ્પ સભાને સંબોધિત કરી હતી.

જગદીશભાઈ વિશ્વકર્માએ તેઓના સંબોધનમાં જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે આપણને જે વિકાસની રાજનીતિની ભેટ આપી હતી, તે જ પરંપરાને આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મક્કમતાથી આગળ ધપાવી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે શ્રી નરેન્દ્રભાઈ મોદીની કાર્યશૈલી અજોડ છે; તેઓ જે કાર્યનું ખાતમુહૂર્ત કરે છે, તેનું લોકાર્પણ પણ કરે છે. આજે ગુજરાત જ નહીં પણ સમગ્ર દેશમાં વિકાસની વણઝાર વહી રહી છે, જેનો શ્રેય વડાપ્રધાનશ્રી મોદીજીના દ્રષ્ટિવંત નેતૃત્વને જાય છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના ખૂણે ખૂણે ભાજપ ાનો કેસરીયો માહોલ છવાયો છે. રાજ્યના ૧૦ હજારથી વધુ કાર્યકર્તાઓ કમળના પ્રતીક સાથે ચૂંટણી લડી રહ્યા છે, જેમાં ૭૦૦થી વધુ બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા છે, જે ચૂંટણી પહેલા જ ભવ્ય વિજયનો સંકેત છે. વિપક્ષો પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે, ભાજપનો કાર્યકર ચૂંટણીલક્ષી નહીં પણ ૩૬૫ દિવસ જનતાની સેવા અને સમર્પણ ભાવ સાથે કામ કરનારો કાર્યકર્તા છે જ્યારે કોંગ્રેસ અને અન્ય પક્ષો માત્ર ચૂંટણી સમયે જ દેખાય છે, જ્યારે ભાજપનો કાર્યકર્તા ૫૦ હજાર બૂથ પર રાત-દિવસ જનતાના પ્રશ્નો ઉકેલવા અને સરકારી યોજનાઓ લાભાર્થીઓના ઘર સુધી પહોંચાડવા મહેનત કરે છે.

તેમણે કહ્યું કે, જનતાનો એક-એક મત ગુજરાતની શાંતિ, સલામતી અને નાગરિકોની સુરક્ષા માટે છે. ભાજપના શાસનમાં રાષ્ટ્રને સર્વોચ્ચ સન્માન મળ્યું છે, ૧૪૦ કરોડ ભારતીયોનું વિશ્વમાં ગૌરવ વધ્યું છે. અંતમાં, મહિલા આરક્ષણ બિલ મુદ્દે વિપક્ષના વિરોધને વખોડતા તેમણે જણાવ્યું કે, સંસદમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે મહિલાઓને ન્યાય આપવા બિલ લાવ્યા ત્યારે વિપક્ષે તેનો વિરોધ કરીને દેશભરની મહિલાઓનું અપમાન કર્યું છે. ગુજરાત અને દેશની માતૃશક્તિ વિપક્ષના આ વ્યવહારને ક્યારેય માફ નહીં કરે અને આગામી સમયમાં તેમને જડબાતોડ જવાબ આપશે. ગુજરાતમાં છેલ્લા ૩૦ વર્ષથી ભાજપ પ્રત્યે જનતાનો જે અતૂટ વિશ્વાસ છે, તે વિકાસના કાર્યો અને પારદર્શક વહીવટને આભારી છે.

# ભાજપના દરેક કાર્યકરની સંગઠન શક્તિથી જ દરેક ઉમેદવાર વિજયી થશે : અજયભાઈ બ્રહ્મભટ્ટ






**ભુજ નગરપાલિકાના વોર્ડ નંબર ૧૦માં ભાજપના ચૂંટણી કાર્યાલયને ખુલ્લું મુકાયું : ઝોન પ્રભારી મહામંત્રીએ કચ્છની મુલાકાત લીધી : નારી વંદના બીલનો વિરોધ કરનાર વિપક્ષો પર કર્યા આકરા પ્રહાર : પ્રદેશ મહામંત્રી : વિકાસના મેન્ડેટ પર કચ્છમાં ભાજપની ભવ્ય જીત થશે : દેવજીભાઈ વરચંદ (કચ્છ જિલ્લા પ્રમુખશ્રી) : સૌનો સાથ સૌનો વિકાસના સુત્રને વરેલ ભાજપ પર પ્રજાજનોનો અતુટ વિશ્વસા અકબંધ : કેશુભાઈ પટેલ (ભુજ ધારાસભ્ય)**

**ભાજપના અગ્રણી નેતાઓની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યકરોને જીતનો મંત્ર અપાયો : કચ્છ પ્રભારી ફલજીભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ, ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે ભાજપની પેનલને વિજયી બનાવવા કરી અપીલ : વોર્ડ નંબર ૧૦ના ભાજપના ઉમેદવારો દિલીપભાઈ પ્રેમજીભાઈ હડીયા, વંદનાબેન જમીરભાઈ પરમાર, હસ્મિતાબેન નવીનચંદ્ર ગોર અને હિરેન ભાનુકુમાર ઠક્કરે સર્વાંગી વિકાસની આપી ખાતરી**



ભુજ - કચ્છઉદય : ભુજ શહેરના વોર્ડ નંબર ૧૦માં ભારતીય જનતા પાર્ટી દ્વારા આગામી નગરપાલિકાની ચૂંટણીના સંદર્ભે પ્રચાર કાર્યોને વેગ આપવા માટે ગતરોજ ભવ્ય ચૂંટણી કાર્યાલયનું ઉદઘાટન અને જાહેર સભાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. શનિવારે સાંજે આર.ટી.ઓ. સર્કલ પાસે આવેલા કતીરા કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ભાજપના દિગ્ગજ નેતાઓ અને બહોળી સંખ્યામાં પક્ષના કાર્યકરો તેમજ સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અજયભાઈ બ્રહ્મભટ્ટે હાજરી આપીને ઉપસ્થિત જનમેદનીને સંબોધન કર્યું હતું. તેમણે પક્ષની વિચારધારા અને વિકાસના કાર્યોને લોકો સુધી પહોંચાડવા માટે કાર્યકરોને આહવાન કર્યું હતું. તેમણે વિશાળ જનમેદનીને સંબોધતા ભાજપના ચારેય ઉમેદવારોને વિજયી બનાવવા આહવાન કરવાની સાથે વિપક્ષ કોંગ્રેસની નકારાત્મક કાર્યશૈલી પર આકરા પ્રહારો કર્યા હતા. બ્રહ્મભટ્ટે આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ પક્ષ હંમેશા શહેરીકરણ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટનો વિરોધ કરીને વિકાસલક્ષી કાર્યોમાં અવરોધ ઊભો કરે છે અને નારી વંદના બિલનો વિરોધ કરી ગુજરાતની અડધી આબાદી સમાન મહિલા શક્તિ સાથે અન્યાય કરી રહ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત મોડલને અસ્થિર કરવાના બદઈરાદા સાથે વિપક્ષ મેદાનમાં ઉતર્યો છે, ત્યારે જનતાએ વિકાસની આડે ફાટક બનતા તત્વો સામે જાગૃત થવું અનિવાર્ય છે. ભુજના સર્વાંગી વિકાસની ખાતરી આપતા તેમણે સ્પષ્ટપણે જાહેર કર્યું હતું કે જો નગરપાલિકામાં જનતાના સૂચનોને સર્વોપરી ગણીને પારદર્શક વહીવટ કરવામાં આવશે અને રાજ્ય સરકાર પાસે ભુજ માટે વિશિષ્ટ યોજનાઓ અંતર્ગત વિશેષ લાભોની માંગણી કરવામાં આવશે. અંતમાં તેમણે ઉપસ્થિત મહિલા કાર્યકરોને ઘરે-ઘરે જઈને કોંગ્રેસના મહિલા વિરોધી વલણને ખુલ્લું પાડવા અને ભાજપના સમર્થનમાં સક્રિય પ્રચાર કરવા પ્રેરિત કર્યા હતા.

આ કાર્યક્રમમાં કચ્છ જિલ્લા ભાજપના અધ્યક્ષ દેવજીભાઈ વરચંદે સંગઠનની શક્તિ અને એકતા પર ભાર મૂક્યો હતો. ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે ભુજના મતદારોનો વિશ્વાસ ભાજપમાં અકબંધ હોવાની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારની લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી આપી હતી અને વોર્ડ નંબર ૧૦ના પ્રશ્નોના નિરાકરણ માટે ભાજપની પેનલને વિજયી બનાવવા અપીલ કરી હતી. વોર્ડ નંબર ૧૦ના ભાજપના ઉમેદવારો દિલીપભાઈ પ્રેમજીભાઈ હડીયા, વંદનાબેન જમીરભાઈ પરમાર, હસ્મિતાબેન નવીનચંદ્ર ગોર અને હિરેન ભાનુકુમાર ઠક્કર પણ મંચસ્થ રહ્યા હતા. તમામ ઉમેદવારોએ વોર્ડના સર્વાંગી વિકાસની ખાતરી આપી હતી. આ પ્રસંગે જિલ્લા મહામંત્રી ધવલ આચાર્ય, હિતેશ ખંડોર, ભીમજી જોધાણી તેમજ શહેર ભાજપ પ્રમુખ મિત ઠક્કર, ઉપપ્રમુખ જયંત ઠક્કર તેમજ પૂર્વ નગરસેવક અને દંડક તેમજ સમાજના આગેવાન એવા રાજેશભાઈ જે ગોર, ધીરેન ઠક્કર સહિત મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અને શહેરવાસીઓ હાજર રહ્યા હતા.

# ભુજ સ્વામિનારાયણ મંદિરે ભાજપના પ્રદેશ અને જિલ્લા આગેવાનોએ આશીર્વાદ મેળવ્યા





ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અને કચ્છ ઝોન પ્રભારી અજયભાઈ બ્રહ્મભટ્ટે ભુજના સુપ્રસિદ્ધ સ્વામિનારાયણ મંદિર ખાતે દર્શન કરી સંતોના આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે તેમની સાથે કચ્છ જિલ્લા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ભાજપ પ્રભારી ફલજીભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ તેમજ જિલ્લા ભાજપ મહામંત્રીઓ સર્વે ધવલભાઈ આચાર્ય, હિતેશભાઈ ખંડોર અને ભીમજીભાઈ જોધાણી તેમજ મંદિરના ટ્રસ્ટી આશિષભાઈ ત્રવાડી અને જયંત ઠક્કર સહિતના અગ્રણીઓ ઉપરોક્ત તસવીરમાં દ્રશ્યમાન થઈ રહ્યા છે.

## અબડાસાના કરમટા, કોસા, અકરીની પવનચક્કીઓમાં ચોરી કરાઈ

ભુજ - કચ્છ ઉદય : અબડાસા તાલુકાના કરમટા ગામની સીમમાં આવેલ પવનચક્કી નં.૨૪૫ માંથી ૪૩૮ મીટર વાયર, કોસા ગામની સીમમાં આવેલ પવનચક્કી નં. ૨૮૯ માંથી ૪૩૮ મીટર વાયર, રામવાડા હોથિયા સીમમાં આવેલ પવનચક્કી નં.૪૮૪ માંથી ૨૧૫ મીટર, બસબાર તેમજ પેનલ, કરમટા ગામની સીમમાં આવેલ પવનચક્કી નં.૨૨૭ માંથી ૨૦૮ મીટર વાયર તથા બેટરી, કેપી એનર્જી કંપનીની કરમટા ભોવા જતી ૩૩ કેવી લાઈનમાં રાખપર ગામની સીમમાંથી ૧૨ પોલ પર લગાવેલ એલ્યુમિનિયમ વાયર મળી કુલ ૨૧,૩૬૦ ની ચોરી કરવા સાથે ૧૦ હજારનું નુકસાન કરવામાં આવતા વાયોર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## ભુજમાં સસ્તા સોનાના નામે ૬૧ લાખની ઠગાઈમાં પોલીસે પર લાખ પરત અપાવ્યા




ભુજ - કચ્છ ઉદય : શહેરમાં સસ્તા સોનાના નામે ૨૦૨૪ મા ૬૧ લાખ રૂપિયાની ઠગાઈ કરવામાં આવી હતી. રાજસ્થાનના વેપારીને લાલચ આપી ૭૫ લાખ લઈ ૧૪ લાખના બે બિસ્કિટ આપવામાં આવ્યા હતા. જોકે, ૬૧ લાખ પરત ન મળતા તેઓએ ફરીયાદ નોંધાવી હતી. એલસીબીએ બન્ને આરોપી અલ્તાફ હુશેન જત અને હાજી વલીમામદ કકલને પકડી પર લાખ રૂપિયા રિક્વર કર્યા હતા. અદાલતના આદેશથી આઠ દિવસના ટુંકાગાળામાં રાજસ્થાનના અરજદાર હીરાલાલ હપ્પારામ ચૌધરીને પર લાખ રૂપિયા પરત તેરા તુજકો અર્પણ અભિયાનને સાર્થક કરવામાં આવ્યું છે.

# અંજારમાં ભગવાન પરશુરામ જન્મોત્સવની ભક્તિભાવ સાથે ભવ્ય ઉજવણી






**બ્રહ્મ સમાજ દ્વારા વિશાળ બાઈક રેલીએ શહેરના રાજમાર્ગો પર જમાવ્યું આકર્ષણ: સાંજે શોભાયાત્રા, મહાઆરતી અને મહાપ્રસાદ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે : અંજાર શહેર બન્યું પરશુરામમય**




અંજાર – કચ્છઉદય : અંજાર શહેર અને તાલુકાના સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા આરાધ્ય દેવ ભગવાન પરશુરામની જન્મજયંતિ નિમિત્તે વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોનું અત્યંત ઉત્સાહપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન અવસરની ઉજવણીના ભાગરૂપે સવારના સમયે શહેરમાં એક ભવ્ય અને વિશાળ બાઈક રેલી કાઢવામાં આવી હતી, જેમાં બ્રહ્મ સમાજના અબાલ-વૃદ્ધ સૌ કોઈ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આ બાઈક રેલીનો પ્રારંભ ભદ્રેશ્વર મહાદેવ મંદિરથી કરવામાં આવ્યો હતો, જે શહેરના વિવિધ મુખ્ય માર્ગો પર ફરીને પરશુરામ ધામ ખાતે સંપન્ન થઈ હતી. રેલી દરમિયાન ભગવાન પરશુરામના જયઘોષથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું અને કેસરીયા ધ્વજ સાથે નીકળેલી આ રેલી આકર્ષણનું કેન્દ્ર બની હતી.

બાઈક રેલીના સમાપન બાદ વર્ષામેડી નાકા પાસે સ્થિત પરશુરામ ધામ ખાતે ભગવાનની ભવ્ય મહાઆરતી ઉતારવામાં આવી હતી. આ ધાર્મિક ઉત્સવને વધુ યાદગાર બનાવવા માટે સાંજના સમયે નીલકંઠ મહાદેવ મંદિરથી ટાઉન હોલ સુધી એક વિશાળ શોભાયાત્રાનું પણ આયોજન કરાયું છે. દિવસભરના વિવિધ કાર્યક્રમો બાદ રાત્રિના સમયે ટાઉન હોલ ગ્રાઉન્ડ ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે અંજાર તાલુકા બ્રહ્મ સમાજના પ્રમુખ રિહેન ખાંડેકા, મહામંત્રી રોહિત ખાંડેકા, મંત્રી નરેશ ભટ્ટ, રવિ જોષી, ટ્રસ્ટીઓ અને જ્ઞાતિજનોએ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. આજે પરશુરામ જયંતિ નિમિત્તે અંજારના રાજમાર્ગો જય પરશુરામના નાદથી ગાજી ઉઠ્યા હતા. અંજારના ભૂદેવ પરિવારો ભક્તિભાવભેર ઉજવણીમાં જોડાયા હતા.

# પડાણામાં રસ્તો ક્રોસ કરતા યુવાનનું ડમ્પર હડફેટે મોત

ગાંધીધામ - કચ્છ ઉદય : ભચાઉથી ગાંધીધામ જતા નેશનલ હાઈવે પર પંચરત્ન માર્કેટની સામે હાઈવે રોડ પર અકસ્માત થયો હતો. ગાંધીધામ બી-ડિવિઝન પોલીસમાંથી મળતી વિગતો મુજબ સુનિલ શિવજી રામ રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે કોઈ અજાણ્યા ડમ્પરના ચાલકે ટક્કર મારતા ગંભીર ઈજાઓના કારણે મોત થયું હતું. તેમના પત્ની મૂળ બિહારના હાલે પડાણાની પ્લાય કંપનીમાં રહેતા વિભાદેવીએ આ બાબતે બી-ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

**ભચાઉમાં સર્વિસ રોડ પર ટ્રકે બાઈકને ટક્કર મારતા યુવાનનો જીવ ગયો : અબડાસાના હરીપર નજીક મોપેડ સ્લીપ થતા મહિલાનું મોત**

દરમિયાન ભચાઉમાં પટેલ ટ્રેક્ટરના શો-રૂમથી વેરાઈ ગેસ્ટ હાઉસની સામે સર્વિસ રોડ પર અકસ્માત થયો હતો. બટીયા બ્રીજ તરફથી આવતા ટ્રક નં. જીજે૧૨ - બીઝેડ - ૬૪૧૧ ના ચાલકે પોતાનું વાહન પૂર ઝડપે ચલાવી ૨૨ વર્ષિય તાજમામદ નુરમામદ ત્રાયાની બાઈકને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. આ બનાવથી ત્રણ વર્ષની દીકરીએ પિતાની છત્રછાયા ગુમાવી છે. બનાવ અંગે મૃતકના મોટા ભાઈ શિકારપુરમાં રહેતા અભરામ નુરમામદ ત્રાયાએ ગુનો દાખલ કરાવ્યો છે. આ તરફ અબડાસા તાલુકાના હરીપર અને વાલસરા વચ્ચે બાઈક આડે કૂતરું આવતા બાઈક સ્લીપ થતા તેના પર સવાર મહિલાનું ગંભીર ઈજાઓના કારણે મોત થયું હતું. અંજાર તાલુકાના ચાંદ્રાણી ગામના ૫૫ વર્ષિય ધનુબેન કાનજી કોલી બાઈક પર જતા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. ગંભીર ઈજાઓના કારણે તેઓનું મોત થયું હતું. બનાવ અંગે જી.કે. માં એમએલસી દાખલ કરવામાં આવી હતી. નલિયા પોલીસે તપાસ હાથ ધરી છે.

# ભચાઉના આંગણે જૈન શાસનનો ભવ્ય વષીતપ પારણા મહોત્સવ : આચાર્ય ભગવંતોની નિશ્રામાં તપસ્વીઓની થશે અનુમોદના

**પિતા-પુત્રની જોડી સહિત દેશભરના અનેક તપસ્વીઓ જોડાશે ; શ્રી ભચાઉ સ્થાનકવાસી છ કોટી જૈન સંઘ દ્વારા સામૂહિક પારણાનું કરાયું ભવ્ય આયોજન**






ભચાઉ – કચ્છઉદય : ભચાઉના આંગણે જૈન શાસનના ભવ્યાતિભવ્ય વષીતપના પારણા મહોત્સવનું મંગલમય આયોજન કરવામાં આવ્યું છે જે અંતર્ગત શ્રી ભચાઉ સ્થાનકવાસી છ કોટી જૈન સંઘ દ્વારા સમસ્ત જૈન શાસનના તપસ્વીઓના સન્માનમાં એક વિશાળ સામૂહિક પારણા મહોત્સવનું આયોજન કરી ધર્મભક્તિનો અનોખો સંગમ રચવામાં આવ્યો છે. આ ભવ્ય પ્રસંગે લીંબડી અજરામર સંપ્રદાયના મહાપ્રભાવક પરમ પૂજ્ય આચાર્ય રૂપ-નવલ-રામ ગુરુદેવોના પરમ કૃપાપાત્ર સુશિષ્ય અને શાસન પ્રભાવક આચાર્ય પૂજ્ય ગુરુદેવ પ્રકાશચંદ્રજી સ્વામી ભોરારા-કચ્છવાળાની નિશ્રામાં ભક્તિના સુર રેલાશે. આ પાવન અવસરે પૂજ્ય સેવાભાવી સંત ધનેશચંદ્રજી સ્વામી, પૂજ્ય ઉગ્રતપસ્વી પંચચંદ્રજી સ્વામી, પૂજ્ય બહુશ્રુત નૈતિકચંદ્રજી સ્વામી અને પૂજ્ય સેવાભાવી નમસ્કારચંદ્રજી સ્વામી ભચાઉવાળા પોતાની પાવન ઉપસ્થિતિ પ્રદાન કરશે. આ ધાર્મિક મહોત્સવમાં પૂજ્ય સૂર્ય-વિજય ગુરુણીના સુશિષ્યા પૂજ્ય સુવ્યાખ્યાની તરુલતાકુમારીજી મહાસતીજી તથા સેવાભાવી ધર્મેષ્ઠાકુમારીજી મહાસતીજી આદિ ઠાણા પાંચના મંગલ આશીર્વાદ પણ પ્રાપ્ત થશે.

આ સામૂહિક વષીતપના પારણામાં અનેક વિશિષ્ટ તપસ્વીઓ પોતાની આરાધનાની પૂર્ણાહુતિ કરશે જેમાં સંઘ દ્વારા જાહેર કરાયેલ નામોમાં પૂજ્ય પંચચંદ્રજી સ્વામી જેઓ સળંગ ૨૧મું ચોવિહાર ઉપવાસે વષીતપ કરી રહ્યા છે અને પૂજ્ય નૈતિકચંદ્રજી સ્વામી જેઓ ૧૭મું વષીતપ કરી રહ્યા છે તેઓ પિતા-પુત્રની અનુપમ જોડી તરીકે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. આ સાથે અમદાવાદથી ભાવનાબેન અનિલભાઈ શાહ છઠ્ઠા વષીતપ સાથે અને મુંબઈ ગોરેગામના નયનાબેન નવીનભાઈ દેઢિયા સળંગ નવમાં વષીતપ સાથે જોડાશે. ભચાઉના તપસ્વીઓમાં જસુબેન ખારા, પોલા અબના વર્ષીતપ, થોરાળાના ઈલાબેન કીરીટભાઈ મહેતા પોલા અબના વર્ષીતપ, ગાંધીનગરના યશવંત શાંતિલાલ દોશી સળંગ ૧૮મું વષીતપ, કાંદિવલીના પ્રવીણચંદ્ર શિવલાલ દોશી ૧૯મું વષીતપ અને ભચાઉના કુમારી રીવા ભરત મનસુખલાલ દોશીનો સમાવેશ થાય છે.

તપસ્વીઓની આ યાદીમાં ફોર્ટ ભચાઉના અ.સૌ. મીનાક્ષીબેન ધીરજ ધરમશી નિસર, ડાહીસર ભચાઉના ધર્માનુરાગી નીતાબેન રમેશ કાનજી ગાલા, દહીસર વેસ્ટના કુમારી મૈત્રી પ્રવીણભાઈ સંઘવી, પ્રાગપુર બોરીવલીના કુમારી મહેક રાજેશ રમણીકલાલ દેઢિયા, સુરેન્દ્રનગરના કુમારી મૌલિ મિતલ દિલીપભાઈ વોરા, ભચાઉ ગોરેગામના શ્યામજી ગોવર ગાલા, સુરેન્દ્રનગર સન્ડેના સ્વપ્રીલ કુમાર રસિકભાઈ દોશી, સુરેન્દ્રનગરના અ.સૌ. શિલ્પાબેન સ્વપ્રીલભાઈ દોશી, ભાવનગર નાલાસોપારાના શ્રીમતી શીતલબેન ચંદ્રેશભાઈ શાહ અને સુરેન્દ્રનગરના શ્રીમતી રેખાબેન કિરીટભાઈ હળવદિયાનો પણ સમાવેશ થાય છે.

આ ઉપરાંત પાટડીના શ્રીમતી રમીલાબેન હર્ષદભાઈ હલવડીયા, લકડીયા અંધેરીના ધર્માનુરાગી કુંવરબેન છગનભાઈ ગડા તથા મણીબેન જેરામભાઈ બાલજી ગડા, ભાયખલા મલાડ વેસ્ટના ધર્માનુરાગી લીલાબેન મણીલાલ છેડા, સુરેન્દ્રનગરના રાજુભાઈ ચંદુભાઈ શાહ જેઓ સળંગ આયંબિલનું ત્રીજું વષીતપ કરી રહ્યા છે, સુરેન્દ્રનગરના અ.સૌ. તૃપ્તિબેન સર્વેશ્વરકુમાર ગાંધી, સુરેન્દ્રનગરના કલ્પેશભાઈ મણીલાલ શાહ તથા અ.સૌ. સોનલબેન કલ્પેશભાઈ શાહ, કાંદિવલી મહાવીરનગરના પ્રભાબેન રમેશભાઈ દોશી, મુંબઈના હેતલબેન ગડા, મીરા રોડના જશવંતીબેન બાબુલાલ દેઢિયા, એરોલીના વર્ષાબેન ધીરજભાઈ સેંઘા, લકડીયા દેવલાલીના પ્રેમીલાબેન દામજી ગડા, ઘાટકોપરના પ્રભાબેન એ.વી. શાહ, કાંદિવલીના પ્રેમીલાબેન શાંતિલાલ તુરીયા, પારેલના પૂ. પ્રવિલાબેન અમૃતલાલ ચોથરી તેમજ કાંદિવલી મુંબઈના નીતાબેન અતુલભાઈ ગોવિલ અને અતુલભાઈ મગનલાલ ગોવિલ પણ આ તપ સાધનામાં સહભાગી બનશે. ભચાઉ સ્થાનકવાસી છ કોટી જૈન સંઘના પ્રમુખ ડોક્ટર લખમશી ખાંખણ નંદુ દ્વારા આ તમામ તપસ્વીઓને ખૂબ ખૂબ ધન્યવાદ અને અનુમોદના પાઠવવામાં આવી છે. આ ગૌરવશાળી પારણા મહોત્સવ સ્થાનકવાસી છ કોટી જૈન સંઘ, માંડવીવાળો વાસ, ભચાઉ પૂર્વ કચ્છ ખાતે યોજાશે. સંઘ દ્વારા સમગ્ર જૈન સમુદાયને આ પાવનકારી પ્રસંગે ઉપસ્થિત રહી તપસ્વીઓની અનુમોદના કરવા અને ધર્મલાભ લેવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ કાર્યક્રમ થકી કચ્છની ધરા પર જૈન સંસ્કૃતિ અને તપસ્યાના મૂલ્યો વધુ દ્રઢ બનશે તેવો વિશ્વાસ સંઘના હોદ્દેદારોએ વ્યક્ત કર્યો છે.

# રતનપર ખડીરના ખેડૂત પિતા-પુત્રએ માનવતા કરી ઉજાગર

**ત્રણ લાખની રોકડ રકમ મૂળ માલિકને પરત કરી**





ગાંધીધામ - કચ્છ ઉદય : ખડીર વિસ્તારમાં આવેલા રતનપર ગામે ખેડૂત પિતા-પુત્રએ માનવતાને ઉજાગર કરી છે. આ અંગેની વિગતો મુજબ ગણેશપર જતા સચિનને રસ્તામાંથી પાર્સલ મળ્યું હતું. તેમાં રોકડ રૂપિયા હતા. તે ઘરે આવ્યો અને પિતા દેવરાજભાઈ હીરાભાઈ ઢીલા (આહીર)ને જાણ કરી હતી. દેવરાજભાઈએ આ બાબતે તપાસ કરી તેઓ ગણેશપર ગયા અને વાતચીત દરમિયાન કોના રૂપિયા ખોવાયા છે તે સહિતની તલસ્પર્શી માહિતી મેળવ્યા બાદ જેના રૂપિયા હતા તે હમીરભાઈ લખમણભાઈ આહિરને રૂપિયા પરત આપીને માનવતાનો ઉદાહરણ પૂરું પાડ્યું છે. દેવરાજભાઈ ગામના તમામ પ્રસંગોએ સેવાકીય પ્રવૃત્તિમાં અગ્રેસર રહે છે.

# માંડવીના રત્નાપર-મઉંમાં શિક્ષકનો આપઘાત

ભુજ - કચ્છ ઉદય : માંડવી તાલુકાના રત્નાપર-મઉંમા રહેતા શિક્ષકે આપઘાત કર્યો હતો. આ મામલે ગઢશીશા પોલીસમાંથી મળતી વિગતો મુજબ મૂળ સાબરકાંઠા હિંમતનગરના ૩૮ વર્ષિય ધર્મેન્દ્રભાઈ ભરતભાઈ પંચાલે કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે રૂમમાં છતમાં લગાવેલ હુંકમાં દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. હતભાગી શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. તેમના પત્નીને બિમારી હોવાના કારણે તેમને અંતિમ પગલું ભરી લીધું હોવાનું પ્રાથમિક તબક્કે સામે આવ્યું છે. ગાંધીધામમાં નવી સુંદરપુરી ખાતે રહેતા ૪૨ વર્ષિય મોહનભાઈ મનુભાઈ ચાવડાએ બીમારીના કારણોસર આપઘાત કરી જીવન ટુંકાવતા એ-ડિવિઝન પોલીસે એડી દાખલ કરી હતી.

# મુન્દ્રામાં પત્નીની જાણ બહાર પતિએ બીજા લગ્ન કર્યા

મુન્દ્રા - કચ્છ ઉદય : શહેરમાં રહેતા પરીણિતાએ પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો કે, તેમના પતિએ બીજા લગ્ન કરી લીધા છે. આ મામલે મુન્દ્રા પોલીસમાંથી મળતી વિગતો મુજબ ફરિયાદી વનીતાબેને જણાવ્યું કે, આરોપી પતિ મનોજભાઈ મહાવીર શર્મા દ્વારા અવાર-નવાર ઝઘડો કરી મારકૂટ કરવામાં આવતી હતી. ફરિયાદીને ધકો મારી માથામાં લોહી નીકળે તેવી ઈજા પહોંચાડી હતી. ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી સાથે છુટાછેડા આપ્યા વિના પતિએ બીજા લગ્ન કર્યા હતા. આ બાબતે મહાવીર જીતમલ શર્મા સાથે વાતચીત કરતા તેણે ફોનમાં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી બન્ને સામે મુન્દ્રા પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો છે.



# લાયન્સ ક્લબ ગાંધીધામ ન્યૂ હોરાઇઝન દ્વારા ૧૨ બેચેસ સ્થાપના સાથે વૃક્ષારોપણનુ સેવાકાર્ય




ગાંધીધામ : લાયન્સ ક્લબ ગાંધીધામ ન્યૂ હોરાઇઝન (મહિલા ક્લબ) દ્વારા લાયન્સ ઈન્ટરનેશનલ પર્યાવરણ સેવા સપ્તાહ નિમિત્તે ગાંધીધામ શહેરના મોક્ષ ધામ ખાતે એક સરાહનીય સેવાકાર્ય કરવામાં આવ્યું હતું, જેમાં સેવા માટે કુલ ૧૨ બેચેસ સ્થાપિત કરવામાં આવ્યા હતા. આ સાથે પર્યાવરણ જાગૃતિ માટે વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાયો હતો. આ સેવા કાર્યમાં નરેન્દ્ર પથઈ તેમજ ક્લબ ના સભ્યો રાધા શર્મા, પૂર્વી ચોક્સી, જ્યોતિ ઉત્તવાણી, ચાંદની ડોરુ, ઝોન ચેરપર્સન ગુરપ્રીત કૌર કોચર, પ્રેસિડન્ટ નેહા ગોર ઠાકર તથા સેક્રેટરી સીમા ભૌમિક ઉપસ્થિત રહી અને પોતાનો અમૂલ્ય સહયોગ આપ્યો હતો. ક્લબ દ્વારા ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ તેજાભાઈ કાનગડ તથા તેમની ટીમનો મોક્ષ ધામ ખાતે કરવામાં આવતા ઉત્તમ અને સેવાભાવી કાર્ય માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે.

# શેઠ ડી.વી. સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા અંજાર ખાતે પાણી પરબનું લોકાર્પણ



અંજાર - કચ્છઉદય : શેઠ ડી.વી. સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, અંજાર ખાતે પરમ પૂજ્ય મહંત શ્રી ત્રિકમદાસજી મહારાજના વરદ્ હસ્તે "જલધારા" ઠંડું પાણી પરબ (RO ઠંડુ પાણી )નું લોકાર્પણ વિધિવત્ કરવામાં આવ્યું.આ પવિત્ર પ્રસંગે માનનીય જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ તથા વર્તમાન આચાર્ય શ્રી જયેશ પીઠડીયાના નેતૃત્વમાં આ આયોજન સંપન્ન થયું. શાળા પરિવારના સુપર વાઈઝર,સર્વ શિક્ષકો, SMDC ના સભ્યો તથા ઉપસ્થિત સૌના સહકારથી "વિધાર્થી દેવો ભવઃ" ના મંત્રને સાકાર કરતાં વિધાર્થીઓને શુદ્ધ અને ઠંડું પીવાનું પાણી ઉપલબ્ધ થાય તે માટે આ આર.ઓ. શુદ્ધ પાણી સેવા શરૂ કરવામાં આવી છે.આ સેવાકાર્ય થી આજુ બાજુ ના વિવિધ ગામ અને સોસાયટી માંથી આવતા વિધાર્થીઓ માટે પ્રેરણારૂપ બની રહે તેવી શુભકામનાઓ મહારાજ શ્રી ત્રિકમદાસજી મહારાજ એ વ્યક્ત કરી.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | | | 2 | | | | 6 | |
| 6 | | 3 | 4 | 8 | | | 5 | 2 |
| 2 | | | 1 | | | | | |
| | | 5 | 8 | 4 | 2 | | | |
| | | | | | | | | |
| | | | 7 | 5 | 3 | 4 | | |
| | | | | | 9 | | | 8 |
| 5 | 6 | | | 7 | 4 | 2 | | 1 |
| | 9 | | | 6 | | | | 4 |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 7 | 2 | 8 | 6 | 5 | 4 | 3 |
| 8 | 2 | 4 | 5 | 9 | 3 | 7 | 1 | 6 |
| 3 | 6 | 5 | 7 | 1 | 4 | 9 | 8 | 2 |
| 5 | 7 | 3 | 6 | 2 | 1 | 8 | 9 | 4 |
| 4 | 8 | 6 | 3 | 7 | 9 | 1 | 2 | 5 |
| 2 | 1 | 9 | 8 | 4 | 5 | 3 | 6 | 7 |
| 6 | 5 | 1 | 9 | 3 | 2 | 4 | 7 | 8 |
| 7 | 4 | 2 | 1 | 5 | 8 | 6 | 3 | 9 |
| 9 | 3 | 8 | 4 | 6 | 7 | 2 | 5 | 1 |

# ગાંધીધામમાં ૧૩.૭૮૭ કિલો ગાંજો પકડાયો



ગાંધીધામ - કચ્છ ઉદય : શહેરમાં કાર્ગો આઝાદ નગર ઝુપડાની બાજુમાં રેલવે જીઆઈએમબી સિગ્નલ રૂમની પાછળ આવેલ બાવળોની ઝાડીમાં ગાંજા સાથે યુવકને ઝડપી લેવામાં આવ્યો હતો. ગાંધીધામ બી-ડિવિઝન પોલીસે કાર્યવાહી કરીને મૂળ પાટણના હાલે આઝાદનગરમાં રહેતા વિકેશભાઈ રમેશભાઈ વાંસવરિયાને ઝડપી લીધો હતો, જ્યારે માલ આપનાર ઓરિસ્સાનો ચંદન હોવાનું સામે આવ્યું હતું. આરોપીએ વેચવા માટે માલ રાખ્યો હતો. પોલીસે ૧૩,૭૮૭ કિલો ગાંજો કિંમત રૂા. ૬,૮૯,૩૫૦ નો મુદ્દામાલ કબજે કરી બી-ડિવિઝન પોલીસે ગુનો દાખલ કર્યો છે.

# ભુજની એન્જિનિયરીંગ કોલેજ ખાતે ઈવીએમમાં ક્રમાંક સહિતની ચકાસણીની કામગીરી શરૂ




ચૂંટણીને આડે હવે સપ્તાહ જેટલો સમય બાકી રહ્યો છે ત્યારે તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. હાલ ઈવીએમ મશીનની અંદર ઉમેદવારોના નામ અને ચિહ્ન લગાડવા સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. કચ્છમાં ૧૮૯૬ મતદાન મથકો માટે ૪ હજારથી વધુ ઈવીએમનું ફસ્ટ લેવલ ચેકિંગ પૂર્ણ થતા તાલુકા મથકોએ મોકલવામાં આવ્યા છે ત્યાં રિર્ટનીંગ ઓફિસર દ્વારા કમિશનીંગ કરવામાં આવી રહ્યું છે. જેમાં બેલેટ પેપર તૈયાર કરવા, કન્ટ્રોલ યુનિટમાં ઉમેદવારોની સંખ્યા, નંબર સેટ કરવા, પ્પીંક પેપર દ્વારા મશીનને સિલ કરવાની કામગીરી થઈ રહી છે. મશીન સીલ થાય તે પહેલાં ઉમેદવારને બતાવવામાં આવે છે. તેમાં ઉમેદવારો ક્રમાંક સહિતની ચકાસણી કરી રહ્યા છે. હાલ એન્જિનિયરીંગ કોલેજ ખાતે અલગ અલગ ઉમેદવારો જઈને યોગ્ય રીતે નંબરો લગાડવામાં આવ્યા છે કેમ તે સહિતની તપાસણી કરી રહ્યા છે.

# રાપરમાં વર્ષીતપના પારણા મહોત્સવ ધામધૂમથી ઉજવાશે



**સોમવારના સવારના ૯ વાગે વર્ષીતપના સાત તપસ્વીઓનો ભવ્યાતીભવ્ય વરઘોડો નીકળશે**

રાપર : કચ્છ ઉદય : રાપરમાં તા.૨૦-૪ ને સોમવારના રોજ વર્ષીતપના તપસ્વીઓનો પારણા મહોત્સવ ધામ-ધૂમથી ઉજવાશે. રાપર વાગડના વિશા શ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના ઉપક્રમે, પ.પૂ. મુક્તિમનન વિજયજી મ.સા., પ.પૂ. અનંતસિધ્ધ વિજયજી મ.સા. અને પ.પૂ. કૃતપુણ્ય વિજયજી મ.સા. આદિ ઠાણા-૩ અને સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં, ચતુર્વિધ સંઘની હાજરીમાં ૨૦મી એપ્રિલને સોમવારના રોજ વર્ષીતપના તપસ્વીઓનો પારણા મહોત્સવ ધામ-ધૂમથી ઉજવાનાર હોવાનું તીર્થ શાહ ભચાઉથી જણાવ્યું હતું. સાધુ ભગવંતો અને સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં દક્ષાબેન પ્રદીપભાઈ સાતુંદા, મોનિકા દીપકભાઈ ગઢેચા, વૈશાલીબેન મેહુલભાઈ સાતુંદા, પ્રાંચી પ્રકાશભાઈ સાતુંદા, માર્ગી મેહુલભાઈ સાતુંદા, આગમ દીપકભાઈ ગઢેચા અને દેવાંગી જીગ્નેશભાઈ ગઢેચા (સાત તપસ્વીઓ)ના વર્ષીતપ છે.

## વિશ્વ લીવર દિવસ : ૧૯ એપ્રિલ

# અનિયમિત દિનચર્યા અને અસ્વસ્થ ખાણીપીણી લીવરના આરોગ્ય માટે ખતરો બની શકે છે

**લિવરને સ્વસ્થ અને સારી આદત રાખે છે સ્ટ્રોંગ : અદાણી સંચાલિત ગેઈમ્સ જી.કે.જન. હોસ્પિ. ના મેડિસિન વિભાગના તબીબે ગણાવ્યા લીવરને સ્ટ્રોંગ રાખવાના ઉપાયો**

ભુજ - કચ્છઉદય : આજકાલ અવ્યવસ્થિત જીવનશૈલીને કારણે સ્વાસ્થ્ય સમસ્યા વધી રહી છે. જેમાંની એક સમસ્યા લીવરની પણ છે. ખાસ કરીને ફેટી લીવર, લીવરમાં સુજન અને સીરોસીસ જેવી સમસ્યા દેખાવા લાગી છે. અશુદ્ધ ખાણીપીણી લીવરને નુકસાન કરે છે. આ પ્રકારે ખરાબ જીવનશૈલી જ લીવર માટે દુશ્મન છે. અદાણી સંચાલિત ગેઈમ્સ જી.કે. જનરલ હોસ્પિટલના મેડિસિન વિભાગના હેડ ડૉ. દેવિકા ભટના જણાવ્યા મુજબ ભારત સહિત દુનિયાભરમાં મોટી સંખ્યામાં લોકો ફેટી લીવરની સમસ્યાથી પીડિત છે, ભલે જીવન માટે તે મોટો ખતરો નથી પણ લગાતાર આંખ આડા કાન કરવા ખતરનાક સાબિત થઈ શકે છે.

લીવરની સમસ્યા થવાનું મુખ્ય કારણ લગાતાર બેસીને કામ કરવું, શારીરિક શ્રમનો અભાવ, ઝંકફૂડ, પ્રોસેસફૂડ, અધિક નમક અને ખાંડને કારણે લીવરની સમસ્યા વધે છે. અશુદ્ધ ભોજન લીવરમાં ચીકાશ વધારે છે, જેને કારણે ફેટ વધે છે. લીવરમાં ચરબી વધવાથી બીજા રોગો પણ વધી શકે છે. લીવર ખરાબ થાય તો શરીર સંકેત આપી દે છે જેમ કે, કમર પાસે ચરબી જમા થાય કે થવાની શરૂઆત થવી, ગરદન મોટી અને કાળી થવા લાગે તો તે પણ લીવરની સમસ્યાનો સંકેત છે. એવામાં લીવરની તપાસ કરવી જરૂરી બને છે. લીવરની સમસ્યા ગંભીર બને તો પગમાં સુજન અને પેટમાં પાણી જમા થવાના લક્ષણો જણાય છે. આવું જણાય તો તપાસ અચૂક કરાવી લેવી જોઈએ. અલ્ટ્રા સાઉન્ડ તપાસથી આ બીમારીનો ખ્યાલ આવી શકે છે. ફેટ હોય તો ડાયાબિટીસ, લિપિડપ્રોફાઈલ, એલએફટી વિગેરે ટેસ્ટ સમયસર કરવી લેવાય તો બીમારીને ગંભીર થતી અટકાવી શકાય છે. આ ઉપરાંત હિપેટાઈટિસ "એ", "બી" અને "સી" વિગેરે ટેસ્ટ પણ કરાવી લેવા હિતાવહ છે.

દરેક રોગની જેમ લીવરમાં પણ ભોજનની જીવનશૈલી સ્વસ્થ હોવી જોઈએ. સાદા નિયમો જેમકે, ખોરાક ચાવીને ખાવુ વધુ પડતું ન ખાવું, પાચનશક્તિ માટે વ્યાયામ અને તે પણ ભોજનના ૨- ૩ કલાક પછી કરવી યોગ્ય છે. આખું અનાજ ખાવું, ફળ,શાકભાજી ઉપર ભાર રાખવો પરંતુ આલ્કોહોલથી તો દૂર જ રહેવું. આમ સારી આદત જ લીવરને સ્ટ્રોંગ રાખે છે.

# બાંગ્લાદેશી મહિલાના ખોટા આધાર બનાવામાં મદદગારી કરનાર પકડાયો



ભુજ - કચ્છ ઉદય : બાંગ્લાદેશી મહિલાને ભારત સરકાર ના ખોટા આધાર અને દસ્તાવેજો બનાવવા માં મદદગારી કરનાર આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. ભુજ બી-ડિવિઝન પોલીસમાં દાખલ થયેલા ગુના કામે આરોપી કોડકીનો લતીફ ફકીરમામદ ખલીફા લખુરાઈ ચાર રસ્તા પાસે હાજર હોવાની બાતમીના આધારે પેરોલ ફર્લોની ટીમે તેને પકડી બી-ડિવિઝન પોલીસને હવાલે કર્યો હતો.



રાજકોટ મધ્યે વડોદરા લોકસભાના સાંસદ તથા પ્રદેશ યુવા મોરચા પ્રમુખ શ્રી ડો. હેમાંગ જોશી સાથે યુવા ભાજપ ના કાર્યકર્તા કૃણાલ મહેશ્વરી સાથે શુભેચ્છા મુલાકાત.

# ધમડકા તાલુકા પંચાયત સીટના ભાજપના ઉમેદવાર ગુજરાતમાં સૌથી યુવા



ભચાઉ - કચ્છ ઉદય : અંજાર તાલુકાના ધમડકા તાલુકા પંચાયત સીટ પર ભાજપ તરફથી યુવા એવા દીપકસિંહ ભૂપેન્દ્રસિંહ જાડેજાને ટિકિટ આપવામાં આવી છે. પ્રચાર દરમિયાન આ યુવાને ચારેય તરફથી આવકાર મળી રહ્યો છે. મતદારોએ પણ ભાજપ પ્રત્યે વિશ્વાસ અકબંધ રહેશે તેવી ખાતરી આપી છે. પ્રચાર દરમિયાન રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા, અગ્રણી પ્રવીણસિંહ મહિપતસિંહ જાડેજા, રામદેવસિંહ મહિપતસિંહ જાડેજા, સિદ્ધરાજસિંહ ચનુભા જાડેજા, ગામના સરપંચ મહાવીરસિંહ વનરાજસિંહ જાડેજા સહિતના જોડાયા હતા.

## રત્નકણિકા

**વિદ્યા પ્રાપ્ત કરવા નિરંતર અભ્યાસ કરવો જ પડે છે.- આચાર્ય ચાણક્ય**

## પંચાગ

કનકચંદ્ર સી. વ્યાસ

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. આદર-૧૩૯૫, મુ. જિલ્કાદ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, વૈશાખ સુદ-૨ અક્ષય તૃતિયા, ભગવાન શ્રી પરશુરામ જયંતિ તા.૧૯ એપ્રિલ ૨૦૨૬, રવિવાર, પારસી તા.૮, મુસ્લિમ તા.૧, કૃતિકા નક્ષત્ર, આયુષ્માન યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૨૯, સૂ.અ.૭:૧૨

આજનો દિવસ સામાન્ય છે.આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઇ), બપોરે ૧૨:૩૨ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

કનકચંદ્ર સી. વ્યાસ

- **મેષ** : મોઢે આવેલો કોળિયો છીનવાઈ જાય. પડવા-વાગવાથી સંભાળવું.
- **વૃષભ** : આરોગ્ય અંગે સાવચેત રહેવું હિતાવહ. અણધાર્યો લાભ થાય.
- **મિથુન** : શત્રુઓ નમતા આવે. મનની મુરાદ બર આવે.
- **કર્ક** : કાર્યબોજમાં વધારો થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.
- **સિંહ** : મહત્વના પ્રશ્નોમાં ગુંચવણ પેદા થાય. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.
- **કન્યા** : મિલ્કતને લગતા પ્રશ્નોમાં વિઘ્ન આવે. પ્રવાસ દ્વારા લાભ મળે.
- **તુલા** : મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.
- **વૃશ્ચિક** : વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. સંતાન બાબતે ચિંતા રહે.
- **ધન** : ભાગીદારી કે જીવનસાથી સાથે મતભેદ રહે. મનમાં અશાંતિ અનુભવાય.
- **મકર** : લાભની તક મળે. મહત્વની કામગીરીમાં પ્રગતિ થાય.
- **કુંભ** : ગૃહજીવનમાં આનંદ-ઉત્સાહ રહે. માંગલિક કાર્યનું આયોજન થાય.
- **મીન** : અણધાર્યો પ્રવાસ થાય. નવિન ખરીદીના યોગ છે.

# અવસાન નોંધ

**અંજાર** : ક.ગુ.ક્ષ. (મિસ્ત્રી) સમાજ કિરણભાઇ વેગડ (ઉ.વ.૬૦) (વેગડ સાઉન્ડ - અંજાર) તે ગં. સ્વ. શાંતાબેન તથા સ્વ.સૂર્યકાંતભાઈ દયારામભાઈ વેગડના પુત્ર, જયશ્રીબેનના પતિ, પ્રવીણ, અનુરાધાબેન સતિષભાઈ ટાંક (આદિપુર), દીનાબેન કિરણભાઈ ખોડિયાર (રાજકોટ)ના ભાઈ, હેમાંગ, અજયના પિતા, કૃપાલી, હેમાંશીના સસરા, નયનાબેનના જેઠ, સ્વ. હરિકુંવરબેન ધારશીભાઈ ટાંક (જામનગર)ના જમાઇ, મધુસુદનભાઈ, ગિરીશભાઈ, મંજુલાબેન, વસંતાબેનના બનેવી, યશ્વી, પ્રાંશુના મોટાબાપા, મિત્તલ, કિંજલ, દેવાંશી ધવલભાઈ પરમાર (માધાપર), કૃતજ્ઞના, માધવના મામા, આદિત્ય, રિતિકાના દાદા, સ્વ. ધરમશીભાઈ ઓધવજીભાઈ જેઠવા (મુંદરા)ના દોહિત્ર તા.૧૭-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૪ના સોમવારે સાંજે ૫:૩૦થી ૬:૩૦ કલાક માનવ પાર્ટી પ્લોટ, રેલ્વે સ્ટેશન પાસે, અંજાર મધ્યે ભાઈઓ તથા બહેનોની સાથે.

**ધબડા (તા. રાપર)** : ભુતાભાઈ સરતાનભાઈ રબારી (ઉ.વ. ૯૭) તે ગોવિંદભાઈ (નિવૃત્ત મામલતદાર-અમદાવાદ), વિહાભાઈ (સરપંચ-ધબડા), ધીરજભાઈ દેસાઈ (પોસ્ટ વિભાગ-ભુજ)ના પિતા તા. ૧૪-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બેસણું લૌકિકક્રિયા નિવાસસ્થાન ધબડા, પો. બેલા, તા. રાપર ખાતે.

**ભુજ** : મેમણ હાજરાબેન ગફુર (ઉ.વ. ૭૫) તે ફકીરમામદ અબડા, ગની હુસેન અબડા, કાસમ મેમણના માતા, મ.મામદ સિધિક સમેજા, મ. ઓસમાણ સિધિક સમેજાના બહેન, ઈસ્માઈલ મામદ સમેજા, ઈમરાન ઓસમાણ સમેજા, અકરમ ઓસમાણ સમેજાના ફઈ, તોહીદ ગની અબડા, તન્વીર ગની અબડા, સૂઝાન ગની અબડા, અયાન કાસમ મેમણના દાદી, રજાક અભુ અલીમામદના નાની તા. ૧૮-૪, શનિવારના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૦-૪ સોમવારના સવારે ૧૦થી ૧૧ મુસ્તફા જમાતખાના, મુસ્તફાન નગર, ભુજ ખાતે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.
**અવસાન નોંધ** માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.
સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેક્ટર-૧/એ, ગાંધીધામ

**ઝુમખા (બોરીચા) (તા.ભુજ)** : નામોરીભાઈ મેઘજીભાઈ ફફલ તે ભરત, રાહુલ, નીતિનના પિતા, હીરાલાલ, કાનજીભાઇ, વિજયભાઇ, લખનભાઇના મોટા ભાઇ તા. ૧૭-૪ના અવસાન પામ્યા છે. દિયાળો તા. ૧૯-૪ના, આગરી તા. ૨૦-૪ના પાણિયારો (ઘડાઢોળ) ચોખંડો.

**માધાપર (તા. ભુજ)** : અમૃતલાલ ઠક્કર (ઉ.વ.૮૩) તે સ્વ. ચંપાબેન દામજી રામજી આથા (અંજાર)ના પુત્ર, દમયંતીબેનના પતિ, જયેશ (કે.પી.ટી. ગાંધીધામ), રાજેશ (ભુજ નગરપાલિકા), ભાવના શેઠિયાના પિતા, જયાબેન દયાળજી કારિયા, ઉર્મિલાબેન ગુલાબભાઇ ચંદે, ઇન્દુબેન મોહનલાલ કતિરા, સરોજબેન છગનલાલ પૂજારાના ભાઇ, ભારતી, પ્રીતિ, મુકેશકુમાર શેઠિયાના સસરા, સ્વ. લાલજી ગીરધરદાસ વિઠ્ઠલાણી (મુંદરા)ના જમાઇ, સ્વ. કિશોરભાઇ, દિલીપભાઇ, સ્વ. પ્રવીણભાઇ, સ્વ. નરેશભાઇ, જ્યોતિબેન, સ્વ. કમળાબેન, ભાનુબેન, નીતાબેનના બનેવી, સ્વ. પોપટલાલ, સ્વ. નેણશીભાઇ, સ્વ. કાનજીભાઇ, સ્વ. કાશીબેનના ભત્રીજા, સ્વ. હીરજી મોતીરામ ચંદે (તુણાવાળા)ના ભાણેજ, રિચા, પ્રિયાંશી, સ્નેહા, રાશીના દાદા, રિશ્મા કૌશલકુમાર ઠક્કર (અમદાવાદ), સ્મિતના નાના, પ્રત્યુષના મોટા નાના તા. ૧૭-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૯-૪ના રવિવારે સાંજે ૫થી ૬ માતાજી ચાગબાઈ સુંદરજી સેજપાલ સત્સંગ હોલ બિલેશ્વર મહાદેવ મંદિર ભુજ ખાતે (બંને પક્ષની સાથે) (લૌકિક વ્યવહાર બંધ છે).

**ભીમાસર (ચકાસર)** (તા. અંજાર) : ચાવડા ફકીરમામદ હાસમ (ઉ.વ.૪૭) તે અનીશ અને અનશના પિતા, જાકબ ઈસ્માઇલના કાકા, હિંગોરજા સુલેમાન અલીમામદ અને સોલંકી અબ્દુલ ગફુર અબ્દુલ્લા (રતિયા)ના સાળા, ઉન્નડ ઈબ્રાહીમ ઈસ્માઈલના બનેવી તા. ૧૮-૪ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૦-૪ના સોમવારે સવારના ૧૦થી ૧૧ નિવાસસ્થાને ભીમાસર (સહારા) મધ્યે.

**જનકપુર (તા. માંડવી)** : કાંતાબેન સુરાણી (ઉ.વ. ૭૭) તે ગોવિંદભાઈ ભાણજી સુરાણીના પત્ની, સ્વ. કેશવજી હીરજી વાસાણી સાયરા (યક્ષ)ના પુત્રી, રતિલાલભાઈ, હિરાલાલભાઈના માતા, મુક્તાબેન, પ્રવીણાબેનના સાસુ, હાર્દિકા, મૈત્રી, દીક્ષિત, હર્ષદના દાદી, ભૂમિબેન અને મનિષાબેનના દાદીસાસુ તા. ૧૬-૪ના અવસાન પામ્યા છે. સાદડી તા.૨૦-૪ના સવારે ૮થી ૧૧ અને બપોરે ૩થી ૫ નિવાસસ્થાન જનકપુર મધ્યે અને તા. ૨૧-૪ના બપોરે ૩થી ૫ પાટીદાર સમાજવાડી (રતિલાલભાઈ પટેલ એગ્રો) મુંદરા ખાતે.

**પાંચોટિયા (તા. માંડવી)** : હાલે મુંબઇ ગઢવી ખીમશ્રીબાઇ કરમશી ભીંઠા તે સ્વ. રતનભાઇ, હરિભાઇ, કનૈયાભાઇ, ઈશ્વર, માલબાઇ ગોવિંદ, પુરબાઇ કાનજીના માતા, આરતી, અર્જુન, મહેશ, કપિલ, મોહન, શીતલ, તુલસી, હર્ષિત, યશ, નિધિના દાદી, મગન ગોપાલ, ખેતશીં ગોપાલ, સ્વ. હાંસબાઇ કાંયા, માલશ્રીબેન જખુના બહેન તા. ૧૮-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૪ના સોમવારે સવારે ૯થી ૫ પ્લોટ નં. ૨૫૪ નરનારાયણ નગર, નીલકંઠનગરની બાજુમાં માંડવી ખાતે.

**નવાવાસ-રવાપર (તા. નખત્રાણા)** : સોતા ફકીરમામદ હુશેન (ઉ.વ. ૬૨) તે સોતા મોશીમ, મ. વસીમના પિતા, સોતા અનવર હુશેન (બાડિયા)ના મોટા ભાઈ, ભુકેરા આમદ ફકીરમામદ, સમેજા અલીમામદ હુશેન, સોતા રેયાજ ઈબ્રાહિમના સસરા અવસાન પામ્યા છે. જિયારત તા. ૨૦-૪-૨૦૨૬ના સોમવારે સવારે ૧૦થી ૧૧ વાગ્યે.

**તેરા (તા. અબડાસા)** : જાગરિયા ગાંગજી દેસર તે નવીન લધાના કાકા, દયારામ, કિશોર, પ્રફુલ્લના પિતા તા. ૧૦-૪ના અવસાન પામ્યા છે. આગરી તા. ૨૦-૪ના, પાણીની વિધિ તા. ૨૧-૪ના નિવાસસ્થાન તેરા ખાતે.

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન કારાઘોઘાના રત્નકુક્ષિણી કસ્તુરબેન (ભાણબાઈ) કાનજી દેઢિયા (ઉં.વ. ૯૦) તા. ૧૬-૪ના અવસાન પામેલ છે. નાનબાઈ ધનજી રવજીના પુત્રવધૂ. કાનજીભાઈના પત્ની. દિનેશ, જયંતીલાલ, જાદવજી, ચંચળ. હિનાના માતા. કારાઘોઘા લાડબાઈ ઉમરશી શીવજી નાગડાના પુત્રી, લવજી, દામજી, કાનજી, રતનશીના બેન. પ્રા. સ્થળ શ્રી સુમતિનાથ જિનાલય, ૫-મે માળે, ગુજરાત ક્લબની બાજુમાં, માટુંગા, મુંબઈ-૧૯. ટા. ૪થી ૫:૩૦. નિ. જયંતીલાલ દેઢિયા, ૨૦૨, રબરવાલા વ્હાઈટ હાઉસ, ટી. બી. કદમ માર્ગ, ભાયખલા, મુંબઈ-૨૭.

## કચ્છ નોંધ


**અખિલ ભારતીય નાગર પરિષદ**

● અખિલ ભારતીય નાગર પરિષદ, કચ્છ શાખા દ્વારા સમસ્ત નાગર-નાગર બ્રાહ્મણ યુવા ભાઇ બહેનો માટે રાષ્ટ્રીય સ્તરે યોજાનાર હાટકેશ યુવા મહોત્સવ અંતર્ગત કચ્છના જ્ઞાતિના યુવાનો માટે બે ગૃપમાં ૧૦થી ૨૦ તથા ૨૧થી ૩૫ વર્ષ માટે એક પાત્રીય અભિનય, વકતૃત્વ સ્પર્ધા,ગાયન તથા સમુહ નૃત્ય સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા યુવા ભાઇ બહેનો તા. ૨૦-૪ સુધી હાટકેશ્વર મંદિરમાં સવારે ૧૦થી ૧૨:૩૦ સુધી સંપર્ક કરી નામ લખાવી શકશે. વધુ વિગત માટે જિલ્લા શાખા પ્રમુખ અતુલભાઈ મહેતા ૯૮૨૪૨ ૪૮૪૮૩નો સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે. આ સ્પર્ધા જિલ્લા કક્ષાએ પ્રથમ ભુજમાં યોજાશે. ત્યાર બાદ રાષ્ટ્રીય કક્ષાએ યોજાશે.

**મકાનના વાસ્તુપૂજન, વેપાર ધંધાની શરૂઆત, ધરતીપૂજન સાથે**

# નખત્રાણા પંથક અખાત્રીજે લગ્નોની શરણાઈથી ગુંજી ઉઠ્યો







**પાટીદાર સમાજના મથલ, વાંઢાય, નખત્રાણા – કોટડામાં સમુહલગ્નો : રબારી સહિત અન્ય સમાજોમાં છુટક લગ્નો અને પરશુરામ જ્યંતીથી તાલુકા મથકો પર લોકોની ચહલ પહલ જોવા મળી**

નખત્રાણા - કચ્છઉદય : અખાત્રીજ અને રવિવાર સાથે હોતા નખત્રાણા પંથકમાં સમૂહલગ્નોની વણઝાર અને શરણાઈ- ઢોલની ગુંજ સાથે દીપી ઉઠ્યો હતો. શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં અખાત્રીજના વણજોયા મુહૂર્તના પગલે વ્યક્તિગત તેમજ સમૂહલગ્નોનું આયોજન થયા હતા. ખાસ કરીને પાટીદાર સમાજ સહિત વિવિધ જ્ઞાતિઓના સમૂહલગ્નોમાં અનેક નવદંપતિઓ લગ્નની પવિત્ર ગાંઠે બંધાયા હતા, જેમાં મથલ ગામે પાટીદાર સમાજ ૧૮મા સમૂહલગ્નોમાં ૧૮ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. જીવરાજભાઈ રંગાણી, રામજીભાઈ ચૌહાણ, કાંતિભાઈ લીંબાણી, મોહનભાઈ લીંબાણી સહિત કાર્યકરો જહેમત ઉઠાવી હતી. વાંઢાય ખાતે પણ સમૂહલગ્નો યોજાયા હતા. નખત્રાણા સંતપંથ સમાજ નિષ્કલંકી ધામે ૧૩ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. દયાપર ૧૧, રવાપરમાં ૯, વિથોણમાં ૯, નખત્રાણામાં ૧૩, કોટડા (જડોદર)૧, નેત્રામાં ૧ નવદંપતિઓએ લગ્નની ગાંઠે બંધાયા હતા. અન્ય સમાજોમાં પણ છુટક લગ્નની સંખ્યા મોટા પ્રમાણમાં રહી હતી. અને પરશુરામ જયંતી હોતા તેની પણ બ્રહ્મ સમાજ દ્વારા ઉજવણી કરાઈ હતી. ઉપરાંત હિન્દુ શાસ્ત્રો મુજબ આજે અખાત્રીજ હોતા ખેડૂતોએ વણજોયા મુહૂર્તમાં ભૂમિપૂજન કરીને ખેડાણની શરૂઆત કરી હતી અને વર્ષોથી ચાલી આવતી પરંપરા નિભાવી હતી. ઉપરાંત મકાનના વાસ્તુપૂજન, કુંભ પધરાવણું, નવા વેપાર ધંધાની શરૂઆત, યજ્ઞોપવિત, દસ્તાવેજી કાર્ય માટે લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. આ સાથે સોના - ચાંદી તેમજ અન્ય ચીજવસ્તુની ખરીદી માટે બજારોમાં ભીડ જોવા મળી હતી, જેથી વેપારીઓના મુખ પર ચમક જોવા મળી હતી. આમ અખાત્રીજે સમગ્ર નખત્રાણા પંથકમાં ચહલ પહલ, શુભકાર્ય સાથે ગાજી ઉઠ્યો હતો.

# ભુજનું વોર્ડ નં.૩ એટલે ગંદકીનું સામ્રાજ્ય અને ખખડી ગયેલા રસ્તાઓ



**આ વિસ્તારના રહેવાસી સકીના બહેન કહે છે કે સરકાર તો પૂરતી ગ્રાન્ટ આપે જ છે પરંતુ તે વપરાતી નથી અને ૬૦ ટકા જેટલી સ્વાહા થઈ જાય છે એવું તેમના વિસ્તારને જોતા સ્પષ્ટ લાગે છે : અત્યાર સુધી નિરાશ થયેલી પ્રજા હવે નવા કાઉન્સિલરો સ્વચ્છ સારા અને કામ કરનારા આવે તેવી રીતે તેમના પ્રતિ આશાભરી મીટ માંડી અને બેઠી છે**

ભુજ-કચ્છઉદય : ભીડ નાકા બહાર વોર્ડ નંબર ત્રણમાં અજય નગર ખત્રી કોલોનીમાં રહેતા સમા શકીનાબેન જુસબને એ વિસ્તારની સમસ્યાઓ અંગે પૂછવામાં આવતા તેમને જણાવ્યું હતું કે "અહીં કઈ સમસ્યા નથી બધી જ જટીલ સમસ્યાઓ છે. પાણી, રોડ, લાઈટ ગટર વગેરે પ્રશ્નો છે. ગંદકીનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. તેમણે જણાવ્યું કે એમના વિસ્તારમાં નગરપાલિકાની ડસ્ટબીન પણ નથી કે જ્યાં કચરો નાખી શકાય. અત્યારે નગરપાલિકાની ચૂંટણી નજીક આવે છે એટલે પાણી વ્યવસ્થિત આપવામાં આવે છે નહીં તો પાણી વિતરણના પણ કોઈ જ ઠેકાણા નથી.

તેમણે વ્યવસ્થિત રસ્તાઓ બનાવવાની વારંવાર કરાયેલી માંગણી યાદ કરાવી અને જણાવી કે કોઈ તેમની માગણીઓ કાને ધરતું નથી. તકલીફોથી વ્યગ્ર થયેલા પરસેવે રેબઝેબ આ બહેન પોતાની વ્યથા ઠાલવતાં જણાવે છે કે ભાજપના કોંગ્રેસના કે અન્ય પાર્ટીના ગમે તે કાઉન્સિલર હશે, "એ ટુ ઝેડ..." અત્યાર સુધી તો કામ નથી કર્યું અમે બધું જાણીએ છીએ બધા જ વિસ્તાર માટે સરકાર વ્યવસ્થિત ગ્રાન્ટ આપે જ છે પરંતુ તેમાંથી ૪૦ ટકા ગ્રાન્ટ વપરાય છે અને ૬૦ ટકા સ્વાહા કરીને ચવાઈ ગઈ છે. તેમણે સ્પષ્ટ ભાષામાં ઉકળાટ ઠાલવતાં જણાવ્યું કે બધા પોતાનું ઘર ભરવાવાળા જ આવ્યા છે પરંતુ. હવે નવા કાઉન્સિલરો કંઈક સારું કરશે એવી આશા છે અને તેઓ એવું કામ કરી બતાવે તેવી અપેક્ષા છે.

# એઆઈએમઆઈએમ પાર્ટી દ્વારા વોર્ડ ૧માં લોકસંપર્ક કાર્યાલયનું ઉદ્ઘાટન





ભુજ : ભુજ શહેરના વોર્ડ નં. ૧ માં એઆઈએમએએમના ઉમેદવારોને સ્થાનીક પ્રશ્નોને વાંચા આપવાના એલાનને લઈને લોકોનો આવકાર મળી રહ્યો છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આ વખતે એઆઈએમએએમ પાર્ટીએ ઝંપલાવ્યું છે. ત્યારે ઉમેદવારો દ્વારા જંગી બહુમતીથી જીત મેળવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.

ભુજના વોર્ડ નં.૧માં એઆઈએમઆઈએમ દ્વારા મુજ્ઞાર જાફર સમા, રોશનબેન જુસબ સમા, સરફરાઝ ઈસ્માઈલ જીયેજા અને હાજરાબાઈ બશીર અહેમદ ખત્રીને તક આપવામાં આવી છે.

ભુજમાં વોર્ડ નંબર ૧માં એઆઈએમએએમ પાર્ટી દ્વારા લોકસંપર્ક કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. કચ્છ જિલ્લાના એઆઈએમઆઈએમ પાર્ટી સકિલ સમાએ જણાવ્યુ હતું કે, પાર્ટીને લોકો તરફથી સારો એવો આવકાર મળી રહ્યો છે. ભાજપ હોય કે કોંગ્રેસ કોઈ કામ કર્યા નથી જેનો ફાયદો અમારા પક્ષને મળશે.

કાર્યાલયના ઉદઘાટન સાથે પ્રચાર પ્રસારનો પ્રારંભ કરાયો હતો. અને આગામી દિવસોમાં ડોર ટુ ડોર પ્રચાર કરવામાં આવશે. પાર્ટીના હોદ્દેદારો અને ઉમેદવારોએ આ વિસ્તારના તમામ પડતર પ્રશ્નોના ઉકેલ માટે સક્રિય પ્રયાસો કરવાની ખાતરી આપી હતી. વિવિધ વિસ્તારોમાં રહેતા લોકોના પ્રશ્નો સાંભળીને તેના નિરાકરણ લાવવાના પ્રયાસો કરવામાં આવશે. સાથે જ પાર્ટી દ્વારા તૈયાર કરાયેલ વચનપત્રને લોકો સમક્ષ મુકવામાં આવશે. અને લોકોને થતી વિવિધ સમસ્યાઓ અને તેમને કનડતા પ્રશ્નોના હલ લાવવા માટે કટિબદ્ધતા વ્યક્ત કરાઈ હતી. અને મતદાતાઓને પેનલ ટુ પેનલ મતદાન કરવા માટે અપીલ કરવામાં આવી હતી.

# રાજ્યમાં રેશન સંચાલકોની અચોક્કસ મુદ્દતની હડતાળ

**કચ્છના સંચાલકો હડતાળથી અડગા રહી વિતરણ ચાલુ રાખશે**

ભુજ - કચ્છઉદય : રાજ્યભરના રેશનિંગ દુકાનદારોએ પોતાની પડતર માંગણીઓ અને લાંબા સમયથી ચાલતી અનિયમિતતાના વિરોધમાં આજથી અચોક્કસ મુદતની હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે. રેશન દુકાનદાર એસોસિએશનના પ્રમુખ પ્રહલાદ મોદીએ આ અંગે સત્તાવાર જાહેરાત કરતા જણાવ્યું હતું કે સરકાર દ્વારા વારંવારની રજૂઆતો છતાં કોઈ હકારાત્મક ઉકેલ ન આવતા અંતે તમામ વેપારીઓએ વિતરણ વ્યવસ્થાથી અળગા રહેવાનો નિર્ણય લીધો છે. રાજ્ય સ્તરે લેવાયેલા આ નિર્ણયને પગલે અનેક જિલ્લાઓમાં સસ્તા અનાજની દુકાનોના તાળા ન ખુલતા ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોમાં ચિંતાની લાગણી પ્રસરી છે.

આ હડતાળ વચ્ચે કચ્છ જિલ્લાના રેશન કાર્ડ ધારકો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. રાજ્યવ્યાપી આંદોલન છતાં કચ્છના રેશનિંગ સંચાલકો આ હડતાળમાં જોડાશે નહીં તેવી સ્પષ્ટતા ફેર પ્રાઈઝ શોપ એસોસિએશને કરી છે. કચ્છના વેપારીઓ સંવાદ અને સમર્થનની નીતિમાં વિશ્વાસ ધરાવે છે, જેના કારણે કચ્છ જિલ્લામાં હડતાળની કોઈ ખાસ અસર જોવા મળશે નહીં અને જનતાને અનાજ વિતરણની કામગીરી રાબેતા મુજબ ચાલુ રાખવામાં આવશે. બીજી તરફ, હડતાળ પર ઉતરેલા રાજ્યના અન્ય દુકાનદારોનો મુખ્ય રોષ એપ્રિલ મહિનાના જથ્થાના વિલંબ સામે છે. એસોસિએશનનો આક્ષેપ છે કે ચાલુ માસનો રેશનનો જથ્થો હજુ સુધી દુકાનો સુધી પહોંચાડવામાં આવ્યો નથી, જેના કારણે ગ્રાહકો સાથે ઘર્ષણના બનાવો બને છે. રેશનિંગ સંચાલકોની સ્પષ્ટ માંગ છે કે દર મહિનાની ૧ થી ૭ તારીખની અંદર જ અનાજનો જથ્થો દુકાનો પર પહોંચી જવો જોઈએ જેથી સમયસર વિતરણ થઈ શકે. હાલમાં પુરવઠા વિભાગની અનિયમિતતાને કારણે સમગ્ર વ્યવસ્થા ખોરવાઈ હોવાનું જણાવી સંચાલકોએ આરપારની લડતનો મૂડ બનાવ્યો છે.

**Bandhan Bank** | રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોનઃ ૯૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

**સાંકેતિક કબજા અંગેની નોટિસ**

ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ, અહીં જણાવેલાં ખાતાંનાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર વ્યક્તિએ,ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે–તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો સાંકેતિક કબ્જો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

| દેવાદારનું નામ, ગેરન્ટર અને લોન ખાતા નં. | મોર્ટગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | સાંકેતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| શ્રી ઉમેશ સહદે મિશ્રા શ્રીમતી પ્રેમિલા ઉમેશ મિશ્રા ૨૦૦૦૨૦૮૦૦૦૪૦૦૧ | તમામ ચલ અને અચલ સંપત્તિ, આશરે ૫૪ ચો.મી. વિસ્તાર, ઘર નં. ૭૯, સર્વે નં. ૪૪૫/૨, હરિ ઓમ નગર, વરસામેડી, અંજાર, કચ્છ, ગુજરાત – ૩૭૦૨૦૧ સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ પ્લોટ નં. ૭૮, પૂર્વઃ પ્લોટ નં. ૯૨, પશ્ચિમઃ ૯.૧૪ મીટર રોડ, દક્ષિણઃ પ્લોટ નં. ૮૦ | નવેમ્બર ૨૪, ૨૦૨૫ | એપ્રિલ ૧૬, ૨૦૨૬ | રૂ. ૪,૨૪,૪૫૨.૭૪ (નવેમ્બર ૧૧, ૨૦૨૫ ના રોજ) |
| પ્રવિણકુમાર પ્રેમજી ચુઇયા પ્રેમજી દેવજી ચુઇયા રાણબાઈ પ્રવિણ ભાઈ ચુઇયા રતનબેન પ્રેમજી ચુઇયા ૨૦૦૦૨૧૫૦૦૦૬૯૬ | તમામ ચલ અને અચલ સંપત્તિ, અસર્વે નં. ૮૧, પ્લોટ નં. ૫૭૫૩, ગોકુલવાસ, બી/એચ શહેર સરકારી હોસ્પિટલ, માંડવી, કચ્છ, ગુજરાત. સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ યોજના મુજબ, પૂર્વઃ યોજના મુજબ, પશ્ચિમઃ યોજના મુજબ, દક્ષિણઃ યોજના મુજબ | જાન્યુઆરી ૧૯, ૨૦૨૬ | એપ્રિલ ૧૫, ૨૦૨૬ | રૂ. ૪,૭૮,૯૮૧.૯૭ (જાન્યુઆરી ૦૯, ૨૦૨૬ ના રોજ) |

સ્થળઃ કચ્છ
તારીખઃ એપ્રિલ ૧૯, ૨૦૨૬

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ

**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**ગાંધીધામની ખાનગી પેથોલોજિકલ લેબોરેટરીઓ પાસેથી એક્સપ્રેશન ઓફ ઈંટરેસ્ટ (EOI)**

ઉપ ડિવિઝનલ રેલવે હોસ્પિટલ,ગાંધીધામ,પશ્ચિમ રેલવે દ્વારા રેલવે લાભાર્થીઓને પેથોલોજિકલ સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે ગાંધીધામ ખાતે આવેલી ખાનગી પેથોલોજિકલ લેબોરેટરીઓ પાસેથી એક્સપ્રેશન ઓફ ઈંટરેસ્ટ (EOI) આમંત્રિત કરવામાં આવે છે. તમામ લેબોરેટરીઓએ લાયકાતના માપદંડોને પૂર્ણ કરવા તથા રેલવે સાથે પેથોલોજિકલ તપાસોના આઉટસોર્સિંગ માટે માન્યતા/એમ્પેનલમેન્ટ મેળવવા માટે નિયમો અને શરતો સ્વીકારવી આવશ્યક છે.

રસ ધરાવતી ખાનગી પેથોલોજિકલ લેબોરેટરીઓ લાયકાતના માપદંડ/એનેક્સર-I/નિયમો અને શરતોની વિગતો નીચે આપેલ સરનામેથી મેળવી શકે છે અથવા રેલવેની વેબસાઈટ **www.wr.indianrailways.gov.in** પરથી ડાઉનલોડ કરી શકે છે અને પોતાની સીલબંધ અરજી "EOI for pathological investigations" લખીને "કાર્યાલય ડિવિઝનલ મેડિકલ ઓફિસર,ઉપ ડિવિઝનલ રેલવે હોસ્પિટલ,રેલવે કોલોની,ગાંધીધામ PIN-370201" ખાતે તારીખ 15.05.2026 સુધીમાં જમા કરાવવી.

ADI 003

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ઈ-ટેન્ડર નોટિસ નં. 02 વર્ષ 2026-27 તારીખ: 16.04.2026**

| ક્ર. સં | ઈ-ટેન્ડર નંબર | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | EMD રકમ (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM-ADI-32-2026-27 | વિરમગામ - સામાખિયાળી સેક્શનમાં નાનાં પુલો (09 સંખ્યા)નું પુનર્નિર્માણ 82 DN, 170 UP અને DN, 175 UP, 185 UP, 93 UP, 103 UP, 145 UP, 164 UP, સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ (પુનઃ આમંત્રિત) | 20,43,98,858.17 | 40,88,000.00 |
| 2 | DRM-ADI-33-2026-27 | વિવિધ LHS ખાતે પાણી ભરાવાથી બચવા માટે ડ્રેનેજ વ્યવસ્થામાં સુધારો, Sr DEN(S) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ | 8,96,26,449.34 | 17,92,500.00 |
| 3 | DRM-ADI-34-2026-27 | અમદાવાદ મંડળ: મોનસૂન દરમિયાન પંપિંગ સુવિધા માટે જરૂરી સ્થળોએ (RUB) 32 HP સ્લજ ડીઝલ પંપ (મડ પંપ) અને સેન્સર પ્રદાન કરવાનું કામ, Sr DEN(S) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ | 4,99,71,013.09 | 9,99,400.00 |
| 4 | DRM-ADI-35-2026-27 | મોનસૂન દરમિયાન વિવિધ રોડ અન્ડર બ્રિજ પર પંપિંગ સુવિધા માટે 32 HP સ્લજ ડીઝલ પંપ (મડ પંપ) અને સેન્સર પ્રદાન કરવાનું કાર્ય, ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ | 3,17,51,286.24 | 6,35,000.00 |
| 5 | DRM-ADI-36-2026-27 | રોડ અન્ડર બ્રિજમાં રહેલી માળખાકીય ખામીઓને દૂર કરવી અને સંબંધિત અન્ય કાર્યો, ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ. | 9,68,51,531.22 | 19,37,000.00 |
| 6 | DRM-ADI-37-2026-27 | 60 કિગ્રા/60EI-R260, 60 કિગ્રા 90 UTS અને 52 કિગ્રા 90 UTS રેલ્સનું ઈન-સીટુ વેલ્ડિંગ, વેલ્ડિંગ ભાગોનું ઉત્પાદન અને પુરવઠો તેમજ તમામ એસેસરીઝ સાથે વેલ્ડિંગ સાધનોનો પુરવઠો, સહાયક ડિવિઝનલ એન્જિનિયર રાધનપુરના અધિકારક્ષેત્ર હેઠળ | 2,28,98,577.46 | 4,58,000.00 |
| 7 | DRM-ADI-38-2026-27 | 60 કિગ્રા/60EI-R260, 60 કિગ્રા 90 UTS અને 52 કિગ્રા 90 UTS રેલ્સનું ઈન-સીટુ વેલ્ડિંગ, વેલ્ડિંગ ભાગોનું ઉત્પાદન અને પુરવઠો તેમજ તમામ એસેસરીઝ સાથે વેલ્ડિંગ સાધનોનો પુરવઠો, સહાયક ડિવિઝનલ એન્જિનિયર ગાંધીધામના અધિકારક્ષેત્ર હેઠળ | 2,35,16,762.99 | 4,70,300.00 |
| 8 | DRM-ADI-39-2026-27 | સામાખ્યાલી અને રાધનપુર ખાતે નવા સ્ટાન્ડર્ડ આરપીએફ ઓફિસ આઉટપોસ્ટ અને 10 બેડ આરપીએફ બેરકનું નિર્માણ (કૉમ્પોઝિટ કાર્ય) | 2,52,21,961.65 | 5,04,400.00 |

**ઈ-નિવિદા બંધ થવાની તારીખ અને સમય:** તારીખ 12/05/2026, 15:00 કલાક. **ઓફિસનું સરનામું:** સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સમ.)- અમદાવાદ, ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, નવી સ્વદેશી મિલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345 **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની વેબસાઈટ: www.ireps.gov.in**

ADI 002

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

|| શ્રી આદિનાથાય નમઃ || || શ્રી ગોડીજી પાર્શ્વનાથાય નમઃ || || શ્રી આર્ય-કલ્યાણ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્ર-વીર-મહોદયસૂરિભ્યો નમો નમઃ || || શ્રી અજિતનાથ દાદાય નમઃ || || શ્રી મહાવીર સ્વામીને નમઃ ||



દિવ્ય કૃપા : ભારત દિવાકર, અચલગચ્છાધિપતિશ્રી પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
તપચક્ર ચક્રવર્તી, અચલગચ્છાધિપતિશ્રી પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
દિવ્ય આશિષ : જ્યોતિષાચાર્ય, સ્પષ્ટ વક્તા પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.
શુભ આશિષ : અજોડ શાસન પ્રભાવક, સરળ સ્વભાવી પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.
મંગલ આશિષ : પ્રશમરસનિધી આગમાભ્યાસી પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

તા. ૧૯-૪-૨૦૨૬ થી તા. ૨૩-૪-૨૦૨૬ સુધી સંપૂર્ણ પાંચ દિવસની સાધર્મિક ભક્તિના લાભાર્થી
**માતુશ્રી નેણબાઈ શામજી ઉમરશી હરીયા પરિવાર**
**હ. મંજુલાબેન દિપક શામજી હરીયા**
(ગામ દેવપુર - હાલે અંબરનાથ)

દૈદીપ્યમાન દેવપુર નગરે શ્રી ગોડીજી પાર્શ્વનાથ દાદાના દરબારે
# શ્રી કચ્છ દેવપુર જૈન મહાજન
ના આંગણે
ઉજવાશે રૂડો "ત્રિહાન્હિકા પ્રભુ ભક્તિ મહોત્સવ"
શુભ દિવસ : વિ.સં. ૨૦૮૨, વૈશાખ સુદ ૪ થી વૈશાખ સુદ છઠ
**તા. ૨૦-૪-૨૦૨૬ થી તા. ૨૨-૪-૨૦૨૬**
આજ્ઞા આશિષ : સાહિત્ય સમ્રાટ, અચલગચ્છાધિપતિશ્રી
પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.
પાવન નિશ્રા :
પરમ પૂજ્ય સાધ્વીશ્રી જયપદ્મગુણાશ્રીજી મહારાજ સાહેબ આદિ ઠાણા ૪
આવી ઘડી રળીયામણી... "ત્રિહાન્હિકા પ્રભુ-ભક્તિ મહોત્સવ" થાશે મંગલ વધામણી...
જંબુદ્વીપે...ભરત ખંડે...ભારત દેશે...ગુજરાત રાજ્યે...કચ્છ પ્રદેશે...દેવપુર નગરે...
શ્રી ગોડીજી પાર્શ્વનાથ દાદાના જિનાલયની
૧૪૪ મી ધ્વજારોહણના અવસરે "ત્રિહાન્હિકા પ્રભુ ભક્તિ મહોત્સવ" પ્રસંગે
આપ સહુ મોંઘેરા મહેમાનો, દેવપુર ગામવાસીઓ,
નિયાણી બહેનો સહપરિવાર પધારવા ભાવભર્યુ મધમીઠું આમંત્રણ છે.
આપ સહુ હોંશે હોંશે જરૂરથી પધારશોજી.

"ત્રિહાન્હિકા પ્રભુ ભક્તિ મહોત્સવ" પ્રસંગની રૂપરેખા
01 પ્રથમ દિવસ : વિ. સં. ૨૦૮૨, વૈશાખ સુદ ૪, સોમવાર, તા. ૨૦-૪-૨૦૨૬
બપોરે ૧૨.૩૯ કલાકે : વિજય મુહૂર્તે ૧૮ અભિષેક
રાત્રે ૮.૦૦ કલાકે : ભક્તિ ભાવના
મહાવિદેહ વાસી શ્રી સીમંધર સ્વામિની ભક્તિ યાત્રા સહ શ્રી નવકાર મહામંત્ર અનુષ્ઠાન (ડ્રેસ કોડ : શ્વેત વસ્ત્ર)
02 દ્વિતીય દિવસ : વિ. સં. ૨૦૮૨, વૈશાખ સુદ ૫, મંગળવાર, તા. ૨૧-૪-૨૦૨૬
સવારે ૯ કલાકે : શ્રી ગૌતમ સ્વામી લબ્ધિ પૂજન (ડ્રેસ કોડ : પીળો અથવા કેસરી)
બપોરે ૩.૦૦ કલાકે : પૂજ્ય ગુરુદેવશ્રીના મુખે વિશેષ વ્યાખ્યાન
રાત્રે ૮.૦૦ કલાકે : અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માઁ ની ભક્તિ તથા રાસ ગરબા
03 તૃતીય દિવસ : વિ. સં. ૨૦૮૨, વૈશાખ સુદ ૬, બુધવાર, તા. ૨૨-૪-૨૦૨૬
સવારે ૬.૩૦ કલાકે : સતરભેદી પૂજા અને ત્યારબાદ શુભ મુહૂર્તે શ્રી ગોડીજી પાર્શ્વનાથ દાદા જિનાલયની ૧૪૪ મી ધ્વજારોહણ
વિધી વિધાન - સૂત્ર સંચાલન : યુવા વિધીકાર ડૉ. હર્ષભાઈ દેઢિયા તથા સાથી કલાકારો પધારશે.
ત્રિહાન્હિકા પ્રભુ ભક્તિ મહોત્સવ દરમ્યાન પાંચ દિવસના મહોત્સવમાં રવિવાર તા.૧૯-૪-૨૦૨૬ થી ગુરૂવાર તા.૨૩-૪-૨૦૨૬ સુધી ત્રણે ટાઈમ સાધર્મિક ભક્તિ રહેશે.
મહોત્સવમાં પધારનાર દરેક ભાગ્યશાળી જરૂરથી લાભ આપશોજી.

"ત્રિહાન્હિકા પ્રભુ ભક્તિ મહોત્સવ"ના લાભાર્થી દાતા પરિવારો

| રંગમંડપ તથા ચોકીયારાની ધ્વજાના લાભાર્થે | મુખ્ય ધ્વજારોહણના લાભાર્થે | દેવ દેવીઓની ધ્વજાના લાભાર્થે |
|---|---|---|
| માતૃશ્રી સોનબાઈ કાનજી મણશી મોતા હ.અ.સૌ. ગુણવંતી ઉમરશી કાનજી મોતા પરિવાર | માતૃશ્રી નેણબાઈ સામજી ઉમરશી હરીયા પરિવાર હ.મંજુલાબેન દિપક સામજી હરિયા | માતૃશ્રી રતનબેન ધનજી ટોકરશી ગાલા (રતનધન પરિવાર) |

લી.
શ્રી કચ્છ દેવપુર મુંબઈ મહાજન — પ્રમુખ : ભાઈલાલ હીરજી વોરા | શ્રી કચ્છ દેવપુર જૈન મહાજન — પ્રમુખ : નવીનચંદ્ર કુંવરજી ગાલા | શ્રી કચ્છ દેવપુર જૈન વર્ધમાન તપ આયંબીલ ખાતુ — પ્રમુખ : જયંતીલાલ રતનશી વીશરીયા
સમસ્ત ટ્રસ્ટી ગણ – અધિકારીગણ – કારોબારી સભ્યો

|| જય મહાવીર || || જય આદિનાથ || || જય અજરામર ||

# શ્રી ભચાઉ સ્થાનકવાસી છ કોટી જૈન સંઘ

**સામૂહિક વર્ષીતપના પારણામાં પધારવા**



**• હાર્દિક આમંત્રણ •**



શુભનિશ્રા-લીંબડી અજરામર સંપ્રદાયના મહાપ્રભાવક પૂ. આચાર્ય શ્રી રૂપ-નવલ-રામ ગુરૂદેવોના પરમ કૃપાપાત્ર સુશિષ્ય પૂ. શાસન પ્રભાવક આચાર્ય
૧. પૂ. ગુરૂદેવ શ્રી પ્રકાશચન્દ્રજી સ્વામી (ભોરારા-કચ્છ)
૨. પૂ. સેવાભાવી સંત શ્રી ધનેશચન્દ્રજી સ્વામી (ભચાઉ) ૩. પૂ. ઉગ્રતપસ્વી શ્રી પંથકચન્દ્રજી સ્વામી (ભચાઉ)
૪. પૂ. બહુશ્રુત શ્રી નૈતિકચન્દ્રજી સ્વામી (ભચાઉ) ૫. પૂ. સેવાભાવી શ્રી નમસ્કારચન્દ્રજી સ્વામી (ભચાઉ)
ઠાણા-૫ તથા તેમના આજ્ઞાનુવર્તી પૂ. સૂર્ય-વિજય ગુરુણીના સુશિષ્યાઓ પૂ. સુવ્યાખ્યાની તરુલતાકુમારીજી મહાસતીજી તથા સેવાભાવી શ્રી ધર્મેચ્છાકુમારીજી મહાસતીજી આદિ ઠા.૫

**નિમંત્રક : શ્રી ભચાઉ સ્થા. છ કોટી જૈન સંઘ.**
**સંઘ પ્રમુખ ડો. લખમશી ખાંખણ નંદુ**

**ચતુર્વિધ સંઘના સામૂહિક વર્ષીતપના તપસ્વીઓ**

૧. પૂ. પંથકચન્દ્રજી સ્વામી (સળંગ ૨૧મું ચૌવિહારા ઉપવાસે વર્ષીતપ)
૨. પૂ. નૈતિકચન્દ્રજી સ્વામી (૧૭મું વર્ષીતપ) પિતા પુત્રની અનુપમ જોડી
૩. શ્રીમતી ભાવનાબેન અનિલભાઈ શાહ - અમદાવાદ (છઠ્ઠનો વર્ષીતપ)
૪. શ્રીમતી નયનાબેન નવીનભાઈ દેઢિયા - લુણી - ગોરેગામ (છઠ્ઠનો વર્ષીતપ)
૫. જશુબેન ખારા-પોલા અઠ્ઠમનો વર્ષીતપ (સળંગ ૨૬મું વર્ષીતપ)
૬. ઈલાબેન કીરીટભાઈ મહેતા - ધોરાજી (પોલા અઠ્ઠમનો વર્ષીતપ)
૭. યશવંત શાંતિલાલ દોશી - ગાંધીનગર (સળંગ ૧૮મું વર્ષીતપ)
૮. પ્રવીણચંદ્ર શિવલાલ દોશી - કાંદીવલી - મહાવીરનગર (૧૬મું વર્ષીતપ)
૯. કુ. રીયા ભરત મનસુખલાલ દોશી - ભચાઉ
૧૦. અ.સૌ. મીનાક્ષીબેન ધીરજ ધરમશી નિસર - ફોર્ટ-ભચાઉ
૧૧. ધર્માનુરાગી નીતાબેન રમેશ કાનજી ગાલા - દહીંસર - ભચાઉ
૧૨. કુ. મૈત્રી પ્રવીણભાઈ સંઘવી (ઉં. વ. ૧૯) દહીસર (વેસ્ટ)
૧૩. કુ. મહેક રાજેશ રમણીકલાલ દેઢિયા (પ્રાગપુર - બોરીવલી)
૧૪. કુ. મૌલિ મિતલ દિલીપભાઈ વોરા (ઉ.વ.૧૩) - સુરેન્દ્રનગર
૧૫. શામજી ગોવર ગાલા - ભચાઉ ગોરેગાંવ
૧૬. સ્વપ્નીલ કુમાર રસિકભાઈ દોશી - સુરેન્દ્રનગર (સજોડે)
૧૭. અ.સૌ. શિલ્પાબેન સ્વપ્નીલભાઈ દોશી - સુરેન્દ્રનગર
૧૮. શ્રીમતી શિલ્પાબેન ચંદ્રેશભાઈ શાહ - ભાવનગર (નાલાસોપારા)
૧૯. શ્રીમતી રેખાબેન કિરીટભાઈ હળવદીયા - સુરેન્દ્રનગર
૨૦. શ્રીમતી રશિલાબેન હર્ષદભાઈ હળવદીયા - પાટડી
૨૧. ધર્માનુરાગી કુંવરબેન છગનભાઈ ગડા - લાકડીયા (અંધેરી)
૨૨. ધર્માનુરાગી જવેરબેન ભાણજી ગડા - લાકડીયા (કાંદીવલી)
૨૩. ધર્માનુરાગી લીલાબેન મણીલાલ છેડા - ખારોઈ (મલાડ-વેસ્ટ)
૨૪. રાજુભાઈ ધંધુકીયા - સુરેન્દ્રનગર (સળંગ આયંબિલનું ત્રીજુ વર્ષીતપ)
૨૫. અ.સૌ. તૃપ્તિબેન સમીરકુમાર ગાંધી (એક વર્ષના સળંગ એકાસણા)
૨૬. કલ્પેશભાઈ ત્રંબકલાલ શાહ - સુરેન્દ્રનગર (સજોડે)
૨૭. અ.સૌ. સોનલબેન કલ્પેશભાઈ શાહ - સુરેન્દ્રનગર
૨૮. પ્રભાબેન ચંદ્રેશભાઈ દોશી - કાંદીવલી (મહાવીરનગર)
૨૯. હેતલબેન ગડા - આધોઈ (મુંબઈ)
૩૦. જયવંતીબેન દામજી દેઢીયા - ભોરારા (મીરારોડ)
૩૧. વર્ષાબેન પીયુષભાઈ સૈયા - ગેલડા (વસઈ) છઠ્ઠનું વર્ષીતપ
૩૨. પ્રેમીલાબેન દામજી ગડા - લાકડીયા (દિવલાલી)
૩૩. પ્રભાબેન એ. વી. શાહ - લાકડીયા (ઘાટકોપર)
૩૪. પ્રેમીલાબેન શશીકાંત તુરખીયા (કાંદીવલી) છઠ્ઠનું વર્ષીતપ
૩૫. પ્રવિણાબેન અમૃતલાલ ગોગરી - ભોરારા (પરેલ)
૩૬. મીતાબહેન અતુલભાઈ ગોહિલ - સજોડે - કાંદિવલી - મુંબઈ
૩૭. અતુલભાઈ મગનલાલ ગોહિલ - સજોડે - કાંદિવલી - મુંબઈ

મહેશ શાહ ભચાઉ – મો.: ૯૮૨૫૧ ૭૨૩૨૦

આ સર્વે તપસ્વીઓને ખૂબ ખૂબ ધન્યવાદ સાથે અનુમોદના. – શુભ સ્થળ : સ્થાનકવાસી છકોટી જૈન સંઘ, માંડવીવાળો વાસ, ભચાઉ (પૂર્વ કચ્છ)

# ચૂંટણી પ્રચારમાં કન્ટેન્ટ ક્રીએટર્સ અને ડિજિટલ માર્કેટિંગ વાળાઓને તડાકો

**રેલીથી રીલ્સ સુધી:ઉમેદવારો હવે સોશિયલ મીડિયા પર વધુ સક્રિય : સભાઓ ઓછી અને વીડિયો ઝાઝા : પત્રિકાઓની સમાંતરે પોસ્ટ: ફિલ્મી સ્ટાઈલવાળા વીડિયોથી મતદારોને આકર્ષવાની મથામણ**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીનાં ઉમેદવારો હવે પરંપરાગત સભાઓ અને રેલીઓ સાથોસાથ સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો પણ વ્યાપક ઉપયોગ કરી રહ્યા છે. ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને યુ-ટ્યુબ જેવા માધ્યમો ચૂંટણી પ્રચાર માટે મુખ્ય હથિયાર બની રહ્યાં હોવાથી કન્ટેન્ટ ક્રીએટર્સ અને ડિજિટલ માર્કેટિંગવાળાઓને કમાણીની સીઝન ખૂલી છે.

સોશિયલ મીડિયા દ્વારા પ્રચાર વધુ ઝડપથી અને ઓછી કિંમતમાં મોટી સંખ્યામાં લોકો સુધી પહોંચે છે. તેમાં ઘણાં લોકો કોમેન્ટ્સ અને મેસેજ દ્વારા સીધો પ્રતિસાદ પણ આપે છે, જેનાથી ઉમેદવાર લોકમિજાજ જાણી શકે છે. રાજકોટ-સૌરાષ્ટ્રના યુવાનોમાં પણ આ પ્રકારનો પ્રચાર લોકપ્રિય બન્યો છે. ઘણાં યુવાનો ઉમેદવારોના વીડિયો શેર કરે છે અને તેમના અભિપ્રાય પણ જાહેર કરે છે.

કેટલાંક ઉમેદવારો દ્વારા ૧૦ દિવસ પ્રચાર માટે કોન્ટ્રાક્ટ રાખવામાં આવ્યો છે, જેમાં રોજના રૂા.૨થી ૫,૦૦૦ ચાર્જ લેતા કેમેરામેન ઉમેદવારની સાથે અલગ-અલગ વિસ્તારોમાં ફરીને બેથી ત્રણ કલાકનો વીડિયો શૂટ કરે છે. ઉમેદવારની લોકો સાથેની મુલાકાત, હારતોરા સહિત જુદા-જુદા કોન્સેપ્ટ અને કન્ટેઈન મુજબ સારા શોટ મિક્સ કરવામાં આવે છે અને ૧૦ સેકેન્ડ આસપાસના વીડિયોમાં ફિલ્મનાં ગીતો અને ડાયલોગ મુકવામાં આવે છે. રોજ દિવસ દરમિયાન એ અલગ-અલગ રીલ્સ ઈન્સ્ટાગ્રામ અથવા ફેસબુકમાં અપલોડ કરાતી રહેશે.

# હોર્મુઝમાં ફરી હાઈવોલ્ટેજ ડ્રામા: અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધ્યો, ટ્રમ્પે કહ્યું- બ્લેકમેલિંગ નહીં ચાલે

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : વૈશ્વિક સ્તરે તેલના વ્યાપાર માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતા સ્ટ્રેટ ઓફ હોર્મુઝને લઈને અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. ઈરાને આ દરિયાઈ માર્ગ ફરીથી બંધ કરવાની જાહેરાત કરતા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આકરી પ્રતિક્રિયા આપી છે. વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાતચીત કરતા ટ્રમ્પે ઈરાનના આ પગલાની મજાક ઉડાવી હતી. તેમણે કહ્યું કે, ઈરાન થોડું ક્યૂટ બનવાનો પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ તેઓ અમેરિકાને બ્લેકમેલ કરી શકશે નહીં. ટ્રમ્પે વધુમાં ઉમેર્યું કે, આ તણાવ છતાં બંને દેશો વચ્ચે વાતચીત ચાલી રહી છે અને તે સકારાત્મક દિશામાં છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડે શનિવારે રાત્રે જાહેર કર્યું કે, જ્યાં સુધી અમેરિકા ઈરાની બંદરો પરની નાકાબંધી હટાવશે નહીં, ત્યાં સુધી હોર્મુઝની સામુદ્રધુની બંધ રહેશે. ઈરાને સ્પષ્ટ ચેતવણી આપી છે કે, પર્શિયન ગલ્ફ કે ઓમાનના સમુદ્રમાં કોઈપણ જહાજની હિલચાલને દુશ્મન સાથેનો સહકાર ગણવામાં આવશે. આવા જહાજોને ઈરાની સેના દ્વારા નિશાન બનાવવામાં આવશે. ઈરાન હવે આ માર્ગ પરથી પસાર થતા જહાજો પાસેથી ટોલ ટેક્સ વસૂલશે અને ટ્રાન્ઝિટ સર્ટિફિકેટ પણ ફરજિયાત બનાવશે.

તાજેતરમાં ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે ૧૦ દિવસના યુદ્ધવિરામ બાદ ઈરાને આ માર્ગ વ્યાપારી જહાજો માટે ખોલ્યો હતો, જેના કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો થયો હતો. જોકે, અમેરિકાએ ઈરાની બંદરો પરની નાકાબંધી ચાલુ રાખતા ઈરાને ફરીથી આક્રમક વલણ અપનાવ્યું છે.

બીજી તરફ, અમેરિકાના રાજકારણમાં પણ આ મુદ્દે ગરમાવો જોવા મળ્યો છે. પૂર્વ ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે ડેટ્રોઈટમાં એક કાર્યક્રમ દરમિયાન આક્ષેપ કર્યો હતો કે, ટ્રમ્પને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ દ્વારા આ યુદ્ધમાં ધકેલવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે અમેરિકાની જનતા આ સંઘર્ષ નથી ઈચ્છતી અને તેનાથી અમેરિકી સૈનિકોનો જીવ જોખમમાં મુકાઈ રહ્યો છે.

# અબજોપતિ પાર્ટી ભાજપ ફૂટી કોડી પણ આપતી નથી, કોંગ્રેસને 'કડકાઈ'

**મોટાભાગનાં ઉમેદવારો પદરના ખર્ચે ચૂંટણી લડે છે : લોકસભા-વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારોને ફંડ આપતી ભાજપની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં ઉમેદવારો માટે તિજોરી ખૂલતી નથી**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : દેશની સૌથી ધનવાન પાર્ટી ભાજપ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડતા તેનાં ઉમેદવારોને ફૂટી કોડી પણ આપતી નથી. એટલું જ નહીં ઉમેદવારોને ઝંડી, બેનર, ખેસ પણ વેંચાતા લેવા પડે છે.

એક અનુમાન મુજબ ભાજપ પાસે હાલમાં ૭,૦૦૦ કરોડથી વધુ રકમનું બેંક બેલેન્સ છે. જો સંપતિ અને બેંક બેલેન્સની વાત કરીએ તો આ આંકડો ૧૦,૦૦૦ કરોડને પણ વટી જાય તેમ છે, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે ભાજપ પોતાની પાસે આટલું જંગી બેંક બેલેન્સ હોવા છતાં તેને સ્થાનિક સ્વરાજયની ચૂંટણી લડતા ઉમેદવારો પાછળ ખર્ચ કરતી નથી. કહે છે કે પાર્ટી લોકસભા અને વિધાનસભાનાં ઉમેદવારોને નિશ્ચિત ચૂંટણી ફંડ આપે છે પરંતુ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ઉમેદવારો માટે પાર્ટીની 'થેલી' ખૂલતી નથી. પરિણામે ઉમેદવારોએ પોતાનાં ખર્ચે જ ચૂંટણી લડવી પડે છે. જો કે મોટાભાગનાં ઉમેદવારો માટે આ ખર્ચો એક ઈન્વેસ્ટમેન્ટ જેવો હોય છે, જે તેમને અનેકગણા વળતર સ્વરૂપે પરત મળે છે એટલે ઉમેદવારોને હોંશે-હોંશે પોતાના ખર્ચે જ ચૂંટણી લડવામાં છોછ હોતો નથી.

## ભાજપની પેનલમાં નબળાનો ખર્ચ સધ્ધર ઉમેદવારો પર

ભાજપે જો કે એવી વ્યવસ્થા જરૂર કરી છે કે, પેનલમાં જે કોઈ ઉમેદવાર આર્થિક રીતે સંપન્ન હોય તે બાકીનાં આર્થિક રીતે નબળા ઉમેદવારોનો ખર્ચ ભોગવે. દરેક પેનલમાં એક કે બે ઉમેદવારો (નવા ચહેરા) આર્થિક રીતે નબળા જરૂર હોય છે. પાર્ટીનાં કરોડપતિ-લખપતિ ઉમેદવારો તેનો ખર્ચ ભોગવે છે, જેને કારણે આવા ઉમેદવારો ખર્ચો ભોગવનાર ઉમેદવારોનાં ઉપકારતળે ૫ વર્ષ દબાયેલા પણ રહે છે.

હવે વાત કોંગ્રેસની કરીએ તો તેની પાસે પણ ઓછું બેંક બેલેન્સ નથી. પાર્ટી પાસે હાલ રૂ. ૮૫૦ કરોડથી વધુ રકમનું બેલેન્સ હોવાનું મનાય છે. જો કે, તેનાં અમુક ખાતા પણ ઈન્કમટેક્સ અને બીજી એજન્સીઓએ ફ્રિઝ કરી કરી નાખ્યા છે, પરિણામે પાછલી કેટલીક ચૂંટણીમાં પાર્ટી ફંડની તીવ્ર અછત 'અનુભવી' રહી છે. ઉપરાંત, ગુજરાતમાં છેલ્લા ત્રીસેક વર્ષથી કોંગ્રેસ સત્તાથી વંચિત છે. આ સ્થિતિમાં પાર્ટી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી લડતાં ઉમેદવારોને તેનો ખર્ચો આપે તેવી શક્યતાનો છેદ ઉડી જાય છે.

# ધોમધખતા તાપ વચ્ચે ત્રણ દિવસ ગુજરાતના ૯ જિલ્લામાં પડી શકે કમોસમી વરસાદ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ગુજરાતમાં કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ગઈ છે. ૬ શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર જતો રહ્યો છે. તેવામાં ૧૯થી ૨૧ એપ્રિલ દરમિયાન માવઠાની આગાહીને પગલે વિવિધ શહેરોમાં તાપમાન ૨થી ૪ ડિગ્રીનો ઘટાડો આવી શકે છે. આજે શનિવારે અનેક શહેરોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે. ૧૯ એપ્રિલના અમરેલી, ભાવનગર, છોટા ઉદેપુર, દાહોદ અને મહીસાગર, ૨૦ એપ્રિલના તાપી, ડાંગ, અમરેલી, ભાવનગર, ૨૧ એપ્રિલના અમરેલી, ભાવનગર સુરત અને ભરુચ સહિતના જિલ્લામાં કમોસમી વરસાદની શકયતા વ્યકત કરાઈ છે. હવામાનમાં આ ફેરફાર માટે દક્ષિણ-પૂર્વ પાકિસ્તાન અને તેની આસપાસના રાજસ્થાન પર સર્જાયેલું 'અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન' જવાબદાર છે. આ સિસ્ટમને કારણે ભેજવાળા પવનો ફૂંકાશે અને પ્રી-મોન્સૂન જેવી ગતિવિધિઓ જોવા મળશે.

# ટ્રમ્પ સામે નેતન્યાહુ? લેબનોનમાં સીઝફાયર મુદ્દે અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે તિરાડ, વ્હાઇટ હાઉસમાં દોડધામ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : લેબનોનમાં યુદ્ધ વિરામના મુદ્દા પર અમેરિકા અને ઈઝરાયલ હવે સામ સામે આવી ગયા છે. ઈઝરાયલી પીએમ નેતન્યાહૂ સમગ્ર મામલે ટ્રમ્પથી નારાજ દેખાઈ રહ્યા છે. કારણ કે અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લેબનોનમાં યુદ્ધ વિરામ અંગે શુક્રવારે નવી જાહેરાત કરતા પહેલા ઈઝરાયલને વિશ્વાસમાં લીધું ન હતું. જ્યારે ટ્રમ્પ દ્વારા સોશિયલ મીડિયા પર લેબનોનમાં યુદ્ધવિરામ અંગેની જાહેરાત કરવામાં આવી ત્યારે ઈઝરાયલના પીએમ બેન્જામિન નેતન્યાહૂ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. ઈઝરાયલ સરકારે કથિત રીતે તેને અમેરિકન રાષ્ટ્રપતિનું 'સારું પગલું' માન્યું નથી. એટલું જ નહીં, ઈઝરાયલે આ અંગે અમેરિકા પાસે સ્પષ્ટતા માંગી છે. અમેરિકન ન્યૂઝ વેબસાઈટ એક્સિયોસે તેના રિપોર્ટમાં આ દાવો કર્યો છે.

એક્સિયોસના જણાવ્યા અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પે એવી જાહેરાત કરીને બેન્જામિન નેતન્યાહૂને ચોંકાવી દીધા હતા કે અમેરિકાએ ઈઝરાયલને લેબનોનમાં હવાઈ હુમલા કરતા અટકાવ્યું છે. શુક્રવારે ટ્રમ્પે પોતાની પોસ્ટમાં કહ્યું હતું કે ઈઝરાયલ હવે લેબનોન પર બોમ્બમારો નહીં કરે. અમેરિકાએ તેમને તેમ કરવાની ના પાડી દીધી છે કારણ કે હવે આ બધું ઘણું થઈ ગયું છે. ટ્રમ્પની પોસ્ટથી નેતન્યાહૂ અને તેમના સલાહકારો હેરાન રહી ગયા હતા કારણ કે ગુરુવારે અમેરિકન વિદેશ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી યુદ્ધવિરામની શરતોમાં ઈઝરાયલના 'આત્મરક્ષાના અધિકાર'ને સુરક્ષિત રાખવામાં આવ્યો હતો. રિપોર્ટ અનુસાર, ટ્રમ્પની ટિપ્પણીઓ પર સ્પષ્ટતા માટે ઈઝરાયલના અધિકારીઓએ વ્હાઈટ હાઉસનો સંપર્ક કર્યો છે.

વોશિંગ્ટનમાં ઈઝરાયલના રાજદૂત યેચિએલ લેટર અને અન્ય અધિકારીઓએ વ્હાઈટ હાઉસનો સંપર્ક સાધીને જાણવાનો પ્રયાસ કર્યો છે કે શું વોશિંગ્ટને લેબનોનના મુદ્દે પોતાનું વલણ બદલી નાખ્યું છે. ઈઝરાયલના અધિકારીઓ સવાલ ઉઠાવી રહ્યા છે કે અમેરિકા તરફથી ગુરુવાર અને શુક્રવારના નિવેદનોમાં આટલો તફાવત કેમ છે.

# તામિલનાડુ વિધાનસભા ચૂંટણી : જીતવા પર દરેક દુલ્હનને અપાશે ૮ ગ્રામ સોનાની 'રેવડી'!

**અભિનેતામાંથી નેતા બનેલા થલાપતિ વિજયની જાહેરાત : તામિલનાડુમાં સોનાની દિવાનગી ગજબ : અન્ય રાજ્યોમાં ચુંટણી દરમિયાન કેશ અને શરાબના દરોડાનું ચલણ, અહીં સોનાના દરોડા પાડવામાં આવે છે**

(એજન્સી દ્વારા)

ચેન્નાઈ (તામિલનાડુ) : ચેન્નાઈના મિંટ રોડ પર નાનકડો બિઝનેસ કરતી સેલ્વીની દીકરીના લગ્ન નકકી થયા તો ઘરમાં એક અજબ પ્રકારની ઉઠક-બેઠક શરૂ થઈ ગઈ, પૈસા ઓછા હતા, પણ સોનાની જવેલરી ખરીદવી જરૂરી હતી, આખરે સેલ્વીએ રસ્તો કાઢયો, ઘરમાં રાખેલી જુની જવેલરીમાંથી થોડું નવું સોનાનું ભેળવ્યું.

સેલ્વી કહે છે કે જો અમે આમ ન કરીએ તો અમારી સામાજીક પ્રતિષ્ઠા ખરાબ થાય. કોઈ ગરીબ કે લોઅર મિડલ કલાસ પણ હોય તો પણ ઓછામાં ઓછું ૧૦-૨૦ તોલુ સોનુ લગ્નમાં ચડાવવું પડે છે. સેલ્વીની કથા કોઈ અપવાદ નથી, આ તામિલનાડુનો સ્વભાવ છે.

ભારતનું સૌથી વધુ ૨૮ ટકા ઘરેલુ સોનુ એકલા તામિલનાડુના લોકોની તિજોરીઓ અને અભેરાઈઓમાં છે. વજનમાં લગભગ ૧૭૨૦ ટન, આ અમેરિકાના કુલ સરકારી ગોલ્ડ ભંડાર (૮૦૦૦ ટન)ની આસપાસ છે. જર્મની, ઈટલી, રશિયા જેવા દેશોના રાષ્ટ્રીય ભંડારમાં પણ આટલું સોનુ નથી.૨૩ એપ્રિલે તામિલનાડુમાં વિધાનસભા ચુંટણીનું મતદાન છે. અન્ય રાજયોમાં જયાં ચુંટણીમાં કેશ અને શરાબના દરોડાનું ચલણ છે.

તામિલનાડુમાં સોનાના દરોડા પાડવામાં આવે છે. થલાપતિ વિજય જેવા અભિનેતા-નેતાએ જીતવા પર કન્યાઓને ૮ ગ્રામ સોનુ અને નવજાત બાળકને સોનાની વીંટી આપવાનો વાયદો કર્યો છે તો એઆઈએડીએમકે પણ થલિકકૂ થનગમ એટલે કે લગ્ન માટે સોના જેવી સ્કીમ લાવી ચૂકયું છે. પ્રાચીન તમિલ સાહિત્યમાં સંપન્નતા પર અસાધારણ જોર મળે છે. તમિલ ગ્રંથ તિરુકકુરલની એક પંક્તિ કહે છે- ગરીબી પર પુરી દુનિયા મજાક ઉડાવે છે, આ સમાજમાં સંપન્નતાનું પ્રમાણ હતું.

# ગુજરાતમાં ચાઈનીઝ ગેંગનું રૂ. ૨૧૦ કરોડનું મની લોન્ડરિંગ કૌભાંડ: વડોદરાથી ૬ની ધરપકડ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : સાયબર ક્રાઈમ આચરીને કરોડો રૂપિયાની હેરફેર કરવા માટે બેંક એકાઉન્ટની સર્વિસ પુરી પાડતી ગેંગને ઝડપી લેવા માટે સ્ટેટ સાયબર ક્રાઈમ દ્વારા શરૂ કરવામાં આવેલી ઝુંબેશ અંતર્ગત વડોદરામાંથી ૬ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. આ ગેંગ દ્વારા ખોલવામાં આવેલા વિવિધ બેંક એકાઉન્ટમાંથી ૨૧૦ કરોડ રૂપિયાની રકમની હેરફેર કરવામાં આવી હતી.

આરોપીઓ પાસેથી મોટાપ્રમાણમાં બેંક એકાઉન્ટને લગતા દસ્તાવેજો, ક્યુ આર કોડ અને ડિજિટલ પુરાવા મળી આવ્યા છે. પોલીસને આરોપી પાસેથી ૧૧ મોબાઈલ ફોન, ૧૨ ચેકબુક, ૫ પાસબુક, ૩૯ ડેબિટ કાર્ડ, ૧ લેપટોપ, બેંક અલગ અલગ ૧૦ ક્યુ આર કોડ મળી આવ્યા હતા. લેપટોપમાં તપાસ કરતા તેમના દ્વારા ખોલવામાં આવેલા કુલ બેંક એકાઉન્ટમાંથી કુલ ૨૧૦ કરોડ રૂપિયાની હેરફેર કરવામાં આવી હતી.

અબ્દુલ પઠાણ નામનો આરોપી મલ્ટીપલ બેંક એકાઉન્ટ ખોલાવીને નાણાં ઉપાડવાનું કામ કરતો હતો. વિવેક વણઝારા નામનો આરોપી કમિશન લઈને એકાઉન્ટ ખોલીને કમિશન આધારે નાણાં ઉપાડતો હતો. તેને મંચક બૈરવા નામનો મિત્ર મદદ કરતો હતો. રોહિત શર્મા બેંક એકાઉન્ટમાં કમિશનના આધારે નાણાં ટ્રાન્સફર કરતો હતો. મોહિત રાવલ મોબાઈલ બેંકિંગ માટે સીમ કાર્ડ પુરા પાડતો હતો. દિપેશ રાજપુરોહિત મુખ્ય માસ્ટર માઈન્ડ હતો અને ૪૦થી વધુ બેંક ખાતાનું સંચાલન કરતો હતો.

# મુંદરા પોસ્ટ કચેરીમાં સેવાઓ અંગે ઉઠ્યો વિવાદ, ભેદભાવના આક્ષેપો ગરમાયા

**એક જ કામમાં જુદી પ્રક્રિયા, ગ્રાહકોમાં અસંતોષ; તંત્રે તમામ આક્ષેપો નકારી કાઢ્યા**

મુંદરા -કચ્છ ઉદય : મુંદરા સ્થિત સબ પોસ્ટ કચેરીના વહીવટને લઈને છેલ્લા કેટલાક સમયથી ગડબડી અને ભેદભાવના આક્ષેપો ઉઠતા ગ્રાહકોમાં અસંતોષનો માહોલ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ગ્રાહકો અને એજન્ટોને આપવામાં આવતી સેવાઓમાં અસમાનતા હોવાની ફરિયાદો સામે આવી છે, જોકે કચેરીના સત્તાવાળાઓએ આ તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવી નકારી કાઢ્યા છે.

ફરિયાદીઓના જણાવ્યા મુજબ, એક જ પ્રકારના કામમાં અલગ-અલગ એજન્ટોને જુદી રીતે વ્યવહાર કરવામાં આવે છે. એક એજન્ટ દ્વારા ખાતું ખોલાવવાના પ્રયાસ દરમિયાન સ્થાનિક સરનામાના પુરાવાના અભાવે અરજી નકારી દેવામાં આવી હતી, જ્યારે બીજા એજન્ટ દ્વારા એ જ દિવસે કોઈ અડચણ વિના કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરી ખાતું ખોલી દેવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ક્યાંક હાજરી અને સહીના નિયમો કડકપણે લાગુ કરવામાં આવે છે તો ક્યાંક તેમાં છૂટછાટ અપાતી હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે.

ગ્રાહકો દ્વારા સુરક્ષા મુદ્દે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. સ્ટાફની અછતને કારણે એજન્ટો પર વધતી નિર્ભરતા ભવિષ્યમાં સુરક્ષા સંબંધિત પ્રશ્નો ઊભા કરી શકે તેવી શંકા વ્યક્ત કરવામાં આવી છે. ઉપરાંત, આર.ડી. ખાતાની મુદ્દત પૂર્ણ થયા બાદ ખાતું બંધ કરાવવા આવેલા ગ્રાહકને કેસ પેપર ઉપલબ્ધ ન હોવાના કારણે લાંબા સમય સુધી રાહ જોવી પડી હોવાનો પણ ઉલ્લેખ થયો છે.

જો કે, આ અંગે મુંદરા સબ પોસ્ટ કચેરીના સત્તાવાળાઓએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે તમામ કામગીરી નિયમ મુજબ જ કરવામાં આવે છે. મોટી ગ્રાહક સંખ્યા અને સ્ટાફની અછતને કારણે ક્યારેક વિલંબ થતો હોય છે, પરંતુ કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખવામાં આવતો નથી. કેટલાક કામોમાં ગ્રાહકની હાજરી ફરજિયાત હોવી પોસ્ટ વિભાગનો નિયમ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# લાયન્સ હોસ્પિટલમાં ૧૦૯ દર્દીની આંખની સર્જરી સફળ

ભુજ, કચ્છ ઉદય : ભુજ સ્થિત લાયન્સ હોસ્પિટલમાં મેગા આઈ ઓપરેશન કેમ્પ નં. ૨૩૮ અંતર્ગત ત્રિદિવસીય નિ:શુલ્ક નેત્ર શિબિરમાં કુલ ૧૦૯ દર્દીઓની આંખની સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી હતી. રાજચંદ્ર સાધના કેન્દ્ર, કુકમા તથા ઝવેરબેન ડાયાલાલ કોરાણી ફાઉન્ડેશન, ઘાટકોપર (ઈસ્ટ, મુંબઈ)ના સહયોગથી દર સપ્તાહે ચાલતી દ્રષ્ટિ સેવા યોજનાના ભાગરૂપે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં અમદાવાદના નિષ્ણાત સર્જન દ્વારા આધુનિક તકનીકી સાધનોની મદદથી મોતિયાના ઓપરેશનો કરવામાં આવ્યા હતા. નિયમિત રીતે ચાલતી આ દ્રષ્ટિ સેવા યોજનાથી મોટી સંખ્યામાં દર્દીઓને નિ:શુલ્ક સારવાર અને દ્રષ્ટિ પુન:પ્રાપ્તિનો લાભ મળી રહ્યો છે. કાર્યક્રમની શરૂઆત દાતા પ્રતિનિધિઓના સન્માનથી કરવામાં આવી હતી, જેમાં તેમને પાઘડી, સ્મૃતિચિહ્ન અને સન્માનપત્ર અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મહેશભાઈ શાહ, વિજયભાઈ શાહ, મેઘજીભાઈ શાહ, ભોજરાજભાઈ શાહ, મહેન્દ્રભાઈ શાહ, અનિશભાઈ શાહ તેમજ રાજચંદ્ર સાધના કેન્દ્રના પ્રણેતા ગાંગજીભાઈ મોતા પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન પ્રમુખ ચંદ્રકાંત સોનીએ કર્યું હતું. એમજેએફ ડો. ભરત મહેતાએ હોસ્પિટલમાં ચાલતી વિવિધ નિ:શુલ્ક સેવાઓ અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે અહીં ફ્રી કિડની ડાયાલિસિસ, દંત ચિકિત્સા વિભાગ, ઓડિઓમેટ્રી, જનરલ ઓ.પી.ડી., પેથોલોજી લેબોરેટરી તથા એમ્બ્યુલન્સ જેવી સેવાઓ સતત કાર્યરત છે. અત્યાર સુધીમાં ૪૫,૫૦૦થી વધુ આંખના નિ:શુલ્ક ઓપરેશનો સફળતાપૂર્વક કરવામાં આવ્યા હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું. કાર્યક્રમમાં શૈલેષ માણેક, નવીન મહેતા, કમલબેન જોશી, મનસુખ શાહ, રોહિત જોશી અને મીના મહેતા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર આયોજનનું સંચાલન પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર અનુપ કોટક દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે કાર્યક્રમનું સંચાલન પ્રફુલ શાહે કર્યું હતું. આ મેગા કેમ્પને કારણે અનેક દર્દીઓને નવી દ્રષ્ટિ મળતાં ભુજમાં સેવા અને માનવતાનો ઉત્તમ સંદેશ પ્રસરી ગયો હતો.

# સલામતીમાં બેદરકારી જીવલેણ : પીજીવીસીએલનો લાઈન સ્ટાફને ચેતવણી સંદેશ

**સુરક્ષા સેમિનારમાં નિયમ પાલન, તણાવ નિયંત્રણ અને સેફ્ટી સાધનોના ફરજિયાત ઉપયોગ પર ભાર**

ભચાઉ -કચ્છ ઉદય : વીજ અકસ્માતોને અટકાવવા માટે ફિલ્ડમાં કામ કરતી વખતે શિસ્તબદ્ધ કામગીરી અને સલામતીના નિયમોનું કડક પાલન અનિવાર્ય હોવાનું ભચાઉ પીજીવીસીએલ દ્વારા આયોજિત સુરક્ષા સેમિનારમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું. સામખિયાળી, ભીમાસર, બાલાસર, રાપર અને ભચાઉ સબ ડિવિઝનના લાઈન સ્ટાફ માટે યોજાયેલા આ સેમિનારમાં કર્મચારીઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. સેમિનારમાં આર્ટ ઓફ લિવિંગ સંસ્થા દ્વારા પ્રેસ મેનેજમેન્ટ અને માનસિક સ્વચ્છતા વિષય પર વિશેષ સત્ર યોજાયું હતું. ડો. અનંત હોંગલ, માજાભાઈ આહીર અને અમૃતાબેન ચોટારાએ લાઈન સ્ટાફમાં વધતા તણાવને ઘટાડવા, માનસિક સંતુલન જાળવવા અને વિચલિત મનસ્થિતિને કારણે થતા અકસ્માતોને રોકવા અંગે અસરકારક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કર્મચારીઓ માટે શારીરિક સલામતી સાથે માનસિક સ્વસ્થતા પણ એટલી જ જરૂરી હોવાનું તેમણે ઉલ્લેખ્યું હતું.

ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટર રાહુલ રાજદેએ પોતાના માર્ગદર્શન દરમિયાન અગાઉ થયેલા અકસ્માતોની તપાસમાં સામે આવેલા મુદ્દાઓ રજૂ કરી ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માટે જરૂરી તકેદારી અંગે સમજણ આપી હતી. તેમણે ખાસ કરીને સેફ્ટી સાધનોનો નિયમિત ઉપયોગ અને કામ દરમિયાન ધ્યાન કેન્દ્રિત રાખવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો.

આ કાર્યક્રમ ભચાઉના કાર્યપાલક ઈજનેર શ્રી ચૌહાણના નેતૃત્વ હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો. જેમાં વર્તુળ કચેરીના નાયબ ઈજનેર શ્રી હડિયા, એકાઉન્ટ ઓફિસર બી.કે. મહેશ્વરી, એચઆર વિભાગના વડા ખરાડીબેન, નાયબ ઈજનેર શ્રી ગોસ્વામી, ભીમાસરના ઈજનેર શ્રી શર્મા સહિત જુનિયર એન્જિનિયરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શૈલેષ પ્રજાપતિએ કર્યું હતું.

# આંબેડકર જયંતી નિમિત્તે અનુ.જાતિ સમાજના સમૂહલગ્નમાં ૨૨ નવદંપતીએ લીધાં પ્રભુતામાં પગલાં

ભચાઉ-કચ્છ ઉદય : ભચાઉમાં ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતી નિમિત્તે અનુ. જાતિ સમાજ દ્વારા આયોજિત સમૂહલગ્ન મહોત્સવમાં ૨૨ નવદંપતીએ લગ્નબંધનમાં જોડાઈ પ્રભુતામાં પગલાં પાડયાં હતાં. ભીમા કોરેગાવ સેના તથા યુવા નવનિર્માણ સેવા ટ્રસ્ટના સહયોગથી યોજાયેલા આ પ્રથમ સમૂહલગ્ન મહોત્સવને લઈ સમગ્ર વિસ્તારમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે દાતાઓના સહયોગથી દરેક નવદંપતીને જીવનજરૂરિયાતની વિવિધ વસ્તુઓ સાથે કરિયાવર ભેટરૂપે આપવામાં આવ્યું હતું. સાથે જ કાર્યક્રમ દરમિયાન દાતાઓ તથા આગેવાનોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર સમારોહમાં સામાજિક એકતા, સહયોગ અને સમરસતાનો સંદેશ સ્પષ્ટ રીતે પ્રગટ થયો હતો.

કાર્યક્રમમાં રાજકીય અને સામાજિક ક્ષેત્રના અનેક આગેવાનોની ઉપસ્થિતિ નોંધાઈ હતી. જેમાં રાપર વિસ્તારના ધારાસભ્ય વીરેન્દ્રસિંહ બી. જાડેજા, ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, ભચાઉ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ કુલદીપસિંહ બી. જાડેજા, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા તથા ભચાઉ નગરપાલિકા પ્રમુખ પેથાભાઈ રાઠોડ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિવિધ સમાજના આગેવાનો, સંતો-મહંતો તથા જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન એડવોકેટ હરેશભાઈ કાઠેચાએ કર્યું હતું, જ્યારે આચાર્ય પદે મણિલાલભાઈ ગાજન રહ્યા હતા.

લ.ગઢ ચોવીસી મેઘમારૂ મહેશ્વરી સમાજના ધર્મગુરુ આણદાભાઈ વાઘભાઈ માતંગના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સમૂહલગ્ન મહોત્સવમાં ભરતભાઈ દાફડા, વિરજીભાઈ દાફડા, સુરેશભાઈ, કિશનભાઈ, મનોજભાઈ અને નીતિનભાઈ સહિતની યુવા ટીમે વ્યવસ્થાની જવાબદારી સફળતાપૂર્વક સંભાળી હતી. અંતમાં સમગ્ર ભચાઉ શહેર અને આસપાસના વિસ્તારોમાં આ સમૂહલગ્ન મહોત્સવને લઈ આનંદ, ઉત્સાહ અને સામાજિક એકતાનો સંદેશ વ્યાપક રીતે પ્રસરી ગયો હતો.

# પ્રાગપર પોલીસે ગુમ થયેલા બે મોબાઈલ શોધી આપ્યા

ભુજ - કચ્છ ઉદય : પ્રાગપર પોલીસે ગુમ થયેલા બે મોબાઈલ શોધીને પરત આપી તેરા તુજકો અભિયાનને સાર્થક કર્યું છે.

લફરા અને નાગપુરના અરજદારને ૩૯ હજારના મોબાઈલ પરત આપવામાં આવ્યા હતા.






# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે માતાનામઢ ખાતે મા આશાપુરાના કર્યા દર્શન





મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ માતાનામઢ ખાતે કચ્છ ધણિયાણી દેશદેવી મા આશાપુરાના દર્શન કર્યા અને સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

# વિરાણી મોટીમાં ભાજપની પ્રચારસભા ગુંજાઈ, વિકાસના મુદ્દે મતદારોને આહ્વાન

**જાડેજાએ પાણી-ગટર, રોડ અને સિંચાઈ યોજનાઓનો ઉલ્લેખ કર્યો; ભ્રામક પ્રચારથી સાવધાન રહેવા અપીલ**

નખત્રાણા - કચ્છ ઉદય : વિરાણી મોટી ખાતે યોજાનાર પ્રથમ નગરપાલિકા ચૂંટણીને લઈને ભાજપ દ્વારા જોરદાર પ્રચારસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં ગ્રામ વિકાસ મંડળના પ્રમુખ ભરતભાઈ સોમજિયાણી, વિવિધ સમાજોના અગ્રણીઓ તથા પૂર્વ સભ્યો મોટી સંખ્યામાં જોડાયા હતા.

સભામાં વક્તાઓએ જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાથી લઈને રાજ્ય અને કેન્દ્ર સુધી ભાજપે વિકાસલક્ષી કામોની શ્રેણી ઉભી કરી છે અને હવે બાકી રહેલા વિકાસ કાર્યોને પૂર્ણ કરવા માટે મતદાતાઓએ ભાજપના ઉમેદવારોને બહુમતીથી જીતાડવા જોઈએ. ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ પોતાના સંબોધનમાં વિરાણી મોટીમાં વર્ષોથી પડતર રહેલી પાણીની પાઈપલાઈન અને ગટરલાઈન બદલવાની કામગીરી શરૂ થવાની દિશામાં પ્રયત્નો ચાલી રહ્યા હોવાનું જણાવ્યું હતું. ઉપરાંત ભુજથી નખત્રાણા અને દેશની સરહદ નારાયણ સરોવર સુધી ચારમાર્ગીય ધોરીમાર્ગના નિર્માણ માટેની પ્રક્રિયા ગતિમાં હોવાનું તેમણે જણાવ્યું હતું. નર્મદા પાણીથી ખેડૂતોને સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થતી યોજનાઓ પણ સાકાર બની રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું. જાડેજાએ વિરોધ પક્ષોના ભ્રામક પ્રચારથી સાવધાન રહેવા અપીલ કરી વિકાસને આગળ ધપાવવા ભાજપના ઉમેદવારોને મત આપવાની અપીલ કરી હતી.

સભામાં પૂર્વ સરપંચ છગનલાલ ઠક્કર, મુસ્લિમ સમાજના આગેવાન નૂરમામદ હાજી ખત્રી, કિસાન સંઘના પ્રમુખ મનોજભાઈ નાકરાણી સહિતના વક્તાઓએ વિકાસને પ્રાથમિકતા આપી ભાજપને સમર્થન આપવા મતદારોને સંબોધ્યા હતા. રવિભાણ આશ્રમના મહંત સુરેશદાસ બાપુએ આશીર્વચન આપતાં નૈતિકતા અને ફરજ પ્રત્યે પ્રતિબદ્ધ રહેવાની પ્રેરણા આપી હતી.

કાર્યક્રમમાં સુરેશભાઈ કાનજિયાણી, કિશોરભાઈ બાથાણી, રતિલાલ મામા, ગોવિંદભાઈ બળિયા, ઘનશ્યામ નાયાણી, દીપકભાઈ આઈયા, નારાણભાઈ બળિયા, કાનજી બળિયા, શંભુભાઈ સોની, પ્રવીણભાઈ પઢારિયા, હિતેશભાઈ કારીઆ, દીપકગિરિ ગોસ્વામી, રસિકભાઈ પંચાલ સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા. પાલિકાના ઉમેદવારો જયેશ કાનાણી, કરમશી રબારી, સવિતાબેન બળિયા, સામાબેન બળિયા, મંગળાબેન વાઘેલા, મમતાબેન કુંભાર, દેવાભાઈ રબારી અને અલી અકબર સાટી ઉપસ્થિત રહ્યા હતા. અંતે હાજી મામદભાઈ ખત્રીએ આભારવિધિ વ્યક્ત કરી હતી.

# ભૂમિ સંરક્ષણ માટે જનઆંદોલન : “ખેતીની જમીનનું પોષણ કરો, શોષણ નહીં” અભિયાનને વ્યાપક પ્રતિસાદ

**અક્ષય કૃષિ પરિવારના પ્રયાસોથી માટી-ગૌપૂજન પરંપરાને પુનર્જીવિત કરવાનો સંકલ્પ**

ભુજ-કચ્છ ઉદય : અક્ષય કૃષિ પરિવાર તેમજ દેશભરના વિવિધ સામાજિક સંગઠનોના સંયુક્ત તત્ત્વાવધાનમાં ચાલી રહેલું “ભૂમિ સુપોષણ અને જાગરણ અભિયાન” વર્ષ ૨૦૨૧થી સતત રીતે સમગ્ર દેશમાં અમલમાં છે. આ અભિયાનનો મુખ્ય હેતુ ખેડૂતો તથા સામાન્ય નાગરિકોમાં જમીન પ્રત્યે જાગૃતિ લાવવાનો છે અને “ખેતીની જમીનનું પોષણ કરો, શોષણ નહીં” એવો સંદેશ વ્યાપક સ્તરે પહોંચાડવાનો છે.

આ પાંચ વર્ષના સમયગાળામાં આ અભિયાન હજારો ગામોમાં પહોંચ્યું છે અને લાખો ખેડૂતો, સંતો-મહાત્માઓ તેમજ વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ તેમાં જોડાયા છે. કચ્છ જિલ્લામાં પણ આ અભિયાનને નોંધપાત્ર પ્રતિસાદ મળી રહ્યો છે, જ્યાં ખેડૂતો પરંપરાગત કૃષિ પદ્ધતિઓ અને જમીન સંરક્ષણની દિશામાં વધુ જાગૃત બનતા જોવા મળે છે.

અભિયાન અંતર્ગત અખાત્રીજના પાવન અવસરે ધરતીપુત્રો દ્વારા માટીપૂજન અને ગૌપૂજન કરવાની પરંપરા ફરીથી જીવંત કરવા અપીલ કરવામાં આવી છે. જલગાંવ (મહારાષ્ટ્ર)ના અમલનેર સ્થિત મંગળગ્રહ સેવા સંસ્થાનમાં આ અભિયાનનો શુભારંભ થયો હતો, જ્યાં કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે ગામેગામ અને ખેતરે-ખેતરે માટી તથા ગૌપૂજન કરવા અનુરોધ કર્યો હતો. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ જમીનની ફળદ્રુપતા જાળવી રાખવાનો છે. પરંપરાગત ભારતીય કૃષિ વિચારધારા મુજબ ખેડૂત જમીનને માતા સમાન માને છે અને દેશી ગાયના છાણ, ગૌમૂત્ર, પાકના અવશેષો તથા કુદરતી ખાતર દ્વારા જમીનનું પોષણ કરવામાં આવે છે, જે લાંબા ગાળે ઉપજાઉ શક્તિ વધારવામાં સહાયક બને છે.

આ જનઆંદોલન માત્ર ખેતી પૂરતું સીમિત નથી, પરંતુ પર્યાવરણ સંરક્ષણ અને આવનારી પેઢી માટે પણ અત્યંત મહત્વપૂર્ણ છે. જો દરેક નાગરિક જમીનને દૂષિત થતી અટકાવવાનો સંકલ્પ કરે તો પણ તે મોટું યોગદાન ગણાશે. આ અભિયાન ૨૦ માર્ચ ૨૦૨૬ (ચૈત્ર પ્રતિપદા)થી શરૂ થઈ ૧૯ એપ્રિલ ૨૦૨૬ (અખાત્રીજ) સુધી ચાલશે. આ અવધિ દરમિયાન ગામેગામ અને શહેરોમાં લોકો માટીપૂજન અને ગૌપૂજન સાથે જોડાઈને પરંપરાને ફરી જીવંત કરી રહ્યા છે. અક્ષય કૃષિ પરિવાર તથા રામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા લોકોને આ અભિયાનમાં જોડાવા અપીલ કરવામાં આવી છે. વધુ માહિતી માટે રામકૃષ્ણ ટ્રસ્ટનો સંપર્ક કરવા અક્ષય કૃષિ પરિવારના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. મનોજભાઈ સોલંકીએ જણાવ્યું છે.

# તપસ્વી જીવનનો વિરામ : કેરાની સાંખ્યયોગી રતનબાઇ ફઇ અક્ષરવાસી

**પાલખીયાત્રામાં ચોવીસીના હરિભક્તો જોડાયા, ત્યાગ અને સત્સંગની સેવા યાદગાર બની**

કેરા - કચ્છઉદય : કેરા સ્થિત સ્વામિનારાયણ મંદિરના વયોવૃદ્ધ તપસ્વી અને સાંખ્યયોગી રતનબાઈ ફઈ (રતનબેન દેવજી ભુડિયા) ૯૦ વર્ષની વયે અક્ષરવાસી થતાં સમગ્ર સત્સંગ સમાજમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. તેમના નિધન નિમિત્તે યોજાયેલી પાલખીયાત્રામાં ચોવીસીના હરિભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા અને ભાવભીનાં હૃદયથી અંતિમ વિદાય અર્પણ કરી હતી.

કેરા નજીક નાગમતિ નદી તટે આવેલ નારાયણધ્રો ખાતે અંતિમ સંસ્કાર વિધિ પૂર્ણ કરવામાં આવી હતી, જ્યાં ચોવીસીના ત્યાગી બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ અર્પી હતી. ઈ.સ. ૧૯૩૬માં જન્મેલા રતનબાઈ ફઈએ માત્ર ૧૯ વર્ષની વયે દીક્ષા લઈ સંન્યાસ જીવન અપનાવ્યું હતું. તેમના ૭૧ વર્ષના દીક્ષા જીવનમાં ૫૬ વર્ષ મહંત તરીકે રહી સત્સંગ પ્રવૃત્તિઓને મજબૂત બનાવી હતી. તેમના માર્ગદર્શન હેઠળ નાનબાઈ ફઈ, મંજુલાબાઈ, દેવબાઈ, સામબાઈ, જશુબાઈ, ઊર્મિલાબાઈ અને વનિતાબાઈ સહિતની શિષ્યમંડળીએ શાસ્ત્રોનું અધ્યયન કરી સત્સંગને નવી દિશા આપી હતી. મંદિરના પ્રમુખ હરીશભાઈ ખેતાણી અને ટ્રસ્ટી મહેન્દ્રભાઈ ભુવાએ રતનબાઈ ફઈના જીવનને આદર્શ ત્યાગી જીવન ગણાવી અનેક માટે પ્રેરણારૂપ હોવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે ભુજ મંદિરના સાંખ્યયોગી મહંત સામબાઈ ફઈ, નીતાબાઈ ફઈ, માનકૂવાના નાનબાઈ સહિત આગેવાનો દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કુંદનપર ગામની ત્યાગી બહેનો દ્વારા ગુરુ ગુણગાન ગાઈ ભાવભીની વિદાય આપવામાં આવી હતી. વિદેશથી તાન્ઝાનિયા (મોશી)ના રવજીભાઈ ગોવિંદ વરસાણી, ઓલ્ડહામના હિતેશ પરબત ભુડિયા તેમજ હાલારિયા પરિવારના ધનજીભાઈ અને વીરજીભાઈ સહિત અનેક હરિભક્તો પાલખીયાત્રામાં જોડાયા હતા.

# ભુજમાં નિઃશુલ્ક ફિઝિયોથેરાપી કેમ્પનું આયોજન : આરોગ્ય સેવાઓ માટે સરાહનીય પહેલ

**અણુવ્રત સમિતિ અને મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે વિશેષ આરોગ્ય સેવા કાર્યક્રમ**

ભુજ કચ્છ ઉદય : શહેરમાં આરોગ્ય જાગૃતિ અને સેવાભાવનાને પ્રોત્સાહન આપતા એક મહત્વપૂર્ણ ઉપક્રમે અણુવ્રત સમિતિ ભુજ તથા તેરાપંથ મહિલા મંડળ ભુજના સંયુક્ત આયોજન હેઠળ નિઃશુલ્ક ફિઝિયોથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેવા કાર્યક્રમમાં ચાણક્ય ફિઝિયોથેરાપી સેન્ટર તથા ચાણક્ય કોલેજ ઓફ ફિઝિયોથેરાપીનો સહયોગ પ્રાપ્ત થયો છે.

આ કેમ્પ તા. ૨૧ એપ્રિલ ૨૦૨૬, મંગળવારના રોજ સવારે ૦૯:૩૦ થી ૧૨:૩૦ વાગ્યા સુધી તેરાપંથ ભવન, ભુજ ખાતે યોજાશે. આયોજકોના જણાવ્યા મુજબ આ કેમ્પ ખાસ કરીને તેરાપંથી સભ્યો તથા ‘બેટી તેરાપંથ કી’ માટે મર્યાદિત રહેશે.

અણુવ્રત સમિતિ ભુજના અધ્યક્ષ તથા રાષ્ટ્રીય કાર્યકારિણી સદસ્ય મહેશ મહેતા અને જાગૃતિ બાબરિયાએ જણાવ્યું હતું કે આવા આરોગ્ય કેમ્પો દ્વારા સમાજમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ વધે છે અને જરૂરિયાતમંદ લોકોને નિઃશુલ્ક સારવારનો લાભ મળે છે. કેમ્પમાં ભાગ લેનાર દર્દીઓને ચાણક્ય કોલેજ (ઓપીડી - લોટસ કોલોની) ખાતે ત્રણ દિવસ સુધી સંપૂર્ણ નિઃશુલ્ક સારવારની સુવિધા આપવામાં આવશે. નોંધણી માટે ૨૦ એપ્રિલ સુધી સંપર્ક કરવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ભીમ વાકાણીના અવસાનથી કચ્છના રંગકર્મીઓમાં શોકની લાગણી

**‘લગાન’ સહિત અનેક ફિલ્મોમાં યાદગાર અભિનય કરનાર વરિષ્ઠ કલાકારને કચ્છના કલાકારોએ અર્પી શ્રદ્ધાંજલિ**

ગાંધીધામ-કચ્છ ઉદય : ગુજરાતી રંગભૂમિ અને હિન્દી ફિલ્મ જગતના જાણીતા વરિષ્ઠ કલાકાર ભીમ વાકાણીનું તાજેતરમાં અવસાન થતાં કચ્છના કલાકાર જગતમાં ઊંડો શોક છવાઈ ગયો છે. તેમના નિધનથી રંગભૂમિ સાથે જોડાયેલા અનેક કલાકારોમાં દુઃખની લાગણી વ્યાપી ગઈ છે.

ભીમ વાકાણી પ્રખ્યાત ટીવી શ્રેણી ‘તારક મહેતા કા ઊલટા ચશ્મા’માં દિશા વાકાણી (દયા ભાભી) અને મયૂર વાકાણી (સુંદર)ના પિતા તરીકે ઓળખાતા હતા. તેઓએ હિન્દી ફિલ્મ જગતમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. ખાસ કરીને વર્ષ ૨૦૦૦માં કચ્છમાં સંપૂર્ણપણે શૂટ થયેલી સુપરહિટ ફિલ્મ ‘લગાન’માં તેમનો અભિનય નોંધપાત્ર રહ્યો હતો. ઉપરાંત ‘સ્વદેશ’, ‘લજ્જા’ સહિતની ફિલ્મોમાં પણ તેમણે પોતાની કળાનો પરિચય આપ્યો હતો. વાકાણી થિયેટર્સના નેજા હેઠળ તેમણે વર્ષો સુધી નાટ્યપ્રવૃત્તિમાં સક્રિય રહી અભિનય સાથે દિગ્દર્શન ક્ષેત્રે પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેમની કલાત્મક યાત્રાએ ગુજરાતી રંગભૂમિને વિશેષ મજબૂતી આપી હતી. ‘લગાન’ના શૂટિંગ દરમિયાન કચ્છમાં લાંબા સમય સુધી રોકાણ દરમ્યાન ભીમ વાકાણી અને સ્થાનિક કલાકારો વચ્ચે ગાઢ સંબંધો વિકસ્યા હતા. આ સ્મૃતિઓને ભુજના કલાકારો પંકજ ઝાલા, આનંદ શર્મા સહિત અનેક કલાકારોએ તાજી કરી હતી. આદિપુરના પ્રદીપ જોશી, સ્વ. એલ.એલ. ચીનીઆરા, સ્વ. પ્રકાશ રાવલ, અંજારના અરવિંદ ઠક્કર તથા કલાગુરુ નિમેષ દેસાઈ સાથે પણ તેમના નજીકના સંબંધો રહ્યા હતા. કચ્છના ભુજ, આદિપુર અને અંજાર સહિતના વિસ્તારોના કલાકારો દ્વારા સદ્ગતને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ‘લગાન’ના શૂટિંગ દરમ્યાન તેમની સાદગી, સૌજન્ય અને કલાકારો પ્રત્યેનો આત્મીય સ્વભાવ આજે પણ યાદ કરવામાં આવી રહ્યો છે. ભુજના કલાકારો પ્રકાશ શુકલ, કમલ મારૂ, મનોજ સોનપાર, અતુલ ગોર, હંસાબેન સોની તેમજ આદિપુરના રાજુ ઉદાસી સહિત અનેક કલાકારોએ ભીમ વાકાણીના નિધનને રંગભૂમિ માટે મોટી ખોટ ગણાવી તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી હતી.

# મુંદરામાં આજે પર્યાવરણ વિષયક વ્યાખ્યાન : “સુખનું સરનામું” પર આધ્યાત્મિક ગેટ-ટુ-ગેધર યોજાશે

**જીવદયા અને પર્યાવરણપ્રેમીઓ માટે રવિવારે રાત્રે વિશેષ પ્રવચન કાર્યક્રમ**

મુંદરા-કચ્છ ઉદય : ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર, એક્કરવાલા અહિંસાધામના મેનેજિંગ ટ્રસ્ટી મહેન્દ્રભાઈ સંગોઈના માર્ગદર્શન હેઠળ તા. ૧૯-૪-૨૦૨૬, રવિવારના રોજ રાત્રે ૯ વાગ્યે પર્યાવરણ અને આધ્યાત્મિકતા વિષયક વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે “સુખનું સરનામું” વિષય ઉપર પ્રવચન યોજાશે. આ આધ્યાત્મિક ગેટ-ટુ-ગેધરનું આયોજન મુંદરા ખાતે રામદેવ નગર, બારોઈ રોડ સ્થિત “એક જ બંગલો”માં કરવામાં આવ્યું છે. કાર્યક્રમ ખાસ કરીને મુંદરાના જીવદયા પ્રેમીઓ તથા પર્યાવરણપ્રેમીઓને ધ્યાનમાં રાખીને યોજાઈ રહ્યો છે.

આ અંગે માહિતી આપતાં મેનેજર રાહુલ સાવલાએ જણાવ્યું હતું કે કાર્યક્રમનો મુખ્ય હેતુ જીવનમાં પર્યાવરણ જાગૃતિ અને આધ્યાત્મિક વિચારધારાને મજબૂત બનાવવાનો છે. પ્રવચન દ્વારા જીવનના સાચા સુખ અને સંતુલિત જીવનશૈલી અંગે માર્ગદર્શન આપવામાં આવશે. કાર્યક્રમ માટે વધુ માહિતી અથવા સંપર્ક માટે ૮૧૪૧૭૮૩૭૬૮ તથા ૯૦૨૨૫ ૪૦૨૨૫ નંબર પર સંપર્ક કરવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# અખાત્રીજ પર સોનામાં રોકાણ : પરંપરા સાથે સમજદાર આર્થિક નિર્ણય

**ધાર્મિક માન્યતાઓ સાથે આર્થિક સુરક્ષાનો મજબૂત આધાર**

ભુજ-કચ્છ ઉદય : ભારતીય સંસ્કૃતિમાં અખાત્રીજનો દિવસ સોના જેવી કિંમતી ધાતુમાં રોકાણ માટે અત્યંત શુભ માનવામાં આવે છે. આ પરંપરા માત્ર ધાર્મિક માન્યતાઓ પૂરતી સીમિત નથી રહેતી, પરંતુ મનોવૈજ્ઞાનિક અને આર્થિક દૃષ્ટિએ પણ એક સચોટ અને શિસ્તબદ્ધ રોકાણ તરીકે વિકસિત થઈ છે. લોકો સોનાના દાગીનામાં ભવિષ્યની સુરક્ષા નિહાળે છે, એવી વાત રોટરી ક્લબ ઓફ ફ્લામિંગો ભુજ દ્વારા અક્ષય તૃતીયા નિમિત્તે યોજાયેલી “સુવર્ણ રોકાણ – એક સ્માર્ટ રણનીતિ” વિષયક ચર્ચામાં નિષ્ણાતોએ વ્યક્ત કરી હતી. રોટરી હોલ ખાતે ક્લબના પ્રમુખ ધવલભાઈ પાઠકના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ ચર્ચામાં ભુજના જાણીતા જ્વેલર્સ તેમજ અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના પ્રમુખ ચંદ્રકાંતભાઈ ચનાણીએ જણાવ્યું હતું કે, સોનું લાંબા ગાળે રોકાણકારોને ક્યારેય નિરાશ કરતું નથી અને અખાત્રીજના દિવસે કરવામાં આવતું રોકાણ સંપત્તિમાં વૃદ્ધિ લાવે છે એવી પરંપરાગત માન્યતા આજે પણ મજબૂત રીતે જીવંત છે. આ પ્રસંગે વરિષ્ઠ સભ્ય અરુણભાઈ વચ્છરાજાનીએ અખાત્રીજના ધાર્મિક મહત્ત્વને ઉજાગર કરતાં પૌરાણિક કથાઓના દૃષ્ટાંતો રજૂ કર્યા હતા. તેમણે ભગવાન કૃષ્ણ અને સુદામાની મિત્રતા, અક્ષયપાત્રનો પ્રસંગ, પાંડવો સાથે જોડાયેલી ઘટનાઓ તેમજ ત્રેતાયુગ અને સતયુગના પ્રારંભ જેવા પ્રસંગોનું ઉલ્લેખ કરી દિવસની પાવનતા સમજાવી હતી. સાથે જ ખેડૂતો માટે પણ આ દિવસ કેટલો શુભ માનવામાં આવે છે તેની વિગતવાર ચર્ચા કરી હતી. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હાર્દિક ઠક્કરે વ્યવસ્થિત અને પદ્ધતિસરના રોકાણ તરીકે એસઆઈપી અંગે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે સોનું આર્થિક સંકટ સમયે એક મજબૂત સુરક્ષા કવચ તરીકે કાર્ય કરે છે. કાર્યક્રમનું સંચાલન શાંતિલાલ સોનીએ કર્યું હતું જ્યારે મંત્રી દિનેશ રામાનુજે આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં કો-ઓર્ડિનેટર માલિંદ વૈદ્ય, પૂર્વ પ્રમુખ પ્રાર્થન અંજારિયા, વિનુદાન ગઢવી, વિમલ મહેતા, આનંદ શાહ, જ્યોતિર્ધર ધોળકિયા, હસ્તિન આચાર્ય અને સુનીતાબેન ભણસાલી સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહી ચર્ચામાં સક્રિય રીતે જોડાયા હતા.

# અખાત્રીજે પાટીદાર સમાજમાં સમૂહલગ્ન મહોત્સવ : અનેક ગામોમાં ધામધૂમથી ઉજવણીની તૈયારીઓ

**આજથી નખત્રાણા, ભુજ, માંડવી અને લખપત તાલુકા કચ્છના વિવિધ ગામડાઓમાં નવયુગલો પ્રભુતામાં પગલાં માંડશે, સામાજિક એકતાનો અનોખો સંદેશ**

ભુજ-કચ્છ ઉદય : આગામી વૈશાખ સુદ ત્રીજ અખાત્રીજના પાવન અવસરે, જેને વણજાર્યા શુભમુહુર્ત તરીકે પણ ઓળખવામાં આવે છે, પાટીદાર સમાજમાં સમૂહલગ્ન મહોત્સવની વિશાળ તૈયારીઓ કરવામાં આવી છે. તા. ૧૯, રવિવારે ઢોલ-શરણાઈના મધુર સૂરોથી સમગ્ર વાતાવરણ લગ્નોત્સવમય બની જશે. મથલ ગામે પાટીદાર સેવા સંઘ અને ગૌરક્ષા કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે ઉમિયા માતાજી આયોજન સમિતિ દ્વારા આયોજિત ૧૮માં સમૂહલગ્ન સમારોહમાં ૧૮ નવયુગલ પ્રભુતામાં પગલાં માંડશે. ભુજ ખાતે પણ ૧૫ યુગલોના સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે, જ્યારે વાઢાય ઉમિયા માતાજી સંસ્થાનમાં પણ વિશાળ લગ્નોત્સવ યોજાશે.

નખત્રાણા વિસ્તારમાં સતપંથ સનાતન સમાજના ૧૩માં સમૂહલગ્નોત્સવ અંતર્ગત નિષ્કલંકી યાત્રાધામમાં ૧૩ યુગલોનું લગ્નવિધિથી પ્રભુતામાં પ્રવેશ થશે. લખવત તાલુકાના દયાપર ગામે ૧૧ યુગલ, માંડલીના ગઢશીશામાં ૧૨ યુગલ, રવાપર ગામે ૯ યુગલ, વિષોશમાં ૯ યુગલ તથા નખત્રાણા ખાતે સનાતન સમાજના ૩ યુગલોનું સમૂહલગ્ન યોજાશે.

આ ઉપરાંત કોટડા સહિત અનેક ગામોમાં પણ સમૂહલગ્ન કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જેના કારણે સમગ્ર તાલુકામાં સામાજિક એકતા અને સમરસતાનો માહોલ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને રબારી સમાજ દ્વારા પણ વિવિધ ગામોમાં લગ્નોત્સવોનું આયોજન કરવામાં આવ્યું છે, જેના કારણે ગામડાંઓમાં ઉત્સાહનો માહોલ સર્જાયો છે.

આ સમૂહલગ્ન કાર્યક્રમો દ્વારા સમાજમાં ખર્ચાળ લગ્નપ્રથા ઘટાડવા સાથે સહકાર અને એકતાનો સંદેશ પણ આપવામાં આવી રહ્યો છે, જેને સ્થાનિક લોકો દ્વારા વ્યાપક સમર્થન મળી રહ્યું છે.

# ભુજના પ્રાગમહેલમાં માતા મહામાયાનું પૂજન કરાયું



ભુજ : વૈશાખ સુદ એકમના પાવન અવસર પર કચ્છની રાજપરંપરા મુજબ ભુજ સ્થિત ટીલામેડી પ્રાગમહેલ દરબારગઢમાં માતા મહામાયાનું પૂજન કરાયું હતું. આ પ્રસંગે મહારાણી પ્રિતીદેવી શ્રદ્ધાભેર માતાજીનું પૂજન કરી રાજ્ય તથા પ્રજાની સર્વાંગી સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

પૂજનવિધિ પૂર્વે દરબારગઢ ખાતે સ્થાપિત કચ્છ રાજ્યના અંતિમ મહારાવ પ્રાગમલજી ત્રીજાની પ્રતિમાને હાજર રહેલ આગેવાનો તથા મહેમાનો દ્વારા પુષ્પાંજલી અર્પણ કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી. આ ધાર્મિક કાર્યક્રમમાં તેરા ઠાકોર મયુરધ્વજસિંહજી, દેવપર ઠાકોર કૃતાર્થસિંહજી, માજી સંસદસભ્ય પુષ્પદાનભાઈ ગઢવી, વિજેશકુમાર પુંજા, તેરા રાણી આરતીકુમારી, કુમાર હર્ષાદિત્યસિંહ, ડો. દીપાલીબેન ચાવડા, પ્રમોદભાઈ જેઠી સહિત રણજીતવિલા અને પ્રાગમહેલના સ્ટાફે હાજરી આપી પૂજનનો લાભ લીધો હતો.

# લોડાઈમાં શાંતિનાથ દાદાની ૨૧મી સાલગીરાનો ભવ્ય ધાર્મિક ઉત્સવ : દીકરીઓ કરશે ઐતિહાસિક ધ્વજારોહણ

**પ્રથમવાર સંઘની દીકરીઓ લહેરાવશે ધ્વજા, ભક્તિભાવ અને સંસ્કારનો અનોખો સંગમ**

ભચાઉ - કચ્છઉદય : ભુજ તાલુકાના લોડાઈ ખાતે શાંતિનાથ દાદાની ૨૧મી સાલગીરાનો ભવ્ય ધાર્મિક કાર્યક્રમ ઉત્સાહભેર ઉજવાશે. આ વર્ષનો વિશેષ આકર્ષણ એ રહેશે કે ઈતિહાસમાં પ્રથમવાર લોડાઈ સંઘની દીકરીઓ દ્વારા ધ્વજારોહણ કરવામાં આવશે, જે સમગ્ર સમુદાય માટે ગૌરવની ક્ષણ ગણાઈ રહી છે. આ ધાર્મિક મહોત્સવ પૂજ્ય મુક્તિમનનવિજયજી મહારાજ સાહેબ, અનંતસિદ્ધિવિજયજી મહારાજ સાહેબ તથા કૃતપુણ્યવિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં યોજાશે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિભાવ, ધાર્મિક વિધિઓ અને આધ્યાત્મિક વાતાવરણનો અનોખો માહોલ જોવા મળશે.

લોડાઈ દીકરી હાલે સુરત નેહા દિલીપકુમાર ખંડોર દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ તા. ૧૦-૦૫-૨૦૨૬ના રોજ સવારે અઢાર અભિષેક, નવકારશી તથા સત્તરભેદી પૂજાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ ધ્વજારોહણની ભવ્ય શોભાયાત્રા યોજાશે. બપોર બાદ ધ્વજારોહણ વિધિ સાથે સ્વામી વાત્સલ્ય યોજાશે, જ્યારે સાંજે ચાર વાગ્યે દીકરીઓનું સ્નેહમિલન અને ચોવિહાર કાર્યક્રમ યોજાશે. ધાર્મિક વિધિઓનું સંચાલન થરાદવાળા શુભમભાઈ કરશે, જ્યારે સંગીત સેવા સુશીલભાઈ એન્ડ પાર્ટી દ્વારા આપવામાં આવશે. સાંજે સંયમવંદના કાર્યક્રમમાં પૂજ્ય અમીઝરણાશ્રીજી મહારાજ સાહેબના શિષ્ય અમીદૃષ્ટિ મહારાજ સાહેબ સહિત સંતો દ્વારા અનુમોદના આપવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમમાં સંસારી પરિવારો અને ભક્તજનો મોટી સંખ્યામાં જોડાઈને ધર્મલાભ લેશે. ધ્વજારોહણના અનુસંધાને તા. ૨૦-૦૪-૨૦૨૬ના રોજ ભચાઉ વર્ધમાનનગર સોસાયટી ખાતે કંકોત્રી લેખન કાર્યક્રમ યોજાશે, જેમાં સંયમજીવન અને ધાર્મિક સંસ્કૃતિના સંદેશનો પ્રસાર કરવામાં આવશે.

# ભુજની જનરલ હોસ્પિટલના ડોક્ટરોએ મહિલાના પેટમાંથી સાત ફૂટ લાંબો કરમિયો કાઢ્યો



**આંતરડામાં બ્લોકે જ હોવાનું ડોક્ટરને લાગ્યું શરીરમાં ધીમું ઝેર ફેલાઈ રહ્યું હતું : ડો. દર્શન લીંબાણી અને તેમની ટીમે ઓપરેશન કરાયું : આટલા મોટા કદના જીવજંતુને બહાર કાઢવા માટે તબીબી વિજ્ઞાનમાં ભાગ્યે જ આવું ઓપરેશન અત્યાર સુધી કરવું પડ્યું હોવાનું જણાવતા ડોક્ટર**

ભુજ -કચ્છ ઉદય : ડોક્ટર દર્શન લીંબાણી ભુજની સરકારી અદાણી (જનરલ) હોસ્પિટલમાં જનરલ સર્જરી વિભાગમાં પેશન્ટોની ખૂબ જ લાંબી લાઈન વચ્ચે પરસેવો લુછી અને બધા જ પેશન્ટોને ખૂબ જ વ્યવસ્થિત રીતે ચેક કરી રહ્યા હતા. એની વચ્ચે અત્યંત પીડાથી કણસતી ૩૧ વર્ષની મહિલા આવે છે. તેને પેટમાં બહુ જ દુઃખાવો થતો હતો અને સતત ઉલ્ટી થઈ રહી હતી. મહિલાએ ખૂબ જ ચોંકાવનારી વાત કરી કે તેને ત્રણ ચાર દિવસથી સંડાસ બિલકુલ ઉતરતું જ નથી. ડોક્ટર સાહેબે તે મહિલાને ચેક કરતાં તેની બધી જ વ્યવસ્થિત તપાસ કરવાનું જરૂરી લાગ્યું કેમ કે તેના શરીરમાં ચાર દિવસથી મળ વિસર્જન નહીં થવાથી શરીરમાં ભેગો થયેલો કચરો ધીમાં ઝેરમાં ફેરવાઈ રહ્યો હતો. એટલે પછી તરત જ પ્રાથમિક તપાસ સોનોગ્રાફી વગેરે કરવાનુ અત્યંત જરૂરી અને ઈમર્જન્સી લાગતા તે કરવામાં આવી તો જાણવા મળ્યું એ તેમના આંતરડામાં બ્લોકે જ છે અને તાત્કાલિક તેમનું પેટ ખોલી ઓપરેશન કરી અને તપાસ કરવાની જરૂર છે. યુવાન ડોક્ટર દર્શન લીંબાણી અને તેમના જનરલ સર્જરી વિભાગની ટીમે તાત્કાલિક ઓપરેશન કરવાનું નક્કી કર્યું. હવે બહેન ઓપરેશન ટેબલ ઉપર સુતા હતા અને તેમની ચારે બાજુ ઓપરેશનનો ડ્રેસ પહેરેલો મેડિકલ સ્ટાફ ગોઠવાઈ ગયો હતો. તે બેનને એનેસ્થેસીયા આપી દેવામાં આવ્યો હતો. એનેસ્થેસિયા એટલે ઓપરેશનના જેટલા ભાગની જરૂર હોય તેટલા અંગને અથવા જરૂર હોય તો આખા શરીરને ઈન્જેક્શન આપી અને એવું ખોટું કરી દેવાય છે કે જેમનું ઓપરેશન થાય તેમને કોઈ જાતની કંઈ જ ખબર જ નથી પડતી કે શું થઈ રહ્યું છે. ડોક્ટરે તેમની ટીમ સાથે ઓપરેશન ચાલુ કરી દીધું હતું. પેશન્ટને કંઈ જ ખબર ન હતી પડતી. તેમનું પેટ ખોલી નાખવામાં આવ્યું. અને પછી આંતરડાની સૌપ્રથમ તપાસ કરવામાં આવી તો જાણવા મળ્યું કે એમની વાત સાચી હતી. આંતરડામાં જ બ્લોકે જ હતો, પરંતુ તે બ્લોકેજનું કારણ જ્યારે નજર સામે દેખાયું ત્યારે ડોક્ટરો પણ ખૂબ જ અચંબિત થઈ ગયા. સામેનું દ્રશ્ય જોઈ અને તેમની આંખ પણ પહોળી થઈ ગઈ. આંતરડામાં સાત ફૂટ લાંબો કરમિયા નામનો જીવડો જગ્યા રોકી અને બેઠો હતો. સાત ફૂટ એટલે લગભગ એકાદ સાપ જેટલો લાંબો આ જીવડો પેટની અંદર આંતરડામાં મહિલાને તકલીફ કરતો હતો.

આશ્ચર્યચકિત થઈ ગયેલા ડોક્ટરોએ ખૂબ જ મહેનતથી અને સફળતાથી છેવટે આ કરમિયો એટલે કે "પટ્ટી કૃષિ" ખેંચીને બહાર કાઢ્યો. ડોક્ટર સર્જન દર્શનભાઈ લીંબાણીએ જણાવ્યું કે મેડિકલ સાયન્સમાં પણ આટલો મોટો કરમીયો હોવાનું ક્યાંય ભણવામાં પણ આવ્યું ન હોતું. એમણે તેમના સિનિયર ડોક્ટરો સાથે વાત કરતા જાણવા મળ્યું કે, આટલા મોટા કદના જીવજંતુને કારણે કોઈ દર્દીનું ઓપરેશન કરવું પડ્યું હોય એવું પણ ભાગ્યે જ જોવા મળે છે. આ વિશ્વની અજીબો ગરીબ ઘરના હોવાનું મેડિકલ જગતના મોટા ડોકટરોએ તેમને જણાવ્યુ. આમ તો આપણા બધાના પેટમાં નાના નાના કરમિયા નામના જીવડા હોય શકે છે પરંતુ તે ખાસ તો બચપણમાં મોટાભાગે વધારે પ્રમાણમાં અને નાનકડા કદના હોય છે.

ઘણી વાર આપણે ભૂખ્યા હોઈએ ત્યારે પેટમાંથી જે અવાજ આવતા હોય છે તે આ કરમિયા નામના જીવડા જોરજોરથી આવાજ કરતા હોય છે કારણ કે, તેમને પણ ભૂખ લાગી હોય છે. ઘણી વાર માણસનો ખોરાક વધારે હોય છતાં પણ તે પાતળો હોય છે તેનું કારણ પણ આ જ કરમિયા નામના જીવડા હોય છે કારણ કે, માણસ જે કંઈ ખાય તે આ કરમિયા ખાઈ જતા હોય એટલે માણસને પોષણ મળવાની જગ્યાએ આ જીવડાને પોષણ મળી જતું હોય છે. ભુજની જનરલ હોસ્પિટલમાં અનેક જાતના અનેક દર્દીઓ આવતા હોય છે અને અનેક અનુભવ ડોક્ટરોને થતા હોય છે. ભુજની અદાણી હોસ્પિટલનો યુવાન સ્ટાફ ડોક્ટર નર્સ અને બ્રધર્સ સિસ્ટર ખૂબ દિલથી લોકોની સેવા કરતા હોય છે. સિક્યુરિટી સ્ટાફ પણ તેમને મળતા મર્યાદિત પગાર વચ્ચે ખૂબ જ સારી સેવા આપતો હોય છે પરંતુ લોકોમાં એવી છાપ છે કે પ્રાઈવેટ હોસ્પિટલ એટલે વધારે સારી અને ત્યાં વધારે નિષ્ણાત ડોક્ટરો મળે.

ખરેખર સામાન્ય રીતે બધા કિસ્સામાં એવું નથી હોતું. ખાનગી તબીબો ખૂબ જ અનુભવી અને નિષ્ણાત હોય છે એ પણ સાચી વાત છે અને જીવનની શરૂઆતમાં જનરલ સરકારી હોસ્પિટલોમાં જ કામ કરી ચૂક્યા હોય છે. ખાનગી હોસ્પિટલમાં રહેવા માટે થોડી વધારે આરામદાયક સગવડ મળતી હોય છે પરંતુ હવે અદાણી ગેમ્સમાં પણ ખૂબ જ સારી સગવાડો અને સારા ડોક્ટરો મેડિકલ કોલેજને કારણે ઉપલબ્ધ થઈ ગયા છે. સરકારી હોસ્પિટલમાં મોટાભાગે ખૂબ જ પડકારજનક અને ગંભીર કેસ આવતા હોય છે અને તેના યુવાન ડોક્ટરો એડવાન્સ ટેકનોલોજી સાથે ખૂબ જ દિલથી સંશોધનના અને સેવાના હેતુથી ફરજ બજાવતા હોય છે અને દર્દીઓને બચાવવા માટે જ ઝઝુમતા હોય છે. દર્દીઓના ધસારા સામે તેમની પાસે સ્ટાફ મર્યાદિત હોય છે વળી અતિ ગંભીર દર્દીઓ છેલ્લી હાલતમાં હોસ્પિટલમાં સતત મોકલતા હોય છે. તેના સગાઓ પણ આઘાતમાં અને ટેન્શનમાં માનસિક કાબુ સ્વાભાવિક રીતે ગુમાવી દેતા હોય છે, છતાં પણ રાત દિવસ જોયા વગર ખૂબ જ શાંતિથી અહીંના ડોક્ટરો અને સમગ્ર સ્ટાફ પરિવાર ખૂબ જ સારી સેવા આપવા પ્રયાસ કરતા હોય છે. તેમને ખરેખર "કચ્છઉદય" પરિવારના ખૂબ ખૂબ વંદન અને તેમને વધારે સેવા કરવાની પરમાત્મા તક અને શક્તિ અને દર્દીઓને બચાવવા માટે સફળતા આપે તેવી પ્રાર્થના અને આવું જટિલ ઓપરેશન કરવા માટે ડોક્ટર દર્શન લીંબાણી અને એમની ટીમને ખુબ ખુબ અભિનંદન.

# ભુજમાં વોર્ડ ૧૦ના ભાજપના ચૂંટણી કાર્યાલયનું ઉદ્દઘાટન કરાયું

ભુજ - કચ્છઉદય : વોર્ડ નંબર ૧૦ ભાજપ ચૂંટણી કાર્યાલયના ઉદ્ઘાટન સમારોહ તથા જાહેરસભા ભવ્ય રીતે યોજાઈ હતી.

આ પ્રસંગે ભાજપ ગુજરાત પ્રદેશ મહામંત્રી અજય બ્રહ્મભટ્ટ, જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ, કચ્છ જિલ્લા ભાજપના સંગઠન પ્રભારી ફલજી ચૌધરીજી તથા ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલની ઉપસ્થિતિ રહ્યા હતા.

ાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અને શહેરવાસીઓ હાજર રહ્યા અને આવનારી ચૂંટણી માટે ઉત્સાહ અને સંકલ્પ સાથે એકતાનું પ્રદર્શન કર્યું.

વિકાસના માર્ગને વધુ મજબૂત બનાવવાના સંકલ્પ સાથે સૌએ ભાજપને ભવ્ય વિજય અપાવવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.





ભુજ શહેર ભાજપ ઉપપ્રમુખ જયંત ઠક્કર દ્વારા ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી તથા કચ્છ ઝોનના પ્રભારી અજયભાઈ બ્રહ્મભટ્ટનું સન્માન કર્યું હતું.

# રહી રહીને જાગેલા ફૂડ વિભાગે કુકમા અને માધાપરમાં ચેકિંગ કર્યું, ભુજ બાકાત







ભુજ - કચ્છઉદય : તાલુકાના લોડાઈ ગામે પાણીપુરી ખાધા પછી ખોરાકી ઝેરની અસર થવાની ઘટના સામે આવ્યા બાદ ફૂડ વિભાગને હવે કામ કરવા નાટક સુજ્યું હોય તેમ ફોટા પડાવવા માટે માધાપર અને કુકમા ગામે ચેકિંગ કરવામાં આવ્યું હતું પરંતુ ભુજને બાકાત રાખવામાં આવ્યું હોય તેમ એક પણ અધિકારી કે કર્મચારી ડોકાયા ન હતા. જો તહેવાર ટાંકણે રહી રહીને જેમ તંત્ર જાગે છે તે જ રીતે અહીં પણ તંત્ર ઘટના બન્યા બાદ જ જાગી હોય તેમ ફોટા પડાવવા પુરતી કામગીરી કરે છે કે હવે સારી કામગીરી કરી બતાવે છે તે તો આવનાર સમય જ બતાવશે. જો એક જ દિવસમાં ૫૫ કિલો જેટલો જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે, ત્યારે હવે એ જોવું રહ્યું કે, તંત્ર કેટલી કામગીરી કરે છે.

આ અંગે મળતી વિગતો મુજબ ભુજ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા આવનાર ગરમીની મોસમના પગલે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં રોગચાળો ન ફાટી નીકળે તેમજ ફૂડ પોઈઝનિંગ જેવી અનિચ્છનીય ઘટનાના બને તેની તકેદારીના ભાગ રૂપે ભુજ તાલુકાના કુકમા, માધાપર ભુજ શહેરના અંતરિયાળ વિસ્તારો તેમજ ગામમાં ફૂડ વિભાગ દ્વારા નાસ્તાની લારીઓ ખાસ પાણીપુરી પર ચેકિંગ કરવામાં આવ્યું હતું. સ્વચ્છતા અને ગુણવત્તા અંગે વેપારીઓને કડક સૂચનાઓ આપવામાં આવી તેમજ નિયમોનું પાલન ન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની ચેતવણી અપાઈ હતી. કુકમા તેમજ માધાપર ખાતે કરેલ ૨૧ જેટલી પેઢીની તપાસ દરમિયાન ૯ જેટલા સેમ્પલ લેવાની કામગીરી તથા શંકાસ્પદ જણાતા ખાદ્યપદાર્થ જેવા કે, પાણીપુરીનુ પાણી, દાબેલીનો મસાલો, પાપડી, કલર, લીલી ચટણી સહિતની વસ્તુનો આશરે ૫૫ કિલો જેટલો જથ્થો સ્થળ પર નાશ કરાવવામાં આવેલ છે.

જિલ્લા ફૂડ અધિકારી એ.બી. પટેલની સૂચનાથી તેમજ વી.એમ. બરંડા, એસ.બી. પટેલ તથા એમ.એમ. પટેલ ફૂડ ઈન્સ્પેક્ટરો દ્વારા સઘન તપાસ કામગીરી કરવામાં આવી રહેલ છે તેમજ આવનાર દિવસોમાં સદર બાબતને ધ્યાને લઈ ભવિષ્યમાં ઓચિંતી તપાસ આવા એકમોની કરવામાં આવશે.

# બાબાસાહેબ શિક્ષણના હિમાયતી હતા : રમેશ ગરવા




**નખત્રાણા સાંઈ રેસિડેન્ટ ખાતે ડો. આંબેડકરજીની ૧૩૫મી જન્મજયંતિએ વિવિધ કાર્યક્રમો યોજાયા**

નખત્રાણા - કચ્છઉદય : નાના નખત્રાણા ખાતે આવેલ સાંઈ રેસિડેન્ટ ખાતે બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતિ ઉમંગભેર ઉજવાઈ હતી, જેમાં સન્માન, પ્રતિમાનું અનાવરણ, શોભાયાત્રા, હારારોપણ સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

મંડળના પ્રમુખ રમેશભાઈ બાબુલાલ ગરવાએ જણાવ્યું હતું કે, ડૉ. બાબાસાહેબ શિક્ષણના હિમાયતી હતા. ૨૧મી સદીમાં શિક્ષણ મહત્ત્વનું અંગ બની રહેશે. પીએસઆઈ હેતલબેન રાઠોડ, મણીબેન રાયમલ રાઠોડ, હિરેનભાઈ સોલંકીએ પ્રાસંગિક પ્રવચનમાં સંઘર્ષ કરો, શિક્ષણ પ્રત્યે આગળ વધો અને સંગઠીત બનવા પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા શાસ્ત્રી પ્રવિણભાઈ જોષી, જગદીશ સોલંકી, શંભુભાઈ રાઠોડ, વિપુલ ડોડિયા, કિસન મકવાણા, મયુરભાઈ, પ્રકાશભાઈ, ચંદુભાઈ, શ્યામસિંહ રાઠોડ સહિત નવયુવક મંડળ અને મહિલા મંડળની બહેનોએ જહેમત ઉઠાવી હતી. સંચાલન રમેશભાઈ ગરવાએ જ્યારે આભારવિધિ જગદીશભાઈ સોલંકીએ કરી હતી.

# રમેશભાઈ મહેશ્વરી અને દમયંતીબેનની વર્ષગાંઠ નિમિતે શુભકામનાઓની વર્ષા



ભુજ - કચ્છઉદય : કચ્છના લોકોએ જેમને ૧૦૮નું બિરૂદ દીધેલ છે. લોકો એમને ગરીબોના બેલી પણ કહે છે. સદા લોકોના સુખદુઃખમાં ખડેપગે ઉભા રહી પોતે ભાગીદાર બની ફરજ નિભાવે ભાઈ રમેશભાઈ મહેશ્વરી અને દમયંતી ભાભીને તેમના લગ્ન વર્ષગાંઠની ખૂબ ખૂબ શુભ કામનાઓ સદાય એમની જોડી સ્વસ્થ અને તંદુરસ્ત રહે એવી ભગવાનને પ્રાર્થના કરવામાં આવી હતી.

# કચ્છમાં ધોરણ ૧૦નું પરિણામ જાહેર: હજારો વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર

**૪૯ શાળાઓના ૨ હજારથી વધુ વિદ્યાર્થીઓ સફળ, અનેક શાળાઓએ નોંધાવ્યું ઉત્તમ પ્રદર્શન**

ભુજ-કચ્છ ઉદય : કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ની ધોરણ ૧૦ની મુખ્ય પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. સમગ્ર દેશમાં આ વર્ષે વિદ્યાર્થીઓનું સફળતા પ્રમાણ ૯૩.૭૦ ટકા નોંધાયું છે. બોર્ડ દ્વારા મૂલ્યાંકન કામગીરી ઝડપી પૂર્ણ કરીને પરિણામ અંદાજે એક મહિના અગાઉ જાહેર કરવામાં આવ્યું છે. સરહદી કચ્છ જિલ્લામાં ધોરણ ૧૦ની પરીક્ષામાં કુલ ૪૯ શાળાઓના અંદાજે ૨ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પરિણામ જાહેર થતા જ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળાઓમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ હતી. સમગ્ર પરીક્ષા પ્રક્રિયા સીટી કો-ઓર્ડિનેટર તથા દૂન પબ્લિક સ્કૂલના પ્રિન્સિપાલ ડૉ. સારિકા શર્માના માર્ગદર્શન હેઠળ સુચારુ રીતે પૂર્ણ કરવામાં આવી હતી. કચ્છની અનેક શાળાઓએ ઉત્તમ પરિણામ સાથે ગૌરવ મેળવ્યું છે. તેમાં વ્હાઈટ હાઉસ સ્કૂલનું ૧૦૦ ટકા પરિણામ નોંધાયું છે, જે શાળાના વિદ્યાર્થીઓની મહેનત અને શિક્ષણની ગુણવત્તાનું પ્રતિબિંબ છે. અન્ય શાળાઓના વિદ્યાર્થીઓએ પણ સારા ગુણ સાથે સફળતા મેળવી જિલ્લાનું નામ રોશન કર્યું છે. ટોપર વિદ્યાર્થીઓમાં વ્યોમ પટેલે ૯૬.૨ ટકા, ગીત ગુંસાઈએ ૯૫ ટકા, આરવ મહેતાએ ૯૪.૪ ટકા, ધ્રુવ કેરાઈએ ૯૩.૬ ટકા, દીર્ઘદાવડાએ ૯૩.૨ ટકા, આર્યન કેવડિયાએ ૯૩.૨ ટકા, વૃંદા પોકારે ૯૨ ટકા, વેદ સાંઘાણીએ ૯૨.૨ ટકા, જતન ભટ્ટે ૯૧.૨ ટકા, સ્નેહાશિસ ધારે ૯૧ ટકા, આરવ બારમેડાએ ૯૦.૪ ટકા, અંકિત ત્રિવેદીએ ૯૦.૨ ટકા અને ઓમ ઠક્કરે ૯૦ ટકા ગુણ મેળવી સફળતા હાંસલ કરી છે. ભુજની દૂન પબ્લિકસ્કૂલના વિદ્યાર્થીઓએ પણ નોંધપાત્ર પ્રદર્શન કર્યું છે, જેના કારણે શાળાનું ગૌરવ વધ્યું છે. પરિણામ જાહેર થતા જ વિદ્યાર્થીઓના ચહેરા પર આનંદ અને સંતોષની લાગણી જોવા મળી હતી. બોર્ડ દ્વારા નવી શિક્ષણ નીતિ અંતર્ગત લાગુ કરાયેલી બે પરીક્ષા પદ્ધતિ અંગે પણ મહત્વપૂર્ણ જાણકારી આપવામાં આવી છે. જે વિદ્યાર્થીઓ પોતાના પરિણામથી સંતુષ્ટ નથી અથવા નાપાસ થયા છે, તેઓ માટે ફરી તક આપવામાં આવી છે. હવે પંદર મેથી બીજી પરીક્ષા યોજાશે અને તેના ફોર્મ ભરવાની પ્રક્રિયા આજથી શરૂ કરવામાં આવી છે. આ વ્યવસ્થામાં વિદ્યાર્થી બંને પરીક્ષા આપી શકે છે અને જેમાં વધુ ગુણ મળે તે અંતિમ ગણવામાં આવશે. જો બીજી પરીક્ષામાં ઓછા ગુણ આવે તો પણ પ્રથમ પરીક્ષાના ગુણ જ માન્ય રહેશે. આ નિર્ણય વિદ્યાર્થીઓના હિતમાં હોવાથી તેને શિક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ અને સકારાત્મક પગલું માનવામાં આવી રહ્યું છે.

# નખત્રાણામાં આરોગ્ય વિભાગ દ્વારા નાસ્તાની લારીઓ પર ચેકિંગ કરીને સ્વચ્છતા જાળવવા સૂચના અપાઈ






નખત્રાણા - કચ્છઉદય : ભુજ તાલુકાના લોડાઈ ગામે પાણીપુરી ખાધા પછી ખોરાકી ઝેરની અસર થવાની ઘટના સામે આવ્યા બાદ નખત્રાણા શહેર અને સમગ્ર તાલુકા વિસ્તારમાં આવી ઘટનાઓ બનતી અટકાવવા તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. એ.કે. પ્રસાદના માર્ગદર્શન હેઠળ નખત્રાણા શહેરમાં પાણીપુરીના વિક્રેતાઓ તેમજ ઠંડાપીણા, બરફના ગોલા, શેરડીના રસ તેમજ અન્ય ખાણીપીણીની ચીજવસ્તુઓનું વેચાણ કરનારાઓની તપાસ કરવામાં આવી હતી. ખાણીપીણીની ચીજવસ્તુઓ બનાવતી વખતે સડેલા કે વધુ પાકેલા શાકભાજી અને ફળોનો ઉપયોગ ન કરવો, ખોરાક બનાવવા ફક્ત ફિલ્ટર પાણી વાપરવું, સરકારી ધારાધોરણ મુજબના ડિસ્પોઝેબલ વાસણો વાપરવા, તેમજ બનાવનાર વ્યક્તિઓએ ગ્લોઝ, ટોપી, એપ્રન પહેરવા, વધેલા ખોરાકને ફરી ઉપયોગમાં ન લેવો, કચરો જ્યાં ત્યાં ફેંકવો નહીં, ઉપયોગમાં લેવાયેલ વાસણો ડિટર્જન્ટથી ધોઈ નાખવા તેમજ સેનીટેશન જાળવવા સમજણ આપવામાં આવી હતી અને આ માટે લેખિત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કામગીરીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિરાણી મોટી વતીથી જયદીપભાઈ રાદડિયા, મેહુલભાઈ ભાભોર જોડાયા હતા અને રવાપર વિસ્તારમાં સુલેમાનભાઈ પીંજારા અને એમની ટીમ જોડાયા હતા.

આગામી અઠવાડિયામાં કામગીરીમાં સમગ્ર નખત્રાણા તાલુકાને આવરી લેવામાં આવશે તેમજ ફિલ્ટર પાણીનું વેચાણ કરતા ફિલ્ટર પ્લાન્ટોની વિઝિટ લઈ તેમના પાણીના નમૂના લેવડાવી તેમના બેક્ટેરિયોલોજિકલ અને કેમિકલ ટેસ્ટ કરાવવામાં આવેલ છે તેવું તાલુકા સુપરવાઈઝર રિયાઝભાઈ શેખે જણાવ્યું હતું. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રવાપર સેજા હેઠળ ના બસ સ્ટેશન રોડ, હનુમાન મંદિર ચોક વિસ્તાર મા આવેલી પાણીપુરી, આઈસ્ક્રીમ, ખાવા પીવાની લારીઓ વગેરે નું ચેકીંગ કરી સ્વછતા, સફાઈ, ડિસ્પોઝબલ કપ, ગ્લાસ, પ્લેટ નો ઉપયોગ સ્વચ્છ પાણી વગેરે બાબતે સમજ આપવામાં આવી હતી.

# વ્યાપક તૈયારીઓ વચ્ચે મસ્કામાં પ્રેરણા સભા અંગે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

મસ્કા-કચ્છ ઉદય : માંડવી તાલુકાના મસ્કા ખાતે ડો. જ્ઞાનવત્સલ સ્વામીની પ્રેરણાત્મક સભાના ભવ્ય આયોજનને લઈને તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોંચી છે. આ સંદર્ભમાં માંડવી ચેમ્બર ઓફ કોમર્સના હોલ ખાતે વિવિધ સંસ્થાઓ, વેપારી આગેવાનો, જ્ઞાતિના પ્રતિનિધિઓ તથા પ્રબુદ્ધ નાગરિકોની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં કાર્યક્રમની સમગ્ર રૂપરેખા, વ્યવસ્થાપન અને સંકલન મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં ચેમ્બર પ્રમુખ વાડીલાલ દોશી તથા માંડવી મર્ચન્ટ્સ એસોસિએશન પ્રમુખ લીનેશ શાહના માર્ગદર્શન હેઠળ આગામી તા. ૨૪ એપ્રિલે શુક્રવારે સાંજે ૭ વાગ્યે મસ્કા ખાતે બચુભાઈ રાંભિયા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમાં યોજાનારી પ્રેરણા સભાને સફળ બનાવવા માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ અંગે વિગતવાર વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના આયોજન અધિકારી મૂલેશ દોશીએ સમગ્ર આયોજનની રૂપરેખા રજૂ કરીને ઉપસ્થિત સૌને જરૂરી માહિતી આપી હતી.

આ પ્રસંગે ચર્ચા દરમિયાન કાર્યક્રમના સુચારુ આયોજન માટે ટ્રાફિક વ્યવસ્થા, પાર્કિંગ સુવિધા, પ્રવેશ તથા નિષ્ક્રમણના માર્ગો અને ભીડ નિયંત્રણ જેવા મુદ્દાઓ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો, જેથી કાર્યક્રમ દરમિયાન કોઈ અવ્યવસ્થા સર્જાય નહીં અને સમગ્ર આયોજન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ શકે. પૂર્વ સરપંચ કીર્તિ ગોરે સ્વાગત પ્રવચન દરમિયાન સ્થાનિક સ્તરે સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી હતી તથા વ્યવસ્થાને વધુ સુઘડ બનાવવા માટે મહત્વપૂર્ણ સૂચનો રજૂ કર્યા હતા.

બેઠકમાં ડો. ચંદ્રકાંતભાઈ ચોથાણીએ બીએપીએસ સંસ્થાની વિવિધ આધ્યાત્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે પ્રેરણા સભાના ઉદ્દેશો પર પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે આવા કાર્યક્રમો સમાજમાં સકારાત્મક વિચારધારા, નૈતિક મૂલ્યો અને આધ્યાત્મિક જાગૃતિને પ્રોત્સાહન આપે છે.

ઉપસ્થિત તમામ આગેવાનોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંપૂર્ણ સહયોગ આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. જેમાં કાંતિભાઈ છભાડિયા, રજનીકાંત મહેતા, ડો. મૃગેશ બારડ, શાંતિલાલ ગણાત્રા સહિત અનેક સામાજિક, ધાર્મિક તથા વેપારી સંસ્થાના પ્રતિનિધિઓ જોડાયા હતા અને સૌએ એકજૂટ થઈ ભવ્ય સફળતા માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આ પ્રેરણા સભાને ધ્યાનમાં રાખીને આયોજકો દ્વારા ૨૪ એપ્રિલે સાંજે ૫:૩૦ વાગ્યાથી મસ્કા વિસ્તારમાં વેપારીઓને સ્વૈચ્છિક રીતે વેપાર બંધ રાખવા અપીલ કરવામાં આવી છે, જેથી કાર્યક્રમ દરમિયાન શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે. અંતે સમગ્ર વિસ્તારમાં આ સભાને લઈ ઉત્સાહ અને ઉત્કંઠાનો માહોલ જોવા મળી રહ્યો છે અને લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા માટે તૈયારી દર્શાવી રહ્યા છે.


# ભુજમાં વલ્લભાચાર્યજીની ૫૪૯મી જન્મજયંતી ભવ્ય શોભાયાત્રા

**દ્વારકાધીશ મંદિરથી ગોવર્ધનનાથજી હવેલી સુધી ભક્તિ ભાવભર્યો માહોલ : મંદિરોમાં દર્શન યોજાયા**

ભુજ - કચ્છ ઉદય : વલ્લભાચાર્યજીની ૫૪૯મી જન્મજયંતી પ્રસંગે ભુજ શહેરમાં ભક્તિ ભાવ પૂર્વક ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રા દ્વારકાધીશ મંદિરથી પ્રારંભ થઈ ગોવર્ધનનાથજી હવેલી સુધી પહોંચી હતી, જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. શોભાયાત્રા દરમિયાન માર્ગમાં આવતા વિવિધ મંદિરોને આવરી લેવામાં આવ્યા હતા અને ત્યાં ભક્તોએ દર્શન-પૂજન કરી ધર્મલાભ લીધો હતો. સમગ્ર માર્ગ પર "જય વલ્લભાચાર્યજી"ના જયઘોષથી ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.

અંતમાં ગોવર્ધનનાથજી હવેલી ખાતે વિશેષ ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો, જેમાં પલના દર્શન, નંદ ઉત્સવ તથા શયન દર્શન સહિતના પવિત્ર દર્શનોનો ભક્તોએ લાભ લીધો હતો. સાથે જ ૮૪ બેઠકનાં દર્શન પણ યોજાયા હતા, જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શહેરમાં આધ્યાત્મિક અને ભક્તિભાવનો માહોલ છવાઈ ગયો હતો અને શ્રદ્ધાળુઓએ જન્મજયંતી પ્રસંગને ઉત્સાહપૂર્વક ઉજવ્યો હતો.

# આજે અક્ષય તૃતીયા



ભુજ - કચ્છઉદય : આજે ખૂબ જ મહિમાવંત પવિત્ર દિવસ અક્ષયતૃતીયા છે,જેને રૂઢિગત બોલીમાં "અખાત્રીજ" તરીકે પણ ઓળખાય છે. કહેવાય છે કે આજના દિવસે કરેલા પુણ્યનો ક્યારેક ક્ષય થતો નથી. અક્ષય તૃતીયા (અખાત્રીજ) હિન્દુ ધર્મમાં અત્યંત પવિત્ર અને વણજોયું મુહૂર્ત છે, જે વૈશાખ માસના શુક્લ પક્ષની ત્રીજ પર ઉજવાય છે. 'અક્ષય' એટલે જેનો ક્યારેય નાશ ન થાય. આ દિવસે કરેલ દાન, પૂજા, જપ અને સોનાની ખરીદીનું ફળ અક્ષય (અમર) રહે છે આ દિવસ શુભ કાર્યો, નવા વ્યવસાય, લગ્ન અને સ્થિરતા લાવવા માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે આજના દિવસે કોઈ પણ શુભ કાર્ય લગ્ન, ગૃહપ્રવેશ, ખરીદી કરવા માટે પંચાંગ જોવાની જરૂર પડતી નથી, તે આખું મુહૂર્ત શુભ હોય છે અક્ષય તૃતીયાના દિવસે કરાયેલી લક્ષ્મી-કુબેર પૂજાની પૂજા ખૂબ જ ફળદાયી ગણાય છે.માતા લક્ષ્મી અને ભગવાન કુબેરની પૂજા કરવાથી ઘરમાં ધન-સમૃદ્ધિ સ્થિર રહે છે. અક્ષયતૃતીયાના કરાયેલા દાન-પુણ્યનું પણ અનેકગણું ફળ મળે છે.આ દિવસે ગંગાસ્નાન, પિતૃ તર્પણ, અને અન્ન/વસ્ત્રનું દાન કરવાથી પિતૃઓને મોક્ષ મળે છે. પુણ્ય મળે છે . અક્ષય તૃતીયાનું પૌરાણિક મહત્વ જોઈએ.આ દિવસે ભગવાન વિષ્ણુના નર-નારાયણ, હયગ્રીવ અને પરશુરામ અવતાર થયા હતા. ઉપરાંત આ દિવસે ત્રેતાયુગનો પ્રારંભ થયો હતો અને વેદ વ્યાસે મહાભારત લખવાનું શરૂ કર્યું હતું. આજના દિવસે સોનાની ખરીદીનુ મહત્વ છે. આ દિવસે સોનું કે કિંમતી વસ્તુઓની ખરીદી કરવાથી લક્ષ્મીજીની કૃપા કાયમ રહે છે અને સંપત્તિમાં વૃદ્ધિ થાય છે એવું મનાય છે. શું ન કરવું એ અંગે શાસ્ત્રના જાણકાર લોકો દ્વારા એવી સાવચેતી અપાય છે કે આ વર્ષની આજની અક્ષય તૃતીયા પર કાળી વસ્તુઓ, ધારદાર હથિયાર, પ્લાસ્ટિક અને એલ્યુમિનિયમની વસ્તુઓ ન ખરીદવી જોઈએ.

## યે પબ્લિક હૈ સબ જાનતી હૈ

# ગાંધીધામના વોર્ડ નં.૮ ના સપનાનગરમાં ''બારાતું સિંગીયા નેતા''ની પોલ ખુલી

## મતદારોના રોષ સામે ચપ્પલ મૂકીને ''બારાતું સિંગીયા નેતા''ને ભાગવાનો વારો આવ્યો

**લાખો રૂપિયાનો પગાર છોડીને માત્ર જનસેવા કરવા આવ્યા હોવાના મોટા-મોટા બણગાં ફૂંકતા બારાતું સિંગીયા નેતાને ગઈકાલે સ્થાનિક પ્રજાએ તેમની અસલી ઓકાત બતાવી દીધી**

**સેવાના ઓઠા હેઠળ રાજકારણમાં પગપેસારો કરવા માંગતા બારાતું સિંગીયા નેતાનો 'સેવાભાવી' પરપોટો હવે ફૂટી ગયો**

### ગાંધીધામમાં બારાતું સિંગીયા નેતાનો અસલી ચહેરો બેનકાબ : બ્લેકમેલિંગના ખોટા આરોપ લગાવનારા તકસાધુ નેતાને પ્રજાએ અરીસો દેખાડ્યો

ગાંધીધામ : ગાંધીધામના રાજકીય ફલક પર જનસેવાના ઓઠા હેઠળ ભ્રષ્ટાચાર અને ઠગાઈની હાટડી ખોલીને બેઠેલા એક બારાતું સિંગીયા નેતાની હાલત અત્યારે 'ઉલટા ચોર કોટવાલ કો દાંટે' જેવી થઈ છે. જે બારાતું સિંગીયા નેતા વર્ષોથી સત્તાના નશામાં ચૂર થઈને જનતાને છેતરતા આવ્યા છે, તેઓ આજે પોતાની પાપલીલા છુપાવવા માટે પ્રતિષ્ઠિત અખબારો અને મીડિયા પર બ્લેકમેલિંગના પાયાવિહોણા આરોપો લગાવી રહ્યા છે. પરંતુ આ તકસાધુ બારાતું સિંગીયા નેતાએ સમજવું જોઈએ કે અન્યની સામે આંગળી ચીંધતા પહેલા ખુદ અરીસામાં જોવાની જરૂર છે. શું ત્રણ દાયકાથી વધુ સમય સુધી પ્રજાના હૃદયમાં સ્થાન ધરાવતું અને નીડરતાથી સત્ય રજૂ કરતું અખબાર ક્યારેય બ્લેકમેલિંગના જોરે ટકી શકે? કડક, તટસ્થ અને સચોટ સમાચાર આપવા એ જ એક મજબૂત અખબારની ઓળખ હોય છે અને આ જ ઓળખથી ફફડી ઉઠેલા બારાતું સિંગીયા નેતા હવે પોતાની હલકટ વૃત્તિ પર ઉતરી આવ્યા છે.

ઠગ ભગત અને લેભાગુ જેવી છાપ ધરાવતા આ બારાતું સિંગીયા નેતાએ ક્યારેય કોઈને 'કોરું ફળિયું' પણ આપ્યું છે ખરું? જે માણસે જિંદગીમાં ક્યારેય કોઈને નિઃસ્વાર્થ ભાવે મફતની ચા પીવડાવવાની પણ ઓફર ન કરી હોય, તે આજે જનસેવાની મોટી મોટી વાતો કરી રહ્યો છે એ હાસ્યાસ્પદ છે. મજબૂત અખબારના નામે પોતાનું નામ ચગાવવાની કોશિશ કરનારા આ નફટ બારાતું સિંગીયા નેતાના કાળા કરતૂતોની હજુ તો આ શરૂઆત જ છે. સપના નગરમાં પ્રજાએ આપેલો પરચો એ માત્ર એક ટ્રેલર હતું. આગામી દિવસોમાં આ બારાતું સિંગીયા નેતાએ આચરેલા કૌભાંડોની આખી વણઝાર એક પછી એક બહાર આવવાની છે. હાલમાં તો જનતા માત્ર સંબંધિત વિસ્તારોમાં તેમની ઘેરાબંધી કરી રહી છે, પરંતુ જેમ જેમ આ બારાતું સિંગીયા નેતાના ભ્રષ્ટાચારના પુરાવાઓ સાર્વજનિક થશે, ત્યારે પ્રજાની જાગૃતિ એટલી હદે વકરી શકે છે કે આ બની બેઠેલા નેતાના મોઢે કાળી મેશ ચોપડીને તેમને વધુ વખત ખુલ્લા પાડવામાં આવે તો પણ નવાઈ નહીં હોય. સત્ય ક્યારેય દબાતું નથી અને પ્રજાની અદાલતમાં હવે આ ઠગ નેતાજીનો હિસાબ થવાનો સમય પાકી ગયો છે. સચોટ અને પુરાવા સાથેના અહેવાલોથી હવે આ બારાતું સિંગીયા નેતાએ ઊંધી પૂંછડીએ ભાગવાની તૈયારી રાખવી પડશે.

### જનતાનો અદાલતમાં બારાતું સિંગીયા નેતાને સવાલોનો મારો: "સેવા કરવા આવ્યા છો કે સત્તા ભોગવવા?"

ગાંધીધામ : ગાંધીધામના સપના નગરમાં બનેલી ઘટનાએ અનેક ગંભીર સવાલો ઉભા કર્યા છે. યુપીથી આવીને ગાંધીધામની ધરતી પર સેવાનો દાવો કરનારા આ બારાતું સિંગીયા નેતા સામે જાગૃત નાગરિકોએ પ્રશ્નોની ઝડી વરસાવી છે:

**૧.ક્યાં હતી અત્યાર સુધી તારી સેવા?** જે બારાતું સિંગીયા નેતા ક્યારેય વોર્ડના દુઃખ-સુખમાં દેખાયા નથી, જેમને લોકો ઓળખતા પણ નથી, તેઓ અચાનક ચૂંટણી જાહેર થતા જ ''સેવક'' કેવી રીતે બની ગયા?યુપીમાં ૧૫૦એકર જમીન, તો અહીં શું કામ? જો આપની પાસે ઉત્તર પ્રદેશમાં સેંકડો એકર જમીન અને અઢળક સંપત્તિ હોય, તો ગાંધીધામમાં મધ્યમવર્ગીય વિસ્તારોમાં મતોની ભીખ માંગવા નીકળવા પાછળનો અસલી ઈરાદો શું છે?

**૨.લાખોનો પગાર છોડ્યો કે મલાઈની લાલચ જાગી?** પાંચ આંકડાનો પગાર છોડીને રાજકારણમાં આવવાની વાત શું પ્રજાને મૂર્ખ બનાવવા માટે છે? શું સત્તામાં રહીને આનાથી વધુ ''વળતર'' મેળવવાની ગણતરી તો નથી ને?

**૩.ગાંધીધામમાં સ્થાનિક સેવકો ખૂટી પડ્યા છે?** શું આ સંકુલના પ્રશ્નો સમજવા માટે બહારથી આવેલા વ્યક્તિની જરૂર છે? શું સ્થાનિક લોકો પોતાના પ્રશ્નો ઉકેલવા સક્ષમ નથી કે તમારે ''સેવા'' કરવા આવવું પડ્યું?

**૪.વિરોધ થતા જ ભાગવું કેમ પડ્યું?** જો તમારો ઈરાદો સાચો અને પવિત્ર હોય, તો જનતાના સવાલોથી ડરીને ચપ્પલ મૂકીને ભાગવાની નોબત કેમ આવી? શું સાચો સેવક પ્રજાના રોષનો સામનો કરવાને બદલે મેદાન છોડી દે?

**૫.સેક્ટરના લોકો તમને કેમ સ્વીકારે?** સપના નગરમાં જે અરીસો બતાવવામાં આવ્યો છે, તેવો જ સત્કાર હવે સેક્ટર ૧, ૨, ૩ અને ૪ માં થશે તો તમારી પાસે શું જવાબ હશે?

**૬.શું આ માત્ર રાજકીય સ્ટંટ છે?** ''હું બહુ સુખી ઘરનો છું'' એવું વારંવાર કહીને શું તમે મતદારોની સાચી સમસ્યાઓ પર પડદો પાડવા માંગો છો?

ગાંધીધામની જનતા હવે જાગૃત છે. પેરાશૂટ ઉમેદવારો કે લોભામણી વાતો કરનારા બારાતું સિંગીયા નેતાને હવે ચાલવા દેવામાં આવશે નહીં. સપના નગરની આ ઘટના એ તમામ નેતાઓ માટે ચેતવણી સમાન છે જેઓ જનતાને ભોળી સમજી રહ્યા છે.

### પરપોટો ફૂટી ગયો, હવે અન્ય સેક્ટરોમાં પણ વિરોધની જ્વાળા

આ ઘટનાથી સંકુલના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. પોતે વારસાગત પૈસાદાર હોવાનો દાવો કરનારા આ શખ્સનો 'સેવાભાવી' પરપોટો સપના નગરમાં ફૂટી ચૂક્યો છે. લોકોમાં એવી ચર્ચા છે કે જો કોઈ વ્યક્તિ પાસે આટલી મિલકત હોય તો તે રાજકારણમાં માત્ર 'મલાઈ' તારવવા જ આવતો હોય છે. સપના નગરના લોકોએ બતાવેલી આ જાગૃતિ હવે સેક્ટર ૧, ૨, ૩ અને ૪ ના લોકો માટે પણ પ્રેરણા બની છે. આગામી દિવસોમાં આ વિસ્તારોમાં પણ આ બારાતું સિંગીયા નેતાને આવી જ રીતે ખદેડી મૂકવામાં આવશે તેવું ચર્ચાઈ રહ્યું છે.

ગાંધીધામ: ''યે પબ્લિક હૈ સબ જાનતી હૈ'' એ ઉક્તિ ગાંધીધામના વોર્ડ નંબર ૦૮ના સપના નગર વિસ્તારમાં ગઈકાલે સાચા અર્થમાં સાર્થક થતી જોવા મળી હતી. પોતાની પાસે યુપીમાં ૧૫૦ એકરથી વધુ ખેતીની જમીન હોવાના અને લાખો રૂપિયાનો પગાર છોડીને માત્ર જનસેવા કરવા આવ્યા હોવાના મોટા-મોટા બણગાં ફૂંકતા એક કહેવાતા નેતાજીને ગઈકાલે સ્થાનિક પ્રજાએ તેમની અસલી ઓકાત બતાવી દીધી હતી. ઉત્તર પ્રદેશથી અહીં આવીને મોટી વાતો કરનારા આ બારાતું સિંગીયા નેતા જ્યારે સપના નગરમાં મત માંગવા પહોંચ્યા ત્યારે જાગૃત મતદારોએ તેમનો ઉગ્ર વિરોધ કરી એવો તે પરસેવો લાવી દીધો હતો કે આ 'બની બેઠેલા' બારાતું સિંગીયા નેતાને પોતાના ચપ્પલ પણ સ્થળ પર મૂકીને ઊંધી પૂછડીએ નાસી છૂટવાની નોબત આવી હોવાની ચર્ચાએ આખા સંકુલમાં જોર પકડ્યું છે. વારસાગત રીતે પૈસાદાર હોવાનો દાવો કરનારા આ ઉમેદવાર સતત એવું રટણ કરી રહ્યા હતા કે તેઓ રાજકારણમાં મલાઈ ખાવા નહીં પણ લોકોની સેવા કરવા આવ્યા છે, પરંતુ સપના નગરના લોકોએ ગઈકાલે તેમને આકરો અરીસો બતાવતા કહી દીધું હતું કે, ગાંધીધામમાં સેવા કરનારા સ્થાનિકોની કોઈ કમી નથી, તો પછી યુપીથી આવીને અહીં સેવાના નામે નાટક કરવાની કોઈ જરૂર નથી. જે નેતાને ક્યારેય વોર્ડના લોકોએ જોયા નથી, જે ક્યારેય લોકોના પ્રશ્નોમાં ડોકાયા નથી, તેવા નેતા સામે લોકોએ બરાબરની ઘેરાબંધી કરી હતી. આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે મતદારો હવે લોભામણી વાતો કે ખોટા દેખાવમાં આવવાના નથી. સપના નગરના લોકોએ જે જાગૃતિ બતાવી છે, તેવી જ સ્થિતિ હવે આ વોર્ડના અન્ય વિસ્તારો જેવા કે સેક્ટર ૧, ૨, ૩ અને ૪ માં પણ સર્જાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

સેવાના ઓઠા હેઠળ રાજકારણમાં પગપેસારો કરવા માંગતા બારાતું સિંગીયા નેતાનો 'સેવાભાવી' પરપોટો હવે ફૂટી ગયો છે અને આગામી દિવસોમાં અન્ય વિસ્તારોમાંથી પણ તેમને ખદેડી મૂકવામાં આવે તેવો માહોલ ગરમાયો છે.

### અમદાવાદ મધ્યે પ્રિ- નેશનલ મેચમાં કચ્છના ક્રિકેટર પૂર્વ ભટ્ટનો ડંકો

**પ્રતિસ્પર્ધી ગ્રો ક્રીકેટ એકેડમીની અડધોઅડધ ટીમને પૂર્વ ભટ્ટએ એકલા હાથે કરી પેવેલીયન પરત : ૪ ઓવર્સમાં ૧૭ રન આપીને પાંચ કિંમતી વિકેટો ખેરવી ટીમની જીત સરળ બનાવી મેન ઓફ ધી મેચનો પૂર્વએ મેળવ્યો ખિતાબ**



**એસજીએફઆઈ દ્વારા અન્ડર ૧૭ ગુજરાત (રાષ્ટ્રીય) ક્રીકેટ ટીમમાં પસંદગી પામેલ પૂર્વએ પ્રશિક્ષણ મેચમાં કચ્છી ખમીર ચળકાવ્યું**

ગાંધીધામ : સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા તાજેતરમાં રાજયના શ્રેષ્ઠ ૭૦ ખેલાડીઓમાથી ૧૬ ક્રીકેટર્સની નેશનલ સ્કુલ ગેમ્સ અન્ડર ૧૭ વયજુથમાટેની ટીમની જાહેરાત કરવામા આવી હતી અને તેમાં કચ્છમાથી એક માત્ર ભુજની પીએમશ્રી કેન્દ્રીય વિદ્યાલય ન.૧ એરફોર્સ સ્ટેશનમાં અભ્યાસ કરતા પૂર્વ આનંદકુમાર ભટ્ટની પણ ગૌરવભેર પસંદગી થવા પામી છે.

પૂર્વ ભટ્ટ આગામી ૨૬મી એપ્રીલથી તેલંગાણાના ઝડચેરલા મધ્યે નેશનલ કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા ગુજરાતની ટીમમાંથી પ્રતિનિધિત્વ કરવા પ્રસ્થાન કરશે એ પહેલા વર્તમાન સમયે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત-નિકોલ-અમદાવાદ પ્રશિક્ષણ કેન્દ્ર મધ્યે તેઓ ટીમ સાથે પ્રિનેશનલ સ્તરની૧૦ દિવસીય તાલીમ ભરતભાઈ દેસાઈ અને રવિભાઈ ઝાલા, અનુપમભાઈ ના માર્ગદર્શન સાથે પ્રાપ્ત કરી રહ્યા છે. દરમ્યાન જ આ પ્રશિક્ષણના ભાગરૂપે તા.૧૮મીના રોજ ૨૦ ઓવર્સની લિમીટેડ મેચ બીબીપુરા-અમદાવાદ ગ્રાઉન્ડ મધ્યે એસએજી અન્ડર ૧૭ બોયઝ અને ગ્રો ક્રીકેટ એકેડમી વચ્ચે રમાઈ હતી. જેમા એસએજીએ અન્ડર ૧૭ બોયઝની ટીમ દ્વારા વ્રજ ત્રિવેદીના ૪ ચોગ્ગા અને ૩ છગ્ગાની ધુંઆધાર બેટીગથી ૧૫૯ રનનો ઝુમલો ખડકયો હતો. જેને ગ્રો ક્રીકેટ એકેડમીની ટીમને હાંસલ કરતા ભુજના ઉભરતા ક્રીકેર્ટર પૂર્વ ભટ્ટની ઘાતકી બોલીંગે અટકાવી દીધા હતા. ભુજના રાઈટર્મ લેગસ્પીનર પૂર્વ ભટ્ટએ પોતાના કાંડાની અનોખી કરામત દાખવી અને પ્રતિસ્પર્ધી ટીમની અડધોઅડધ વિકેટો એટલે કે પાંચ વિકેટો ચાર ઓવર્સમાં માત્ર ૧૭ રન આપી અને ઝડપી લેતા ગ્રો એકેડમી ટીમ માત્ર ૯૩ રનમાં જ ઓલઆઉટ થઈ કડુસલો બની જતા એસએજી અન્ડર ૧૭ બોયઝ ટીમની જીત સરળ બની જવા પામી હતી. પૂર્વ ભટ્ટે ટીમની જીતમાં ભજવેલી મહત્પવૂર્ણ ભુમિકા અને આખીય ટીમના પ્રમાણમાં ૨૩.૭૦ ટકાના આપેલ મહત્વપૂર્ણ યોગદાન બદલ તેને મેન ઓફ ધી મેચ તથા બેસ્ટ બોલર તરીકે જાહેર કરવામા આવ્યો હતો.

### ચૂંટણીમાં પત્નીના નામે 'પતિરાજ', કાગળ પર નારીશક્તિ પણ મેદાનમાં તો 'પુરુષો' જ !

**કચ્છમાં ૪૪૮ બેઠકો માટે ૧૦૯૦ ઉમેદવારો મેદાનમાં, પણ ૫૦ ટકા મહિલા બેઠકો પર માત્ર 'રબર સ્ટેમ્પ' ઉમેદવારોની જ બોલબાલાઃ પ્રચારમાં પણ મહિલાઓ ગાયબ**




ભુજ - કચ્છ ઉદય : કચ્છમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો જંગ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. જિલ્લા પંચાયતની ૩૮, ૯ તાલુકા પંચાયતની ૧૮૬, ૫ નગરપાલિકાની ૧૭૨ અને ગાંધીધામ મહાનગરપાલિકાની બાવન બેઠકો મળી કુલ ૪૪૮ બેઠકો પર ૧૦૯૦ ઉમેદવારો પોતાનું ભાગ્ય અજમાવી રહ્યા છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચેની સીધી ટક્કરમાં આમ આદમી પાર્ટી અને અપક્ષો 'એક્સ ફેક્ટર' સાબિત થવા મથી રહ્યા છે. જોકે, આ આંકડાકીય માયાજાળ વચ્ચે કચ્છના રાજકારણની એક વરવી વાસ્તવિકતા સામે આવી છે મહિલા સશક્તિકરણના દાવાઓ વચ્ચે પણ ગ્રામીણ વિસ્તારોમાં 'પત્નીના નામે પતિદેવ'નો વહીવટ યથાવત જોવા મળી રહ્યો છે. જો મતદારો આ વખતે પણ નામ પત્નીનું અને કામ પતિનું એવા ઉમેદવારોને જાકારો નહીં આપે, તો મહિલા અનામત માત્ર કાગળ પરનો આંકડો બનીને રહી જશે.

લોકશાહીના આ પર્વમાં હવે સમય પાકી ગયો છે કે ખરા અર્થમાં મહિલા નેતૃત્વ બહાર આવે અને રબર સ્ટેમ્પ કલ્ચરનો અંત આવે. શુક્રવારે સંસદમાં મહિલા અનામત બિલ મુદ્દે ભારે ઘમાસાણ જોવા મળ્યું હતું. એક તરફ સત્તાપક્ષ અને વિપક્ષ આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરી રહ્યા છે કે કોણ મહિલાઓનું હિતેચ્છુ છે, ત્યારે કચ્છનું ચિત્ર કંઈક અલગ જ વાર્તા કહી રહ્યું છે. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત અને નગરપાલિકાનો વીતેલો ઈતિહાસ સાક્ષી છે કે ચૂંટાયા પછી પણ મહિલાઓ માત્ર 'રબર સ્ટેમ્પ' બનીને રહી જાય છે. ફોર્મ ભરતી વખતે અને સહી કરતી વખતે જ મહિલાની હાજરી હોય છે, બાકીનો તમામ વહીવટ 'પુરુષ પ્રધાન' માનસિકતા જ સંભાળે છે.

#### ખુરશી મહિલાની, સત્તા પતિનીઃ પ્રચારમાં પણ 'પ્રતિનિધિ'નો દબદબો

નિયમ મુજબ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં અડધોઅડધ સીટો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે. એટલે કે કચ્છમાં પણ અંદાજે ૫૦ ટકા બેઠકો પર મહિલા ઉમેદવારો છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે પ્રચારના પોસ્ટરો હોય કે ખાટલા બેઠકો, મહિલા ઉમેદવાર ક્યાંય દેખાતા નથી! ગામડાઓમાં મહિલા ઉમેદવારના બદલે તેમના પતિ, પુત્ર કે અન્ય સગા-વહાલાઓ 'ઉમેદવાર પ્રતિનિધિ'ના નામે પ્રચાર કરી રહ્યા છે. જે મહિલાઓને ઘરની બહાર નીકળવાની પણ મનાઈ છે, તેઓના નામે મતો માંગવામાં આવી રહ્યા છે.

#### મતદારો માટે વિચારવાનો સમય : શું મહિલાઓ માત્ર વોટબેંક છે ?

સવાલ એ થાય કે, જો મહિલાઓને તક જ નથી આપવી, તો અનામતનો અર્થ શું? ગામડાની જે મહિલાઓના અવાજને બુલંદ કરવાની વાત છે, તે મહિલાઓ હજુ ઘરની બહાર પણ નીકળી શકી નથી. ઘણી જગ્યાએ તો મહિલા ઉમેદવારના ફોટા વગર માત્ર પુરુષોના જ પોસ્ટરો લાગ્યા છે.

**શ્રદ્ધાંજલિ**



**સ્વ. જીવાભાઈ કરશનભાઈ આહિર**
(પૂર્વ પ્રમુખ, કચ્છ જિલ્લા પંચાયત)
ગામ : રતનાલ, સ્વ.તા.૧૭-૦૪-૨૦૨૬

પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

- રાણાભાઈ રવાભાઈ ડાંગર
- જીવાભાઈ પાંચાભાઈ માતા
- લક્ષ્મણભાઈ રાણાભાઈ ડાંગર

HRD ગ્રુપ ઓફ કંપનીઝ - ધાણેટી

### જખૌના દરિયાઈ વિસ્તારમાંથી પકડાયેલા ૫૧.૭૯ કરોડના ડ્રગ્સ બાબતે નોંધાયો ગુનો

**અબડાસાના વિવિધ દરિયાઈ વિસ્તારમાં ગત વર્ષે પકડાયેલા બિનવારસુ ડ્રગ્સના સેમ્પલ રિપોર્ટ આવતા એક બાદ એક ફરિયાદ નોંધાઈ રહી છે : દર વખતે અજાણ્યા ઈસમો સામે દાખલ થાય છે ગુનો**

ભુજ - કચ્છ ઉદય : કચ્છના અબડાસા તાલુકાના દરિયો રકાબી આકારનો હોવાથી દરિયામાં કોઈપણ વસ્તુ ફેકાય તે તણાઈને કિનારા પર આવી જ જાય છે. ભૂતકાળમાં નેવીના વણ ફુટેલા સેલ, આખેઆખા ઓઈલના કન્ટેનર તણાઈને અબડાસાના કિનારે આવ્યા છે. દરિયો કોઈ વસ્તુ રાખતો નથી ત્યારે ઉનાળાની પૂર્ણાહૂતિ અને ચોમાસાના પ્રારંભના સમયગાળામાં ચરસના પેકેટ પણ તણાઈને આવે છે. દર વર્ષે કરોડો રૂપિયાના ડ્રગ્સના પેકેટ તણાઈને આવે છે. બીએસએફ, મરીન કમાન્ડો, આઈબી, પોલીસને આવા પેકેટ મળે છે પરંતુ દરિયામાં કોણ ફેંકે છે ? તે હજુ સુધી સામે આવી શક્યું નથી ત્યારે અબડાસાના દરિયાઈ વિસ્તારમાંથી મળી આવતા પેકેટ બાબતે એક બાદ એક ગુના દાખલ કરવામાં આવી રહ્યા છે.

જખૌ મરીન પોલીસમાંથી મળતી વિગતો મુજબ ગત ૧૨ એપ્રિલ ૨૦૨૩ થી ૨૫/૯/૨૦૨૩ દરમિયાન આ બનાવ બન્યો હતો. અબડાસા તાલુકાના જખૌ મરીન પોલીસ સ્ટેશનના ટાપુઓના દરિયાઈ કિનારાના વિસ્તારમાં ડ્રગ્સના પેકેટ તણાઈને આવ્યા હતા. કોઈ અજાણ્યા ઈસમોએ કોઈના મંગાવાથી કચ્છ જિલ્લાના દરિયાઈ માર્ગેથી હેરાફેરી દરમિયાન ઉપસ્થિત થયેલ વિપરીત પરિસ્થિતિના કારણે માદક પદાર્થ ચરસ તથા હેરોઈનનો જથ્થો બિનવારસી દરિયામાં ફેંકી દેતા કે અન્ય કોઈ કારણોસર બિનવારસુ માદક પદાર્થનો જથ્થો દરિયાઈ મોજા, ભરતી, ઓટની પ્રક્રિયા દરમિયાન તણાઈને કિનારા પર આવ્યો હતો. હેરોઈન અને ચરસના કુલ ૧૧૪ પેકેટ કબજે કરવામાં આવ્યા હતા. જેમાં ૧૩૪.૭૫૯ કિલો ગ્રામ ડ્રગ્સ હતું. જેની કિંમત ૪૮,૫૪,૬૬,૫૫૦ આંકવામાં આવી છે. માદક પદાર્થ મંગાવનાર તથા ગેરકાયદે હેરફેર કરનાર અજાણ્યા ઈસમો હાજર ન મળી આવતા જખૌ મરીન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. અન્ય કિસ્સા પર વાત કરીએ તો ૧૯/૪/૨૦૨૩ થી ૧૮/૫/૨૦૨૩ દરમિયાન પણ ડ્રગ્સ મળી આવ્યું હતું. જેમાં એમ્ફેટામાઈનના કુલ ૩ બોક્ષ મળી આવ્યા હતા. જેમાં ૩.૨૪૪ કિલો ડ્રગ્સ હતું જેની કિંમત ૩.૨૪ કરોડ આંકવામાં આવી છે. આમ ૫૧.૭૯ કરોડના માદક પદાર્થ બાબતે જખૌ મરીન પોલીસમાં અજાણ્યા ઈસમો દ્વારા ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

મહત્તવનું છે કે, જે-તે સમયે માલ પકડાય તે બાદ સ્થાનિક એફએસએલ અને તેના પછી નાર્કોટિક્સ બ્યૂરોમાં તપાસ માટે સેમ્પલ મોકલવામાં આવે છે ત્યાંથી રિપોર્ટ આવ્યા બાદ ડ્રગ્સ પુરવાર થાય તો ગુનો દાખલ કરવામાં આવે છે. ભવિષ્યમાં ડ્રગ્સનો નાશ કરવા કે આરોપી પકડાય તે માટે ગુનો દાખલ થયેલો હોવું જરૂરી બની રહે છે.

### ભીમાસર - ચકાસરમાં રસ્તાના ખોદકામ દરમિયાન લાશ મળી

**અજાણ્યા પુરુષની કોહવાઈ ગયેલી લાશ મામલે તર્કવિતર્ક તેજ**

અંજાર - કચ્છ ઉદય : તાલુકાના ભીમાસર - ચકાસર પાસે સાગા પ્લાય નજીક રોડ પર ખોદકામ કરવામાં આવ્યું ત્યારે લાશ મળી આવી હતી. અંજાર પોલીસમાંથી મળતી વિગતો મુજબ સાગા પ્લાય નજીક રોડ પર ખોદકામ કરવામાં આવી રહ્યું હતું ત્યારે કોઈ અજાણ્યા પુરુષની કોહવાઈ ગયેલી લાશ મળી આવી હતી. આ મામલે લાશને અંજાર હોસ્પિટલ ખસેડી પીએમ કરવામાં આવ્યું છે. કોઈએ અહીં દફનવિધિ કરી છે કે કેમ ? ક્યા કારણોસર મોત થયું હતું ? વ્યક્તિ કોણ છે ? તે સહિતની દિશામાં તપાસ કરવામાં આવી રહી છે. હાલ આ મામલે તર્કવિતર્કો તેજ બન્યા છે. અંજાર પોલીસે એડી દાખલ કરીને તપાસને આગળ ધપાવી છે.